ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# દીક્ષાદ્વાત્રિંશિકા

## શબ્દશઃ વિવેચન

### અઠ્ઠાવીશમી બત્રીશી



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજવિરચિત
દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા અંતર્ગત

# દીક્ષાદ્વાત્રિંશિકા

## શબ્દશઃ વિવેચન

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ.પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા
ષડ્દર્શનવેત્તા પ્રાવચનિક પ્રતિભાધારક સ્વ. પ.પૂ. મુનિપ્રવર
શ્રી **મોહજિતવિજયજી મહારાજ** તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા
વિદ્વાન ગણિવર્ય પ.પૂ. શ્રી **યુગભૂષણવિજયજી મહારાજ**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✪ સંકલન-સંશોધનકારિકા ✪

પ.પૂ. સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના
સામ્રાજ્યવર્તી ગચ્છાધિપતિ પ. પૂ. **હેમભૂષણસૂરીશ્વરજી** મહારાજના
આજ્ઞાવર્તિની તથા પ. પૂ. પ્રવર્તિની સાધ્વીજી **રોહિતાશ્રીજી** મહારાજના
શિષ્યા સાધ્વીજી **ચંદનબાલાશ્રી**

: પ્રકાશક :

गीतार्थ गंगा

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન**

✦ વિવેચનકાર ✦

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

વીર સં. ૨૫૩૩ ❖ વિ. સં. ૨૦૬૩

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૪૫-૦૦

卐 **આર્થિક સહયોગ** 卐

**શ્રી સુરત તપગચ્છ રત્નત્રયી આરાધક સંઘ ટ્રસ્ટ**

**શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરિ આરાધના ભવન સુભાષચોક, ગોપીપુરા, સુરત.**

પરમપૂજ્ય મહારાષ્ટ્રદેશોદ્ધારક સુવિશાલગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન, અધ્યાત્મયોગી, પ.પૂ. પં. પ્ર. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજાના શિષ્યરત્ન, મધુરભાષી પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય જિનપ્રભસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન તથા વાત્સલ્યનિધિ પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાનુવર્તી પ્રવચનકાર પૂ. મુ. શ્રી યુગપ્રભવિજયજી મ.સા. ના સદુપદેશથી ગ્રન્થ પ્રકાશનનો સંપૂર્ણ લાભ જ્ઞાનખાતાની રકમમાંથી લેવામાં આવ્યો છે.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૫૪

**૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.**

✻ મુદ્રક ✻

**મુદ્રેશ પુરોહિત**

સૂર્યા ઓફસેટ, આંબલીગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 : પ્રાપ્તિસ્થાન : 卐

*** અમદાવાદ :**

**"ગીતાર્થ ગંગા"**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ડી-૮૦૪, સમર્પણ ટાવર્સ, ઘરડા ઘર પાસે,
૧૩૨ ફૂટ રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨
(મો.) ૯૩૨૮૨૮૭૦૫૦

*** મુંબઈ :**

**નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૯૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર,
જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

*** પૂના :**

**Shri Maheshbhai C. Patwa**
1/14, Vrindavan Society,
B/h. Mira Society,
Nr. Anand Marg,
Off. Shankar Sheth Road,
Pune-411037.
☎ (020) 6436265

*** સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુ નિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૦૧૩૨૪૪

*** રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

*** BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-53.
☎ (080) (O) 22875262, (R) 22259925

*** જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્કસ
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –


૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વ્યાખ્યાનના ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મ. સા.**

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા.**

૧. યોગદષ્ટિસમુચ્ચય
૨. કર્મવાદ કર્ણિકા
૩. સદ્‌ગતિ તમારા હાથમાં !
૪. દર્શનાચાર
૫. શાસન સ્થાપના
૬. અનેકાંતવાદ
૭. પ્રશ્નોત્તરી
૮. ચિત્તવૃત્તિ
૯. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૦. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૧. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૨. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૫. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા. સંપાદિત**

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વ્યાખ્યાનના ગ્રંથો

### हिन्दी

**व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) म.सा.**

१. जैनशासन स्थापना
२. चित्तवृत्ति
३. श्रावक के बारह व्रत एवं विकल्प
४. प्रश्नोत्तरी

**संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब**

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના — સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ — સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનના ગ્રંથો

### ગુજરાતી

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન (અપ્રાપ્ય)
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' ગ્રંથની 'દીક્ષાદ્વાત્રિંશિકા'ના શબ્દશઃ વિવેચનના સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

**શ્રુતસદનના સૂત્રધાર ઉપાધ્યાયજી મહારાજા :-**

વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસનરૂપ ગગનને જ્ઞાનાલોકથી પ્રકાશિત અને પ્રભાવિત કરનારા મહાપુરુષો પૈકી સ્વ-પરદર્શનનિષ્ણાત, પ્રકાંડ વિદ્વાન, વિસ્તૃત-સચોટ-સ્પષ્ટ-સંદેહરહિત સાહિત્યના સમર્થસર્જક, સર્વનય-ગમ-ભંગ-પ્રમાણપૂર્વકની વાણી વહાવનાર, ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, મહોપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી** મહારાજાના નામ અને કામથી સહુ કોઈ સુપેરે પરિચિત છે.

વર્ષોની અખંડ સાધના અને જીવનના વિવિધ અનુભવોના પરિપાકરૂપે એક-એકથી ચડિયાતા ગ્રંથરત્નોનું સર્જન તેઓશ્રીએ કર્યું છે. એ ગ્રંથરત્નોનો પ્રકાશ અનેક જિજ્ઞાસુઓના અંતરને અજવાળતો રહ્યો છે. મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** મહારાજા સાહિત્ય જગતમાં 'લઘુહરિભદ્ર'ની પ્રસિદ્ધિને પામેલા છે. જીવનના અંત સુધી એમના સાહિત્યસર્જનનું કાર્ય ચાલતું જ રહ્યું છે. લગભગ અઢી દાયકા સુધી ઉપાધ્યાયપદે આરૂઢ રહીને તેઓશ્રીએ જિનશાસનને જયવંતુ રાખ્યું છે.

પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાની બહુમુખી પ્રતિભાએ ભાગ્યે જ કોઈ વિષય અણખેડ્યો રાખ્યો હશે. તેઓશ્રીએ જે વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે, એ બધા ગ્રંથો આજે ઉપલબ્ધ નથી, એમાંથી ઘણા જ થોડા ગ્રંથો ઉપલબ્ધ થાય છે. આગમ, ન્યાય, પ્રકરણ, યોગ, અધ્યાત્મ, વાદ, કથા, કાવ્ય વગેરે અનેક સાહિત્યની શાખાઓમાં તેમનું પ્રદાન અમૂલ્ય છે. ગુર્જર ભાષામાં પણ વિપુલ પ્રમાણમાં સ્તવન-સજ્ઝાય, રાસ-ટબા વગેરેની રચના તેઓશ્રીએ કરેલ છે.

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહોપાધ્યાયશ્રીએ રચેલા અનેક ગ્રંથોમાંનો આ દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથ પૂજ્ય ઉપાધ્યાયજીની એક અમરકૃતિરૂપ બેનમૂન ગ્રંથ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તેમાં બત્રીશ વિષયો ઉપર પ્રત્યેક વિષયવાર ૩૨-૩૨ શ્લોકોમાં આગમગ્રંથોનાં અને પૂર્વાચાર્યોનાં અર્થગંભીર વિશદ છણાવટવાળા ઉદ્ધરણો આપીને પ્રત્યેક વિષયની ઊંડી છણાવટ કરવામાં આવી છે, તથા ૫૦૫૦ શ્લોકપ્રમાણ અદ્ભુત, મનનીય 'તત્ત્વાર્થ દીપિકા' નામની સ્વોપજ્ઞવૃત્તિથી પૂ. ઉપાધ્યાયજીએ તેને સમલંકૃત કરીને તેની ઉપયોગિતા સિદ્ધ કરી છે.

પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા રચિત 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' ગ્રંથની ૨૮મી 'દીક્ષાદ્વાત્રિંશિકા'નું આ શબ્દશઃ વિવેચન કરવામાં આવેલ છે.

**દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા : દીક્ષાદ્વાત્રિંશિકા :-**

દીક્ષાદ્વાત્રિંશિકામાં **'દીક્ષા'** શબ્દનો વ્યુત્પત્તિ અર્થ ગ્રંથકાર શ્રી યશોવિજયજી મહારાજાએ કર્યો કે **"જે શ્રેયનું દાન કરે અને અશિવનું ક્ષપણ કરે"** તે દીક્ષા કહેવાય. "જે પ્રવૃત્તિથી સંસારના અનર્થરૂપ અશિવોનો નાશ થાય અને સદ્ગતિની પરંપરા દ્વારા પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિ થાય" તે દીક્ષા કહેવાય. પ્રસ્તુત દીક્ષાબત્રીશીમાં 'દીક્ષા' વસ્તુ શું છે, તેનું સચોટ નિરૂપણ કરવામાં આવેલ છે.

**દીક્ષાબત્રીશીમાં આવતા પદાર્થોનું સંક્ષિપ્ત કથન :-**

- (૧) નામદીક્ષા, (૨) સ્થાપનાદીક્ષા, (૩) દ્રવ્યદીક્ષા અને (૪) ભાવદીક્ષાનું સ્વરૂપ.
- દીક્ષાના પ્રારંભકાળમાં પ્રગટતી (૧) વચનક્ષમા, (૨) વચનમૃદુતા, (૩) વચનઋજુતા અને (૪) વચનનિરીહતાનું સ્વરૂપ.
- દીક્ષા સુઅભ્યસ્ત થાય ત્યારે પ્રગટતી (૧) ધર્મક્ષમા, (૨) ધર્મમૃદુતા, (૩) ધર્મઋજુતા અને (૪) ધર્મનિરીહતાનું સ્વરૂપ.
- (૧) ઉપકારક્ષમા, (૨) અપકારક્ષમા, (૩) વિપાકક્ષમા, (૪) વચનક્ષમા અને (૫) ધર્મક્ષમારૂપ પાંચ પ્રકારની ક્ષમા તથા તેનું સ્વરૂપ.

  ક્ષમાના આ પાંચ પ્રકારો છે. એ રીતે મૃદુતા, ઋજુતા અને નિરીહતા આદિના પણ પાંચ પાંચ પ્રકારો સમજવા.
- સદ્અનુષ્ઠાનના (૧) પ્રીતિઅનુષ્ઠાન, (૨) ભક્તિઅનુષ્ઠાન, (૩) વચનાનુષ્ઠાન અને (૪) અસંગાનુષ્ઠાનરૂપ ચાર ભેદોનું સ્વરૂપ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે મહાત્માઓ વચનાનુષ્ઠાન સેવીને અસંગાનુષ્ઠાનને પ્રાપ્ત કરે છે, તેમનામાં નિરતિચાર એવા ધર્મક્ષમાદિ ભાવો પ્રગટે છે. આવા મહાત્માઓ સર્વ ઉદ્યમથી શુદ્ધ આત્માના ભાવોને ઉત્તરોત્તર વૃદ્ધિ કરવા યત્ન કરે છે અને આવા સાધક મહાત્માઓને બાર મહિનાના સંયમપર્યાય પછી શુક્લધર્મ પ્રગટ થાય છે.

- ભગવાનના વચનાનુસાર સુદૃઢ પ્રયત્નપૂર્વક પ્રવર્તતી ક્ષણોનો દીક્ષાના પર્યાયરૂપે સ્વીકાર.
- મોહના ઉન્મૂલન માટે જેમનો યત્ન ન હોય તેમની દીક્ષા અનર્થકારી.
- દીક્ષામાં બાહ્યથી કેશમુંડન અને અંતરંગથી ઇંદ્રિયોનું અને કષાયોનું અપ્રવર્તન.
- દીક્ષાનું ગ્રહણ વીર પુરુષોનો દુષ્કર પંથ.
- મોહની આકુળતાથી રહિત શુદ્ધઉપયોગના આવિર્ભાવને અનુકૂળ દીક્ષા.
- દિગંબરોને અભિમત શુદ્ધઉપયોગરૂપ દીક્ષા મોક્ષનું કારણ, અને શુભઉપયોગરૂપ દીક્ષા સાક્ષાત્ મોક્ષનું કારણ નથી, તે મતનું ગ્રંથકારશ્રી દ્વારા નિરાકરણ; વસ્તુતઃ સમભાવનો પરિણામ મોક્ષ પ્રત્યે કારણ.
- દીક્ષા સામાયિકસ્વરૂપે એક અને ક્રિયાસ્વરૂપે ચિત્ર.
- જ્ઞાન-ક્રિયાના તુલ્ય બળથી શિષ્ટ પુરુષો વડે સદ્દીક્ષા પરમાનંદરૂપ મોક્ષને કરનાર છે, એ કથન.

આ રીતે દીક્ષાબત્રીશીમાં આવતા વિષયોની સમજૂતી સંક્ષેપમાં અહીં જણાવેલ છે. તે અંગે વિશેષ સમજૂતી 'દીક્ષાદ્વાત્રિંશિકામાં આવતા પદાર્થોની સંક્ષિપ્ત સંકલના' જોવાથી પ્રાપ્ત થશે; અને વિશેષ તો ટીકાની પંક્તિઓ ઉપરથી દીક્ષાબત્રીશીના પદાર્થોનું તૈયાર કરેલ શબ્દશઃ વિવેચન જોવાથી અપૂર્વ પદાર્થદર્શન થયાની અનુભૂતિ થશે.

મારી નાદુરસ્ત તબિયતના કારણે જંઘાબળ ક્ષીણ થતાં અમદાવાદ મુકામે પૂજ્યોની આજ્ઞાથી સ્થિરવાસ કરવાનું થયું છે. તે દરમ્યાન જીવનનું કાંઈક સદ્ભાગ્ય સમજું છું કે સતત યોગગ્રંથોના પઠન-પાઠનમાં રત પંડિતવર્ય **શ્રી પ્રવીણભાઈ** પાસે યોગગ્રંથો અને અધ્યાત્મગ્રંથોના વાચનનું સદ્આલંબન સાંપડ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમોના સારભૂત કહી શકાય એવા અને જે ગ્રંથોમાં યોગમાર્ગને સાંગોપાંગ આવરી લીધો છે, એવા અનેક ગ્રંથોનું ક્રમશઃ વાંચન ચાલી રહ્યું છે. સાથે સાથે એ વાંચનની સંકલના પણ રોજેરોજના પાઠની સ્વ સ્વાધ્યાય માટે કરીએ છીએ. તૈયાર થયેલી આ સંકલનાઓ અનેક તત્ત્વજિજ્ઞાસુવર્ગને આવા ઉત્તમ ગ્રંથો વાંચવાની સુગમતા રહે એ દૃષ્ટિથી ટીકા-ટીકાર્થ-શબ્દશઃ વિવેચન સહિત વચ્ચે વચ્ચે જોડાણ માટે અનેક ઉત્થાનો આપવાપૂર્વક ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે પ્રકાશિત કરવામાં આવે છે.

ઘણા શ્રમથી સાધ્ય આ સઘળું કાર્ય હોય છે, છતાં પરમાત્માની અચિંત્ય કૃપાશક્તિ, યોગમાર્ગસંદર્શક ઉપકારી પૂજ્ય ગુરુવર્યોની સતત વરસતી કૃપાદૃષ્ટિ, અનેક તત્ત્વજિજ્ઞાસુવર્ગની સદ્ભાવનાઓ, આ બધાના ફળસ્વરૂપે નાદુરસ્ત તબિયતમાં પણ વૈરાગ્યવર્ધક-સંવેગવર્ધક આ ગ્રંથોની શ્રુતભક્તિરૂપે જે આ કાર્ય થયું છે, અને તેનાથી વિશેષ તો છેલ્લા ૧૦ વર્ષોથી યોગગ્રંથોના શ્રવણ-મનન વગેરે કારણે યોગમાર્ગ પ્રત્યે મને જે રુચિ ઉલ્લસિત થઈ છે, અને દેવ-ગુરુની કૃપાથી આવા મહામૂલા ગ્રંથોના વાંચનથી જે યોગમાર્ગનો આંશિક બોધ પ્રાપ્ત થયો છે, તે પરિણતિના સ્તરે, આ જન્મમાં કે છેવટે જન્માંતરમાં પણ સુદેવત્વ-સુમનુજત્વની પ્રાપ્તિ દ્વારા વિશેષ યોગમાર્ગની પ્રાપ્તિ માટે ઉપકારક બને, એ જ ઉદ્દેશથી કરેલો આ પરિશ્રમ મારા માટે ખૂબ જ સાર્થક થયો છે. નાદુરસ્ત તબિયતમાં શરીર-સંયોગોની પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ આ ગ્રંથોના વિવેચનના પાઠ-લેખનના કાર્ય દ્વારા પ્રસન્નતા જળવાઈ રહી છે, અને ખરેખર ! ચિત્તની પ્રસન્નતા માટે ઉત્તમોત્તમ આ યોગગ્રંથો-અધ્યાત્મગ્રંથોના સ્વાધ્યાયરૂપ સંજીવનીએ ઔષધનું કાર્ય કરેલ છે.

આ **'દીક્ષાબત્રીશી'**ના સંપાદન કાર્યમાં હું તો નિમિત્તરૂપ છું. આની પાઠ સમયે સંકલના સહાધ્યાયી તત્ત્વજિજ્ઞાસુ **સ્મિતાબહેન, દેવુબહેન** આદિએ કરેલ છે અને આની પ્રેસકોપી તત્ત્વપ્રેમી **જિજ્ઞેશભાઈ**એ તૈયાર કરેલ છે. તે સિવાયનું બાકીનું શ્રુતભક્તિનું કાર્ય કરવામાં નિમિત્ત બનવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે, તેથી કૃતાર્થતા અનુભવું છું.

આ દીક્ષાદ્વાત્રિંશિકાના ગુજરાતી વિવેચનના પ્રૂફસંશોધન કાર્યમાં શ્રુતોપાસક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રી શાંતિલાલ શિવલાલ શાહ**નો સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે અને તેમણે પણ આવી ઉત્તમ દ્વાત્રિંશિકાના વાંચનનો-પ્રૂફસંશોધનનો લાભ મળવા બદલ કૃતાર્થતા વ્યક્ત કરેલ છે.

પ્રસ્તુત દ્વાત્રિંશિકા ગ્રંથનું વિવરણ લખવામાં કે સંકલન-સંશોધનાદિ કાર્યમાં છદ્મસ્થતાને કારણે તરણતારણ જિનેશ્વરદેવોની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ પદાર્થનું નિરૂપણ થયેલ હોય તો 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું.

પ્રાંતે સ્વ અધ્યાત્માદિ યોગોની નિર્મળતા માટે કરાયેલો આ પ્રયાસ સ્વ-પર ઉપકારક બને અને આ સંકલન-આલેખન કાર્ય અનુભવમાં પલટાય અને પ્રસ્તુત બત્રીશીના શ્લોક-૩૨માં મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** મહારાજાએ કહ્યું કે "સદ્દીક્ષા ક્રિયાસ્વરૂપે ચિત્ર છે અને સામાયિકસ્વરૂપે એક છે. જ્ઞાન-ક્રિયાના તુલ્યબળથી શિષ્ટ પુરુષો વડે સદ્દીક્ષા પરમાનંદરૂપ મોક્ષને કરનારી મનાઈ છે." તેથી મહાન પુણ્યોદયે પ્રાપ્ત થયેલી આ સદ્દીક્ષા મને અને સદ્દીક્ષા ગ્રહણ કરનાર સૌ કોઈને નિકટના ભવોમાં પરમાનંદપદની પ્રાપ્તિ કરાવનાર બને એ જ શુભકામના.

**'कल्याणमस्तु सर्वजीवानाम्'**

**વિ. સં. ૨૦૬૨,**
**તિથિ-વૈશાખ સુદ-૧૦,**
**તા. ૭-૫-૨૦૦૬,**
**એફ-૨, જેઠાભાઈ પાર્ક,**
**નારાયણનગર રોડ,**
**પાલડી, અમદાવાદ-૭.**

વ્યાખ્યાનવાચસ્પતિ પ.પૂ.આ. શ્રી **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના સામ્રાજ્યવર્તી ગચ્છાધિપતિ પ.પૂ. **હેમભૂષણસૂરિ** મહારાજના આજ્ઞાવર્તિની તથા પ.પૂ. સમતામૂર્તિ પ્રવર્તિની સા. **રોહિતાશ્રીજી** મહારાજના શિષ્યા સા. **ચંદનબાલાશ્રી**

卐 卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૮મી 'દીક્ષાદ્વાત્રિંશિકા'માં આવતા પદાર્થોની સંક્ષિપ્ત સંકલના

૨૭મી ભિક્ષુબત્રીશીમાં કર્મને જે ભેદે તે ભિક્ષુ કહેવાય, એ વ્યુત્પત્તિથી ભિક્ષુનું સ્વરૂપ બતાવ્યું. હવે તે ભિક્ષુ દીક્ષાથી યુક્ત હોય છે, તેથી પ્રસ્તુત બત્રીશીમાં દીક્ષાનું સ્વરૂપ ગ્રંથકાર શ્રી ઉપાધ્યાયજી **યશોવિજયજી** મહારાજા બતાવે છે :-

**'દીક્ષા' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ :-**

'દીક્ષા' શબ્દમાં 'દી' અને 'ક્ષા' એ બે શબ્દો છે. તે શબ્દોને આશ્રયીને 'દી'નો અર્થ દાન થાય અને 'ક્ષ'નો અર્થ ક્ષપણ થાય. તેથી જે શ્રેયનું દાન કરે અને અશિવનું ક્ષપણ કરે, તે દીક્ષા કહેવાય, આ પ્રકારનો દીક્ષાનો વ્યુત્પત્તિ અર્થ છે. તેથી એ ફલિત થાય કે જે પ્રવૃત્તિથી સંસારના અનર્થરૂપ અશિવોનો નાશ થાય અને સદ્ગતિની પરંપરા દ્વારા પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિ થાય તે દીક્ષા કહેવાય.

જે જીવને સંસારના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થયું છે, તેથી ભવથી વિરક્ત થઈને જેણે સંયમ ગ્રહણ કર્યું છે અને શાસ્ત્ર જાણીને ભગવાનના વચનના પરમાર્થનો બોધ કર્યો છે, તેવા જ્ઞાની પુરુષને નિયમથી આ દીક્ષા હોય છે; અને તેવા જ્ઞાની પુરુષને જેઓ પરતંત્ર હોય છે, તેમને પણ દીક્ષા હોય છે; કેમ કે ભગવાનના વચનના પરમાર્થને જાણનારા એવા જ્ઞાની પુરુષ, અને તે જ્ઞાનીને પરતંત્ર રહેનારા એવા યોગી પુરુષ, સર્વ ઉદ્યમથી ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરીને સંસારના બીજભૂત મોહનું ઉન્મૂલન કરે છે, તેથી મોહને કારણે જે અનર્થોની પરંપરા હતી, તેનું ક્ષપણ થાય છે, અને અમોહી ચિત્ત થવાથી કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે.

આ દીક્ષા શાસ્ત્રવિધિ અનુસાર નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવસ્વરૂપ છે.

(૧) **નામદીક્ષા**=દીક્ષા આપતી વખતે પૂર્વના નામનો ત્યાગ કરાવીને, દીક્ષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેનાર સાધુની યોગ્યતાને અનુસાર નામનો ન્યાસ કરવામાં આવે છે, તેથી કોઈ સાધુનું પ્રશાંત નામ કરવામાં આવેલ હોય તો તે સાધુ પોતાના નામસ્મરણના બળથી ચિત્તને પ્રશાંત રાખીને યોગમાર્ગમાં સુદૃઢ યત્ન કરી શકે છે.

(૨) **સ્થાપનાદીક્ષા**=સ્થાપના આકારવિશેષરૂપ છે અર્થાત્ સાધુના વેષરૂપ છે. દીક્ષા ગ્રહણ કરતી વખતે રજોહરણ-મુખવસ્ત્રિકાદિ સાધુવેશ ધારણ કરવા દ્વારા તે વેશને અનુરૂપ ભાવથી યુક્ત પ્રવૃત્તિ કરવાને કારણે સ્થાપનાથી ભાવરોગોનો નાશ થાય છે અને ભાવ આરોગ્યની વૃદ્ધિ થાય છે. તેથી સ્થાપના દીક્ષા આરોગ્યને કરનારી છે.

(૩) **દ્રવ્યદીક્ષા**=સાધુ સંયમ ગ્રહણ કરે પછી આચારાદિ શ્રુતનું અધ્યયન કરે અને સકલ સાધુસામાચારીનું પાલન કરે તે દ્રવ્યદીક્ષા છે. તે દ્રવ્ય આચરણાથી મોહના ઉન્મૂલનને અનુકૂળ કરાયેલી વ્રતની પ્રતિજ્ઞામાં સ્થૈર્ય થાય છે, તેથી દ્રવ્યદીક્ષા આત્મામાં સ્થિર ભાવ પ્રગટ કરવાનું કારણ છે.

(૪) **ભાવદીક્ષા**=દીક્ષા ગ્રહણ કરતી વખતે 'ભગવાનનું વચન જ પરમાર્થ છે, શેષ સર્વ અનર્થ છે', તે પ્રકારની સ્થિર રુચિ થાય છે, તે રુચિને કારણે ભગવાનના વચનના પરમાર્થને જાણવા માટે વિશેષ ઉદ્યમ થાય છે, અને તે ભગવાનના વચનના પરમાર્થના બોધને અનુરૂપ આત્માને ભાવિત કરવા માટેનો યત્ન થાય છે. આ ત્રણ જીવની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની પરિણતિ છે. આ પરિણતિ તે દીક્ષા ગ્રહણકાળનો જીવનો ભાવ છે, અને આ ભાવ ઉત્તરોત્તર પ્રકર્ષને પામીને આચાર્યાદિ વિશિષ્ટ ભાવોને આત્મામાં પ્રગટ કરનાર બને છે, અને અંતે સિદ્ધપદને પ્રગટ કરનાર બને છે.

**દીક્ષાના પ્રારંભકાળમાં વચનક્ષમાદિ ભાવો, દીક્ષા સુઅભ્યસ્ત થાય ત્યારે ધર્મક્ષમાદિ ભાવો :-**

દીક્ષાના પ્રારંભકાળમાં વચનક્ષમા, વચનમૃદુતા આદિ ભાવો આવે છે, અને દીક્ષા સુઅભ્યસ્ત થાય ત્યારે ધર્મક્ષમા, ધર્મમૃદુતા આદિ ભાવો આવે છે. વળી દીક્ષાના પ્રારંભમાં ભગવાનના વચનના સ્મરણથી વીતરાગભાવને અનુકૂળ એવા ઉચિત યત્નરૂપ અનુષ્ઠાનનું સેવન થાય છે અને દીક્ષા સુઅભ્યસ્ત બને છે ત્યારે સર્વ ભાવો પ્રત્યેના સંગ વગરના જીવના પરિણામરૂપ અસંગઅનુષ્ઠાન પ્રગટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પાંચ પ્રકારની ક્ષમાની જેમ મૃદુતાદિ ભાવો પણ પાંચ પ્રકારે :-**

વળી દીક્ષામાં પ્રગટ થતા ક્ષમા મૃદુતા, ઋજુતા અને નિરીહતા, આ ચારે ભાવો અપેક્ષાએ પાંચ ભેદવાળા છે : (૧) ઉપકારક્ષમા, (૨) અપકારક્ષમા, (૩) વિપાકક્ષમા, (૪) વચનક્ષમા અને (૫) ધર્મક્ષમા. આ પ્રકારે ક્ષમા પાંચ ભેદવાળી છે, તેમ મૃદુતાદિ ભાવો પણ પાંચ ભેદવાળા છે.

(૧) **ઉપકારક્ષમા** એટલે પોતાના ઉપર કરાયેલા ઉપકારને યાદ કરીને ઉપકારીના પ્રતિકૂળ વચનમાં પણ ક્રોધ, અરુચિ આદિ ભાવોનો અભાવ.

(૨) **અપકારક્ષમા** એટલે પોતે કોઈના પ્રત્યે ગુસ્સો કરશે, તો તેના તરફથી પોતાને અપકાર થશે, એ પ્રકારના ચિંતવનથી ક્રોધાદિ ભાવોનો અભાવ.

(૩) **વિપાકક્ષમા** એટલે અક્ષમાના પરિણામોનો વિપાક અનર્થકારી છે, તેમ વિચારીને ક્રોધાદિ ભાવોનો અભાવ.

(૪) **વચનક્ષમા** એટલે ભગવાનનું વચન અપ્રમાદભાવથી વીતરાગતાને પ્રગટ કરવાનો ઉપદેશ આપે છે, એ પ્રકારના ભગવાનના વચનના પર્યાલોચનથી ક્રોધાદિ ભાવોનો અભાવ.

(૫) **ધર્મક્ષમા** એટલે જીવની સહજ પ્રકૃતિ શુદ્ધ આત્મભાવોમાં વિશ્રાંત થાય તેવી પ્રગટે, ત્યારે ચંદનગંધન્યાયથી ક્ષમાનો પરિણામ વર્તે છે, તે ધર્મક્ષમા છે.

આ રીતે માર્દવતા આદિ ભાવોનું પણ સમાલોચન કરવું.

**સદ્અનુષ્ઠાનના ચાર ભેદોનું સ્વરૂપ :-**

વળી સદનુષ્ઠાન ચાર પ્રકારનાં છે :-

(૧) પ્રીતિઅનુષ્ઠાન, (૨) ભક્તિઅનુષ્ઠાન, (૩) વચનાનુષ્ઠાન અને (૪) અસંગઅનુષ્ઠાન.

દીક્ષાકાળમાં વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ છે, અને દીક્ષા સુઅભ્યસ્ત થાય છે ત્યારે અસંગઅનુષ્ઠાન આવે છે.

**(૧) પ્રીતિઅનુષ્ઠાન :-**

જેઓ હજી દીક્ષાના પરિણામને પામ્યા નથી, છતાં ભગવાનના વચન પ્રત્યેની પ્રીતિથી દીક્ષા ગ્રહણ કરીને દીક્ષાના આચારોને પ્રીતિપૂર્વક સેવે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ભગવાનના વચનના પરમાર્થને જાણવા માટે શક્ય ઉદ્યમ કરે છે, તેઓની આભ્યાસિકી દીક્ષા **પ્રીતિઅનુષ્ઠાનરૂપ** છે.

**(૨) ભક્તિઅનુષ્ઠાન :-**

જેઓને દીક્ષાના પારમાર્થિક સ્વરૂપનો બોધ છે, તેથી દીક્ષા એ વર્તમાનમાં ચિત્તના અસંક્લેશરૂપ છે, તેવો પણ બોધ છે, અને આ સદ્દીક્ષા કલ્યાણની પરંપરાને કરનાર છે અને દુર્ગતિઓનો ઉચ્છેદ કરનાર છે, તેવો પણ બોધ છે, તેથી દીક્ષાના ગુણ પ્રત્યે બહુમાન વર્તે છે, આમ છતાં ભગવાનના વચનને પરતંત્ર થઈને દીક્ષાનું પાલન કરી શકતા નથી, તેઓની આભ્યાસિકી દીક્ષા ભક્તિઅનુષ્ઠાનરૂપ છે.

આ પ્રીતિઅનુષ્ઠાન અને ભક્તિઅનુષ્ઠાનમાં ઉપકારક્ષમા, અપકારક્ષમા અને વિપાકક્ષમા હોય છે, પરંતુ વચનક્ષમા અને ધર્મક્ષમા નથી. તેથી પ્રીતિઅનુષ્ઠાન અને ભક્તિઅનુષ્ઠાન દીક્ષારૂપ નથી, પરંતુ દીક્ષાના પરિણામને પ્રગટ કરવાને અનુકૂળ આભ્યાસિકી દીક્ષારૂપ છે.

**(૩) વચનઅનુષ્ઠાન :-**

જેઓને ભાવથી દીક્ષા પરિણમન પામેલી છે તેવા સાધુઓ દીક્ષાના પ્રારંભકાળથી ભગવાનના વચનને પરતંત્ર થઈને મન, વચન અને કાયાની સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે; કેમ કે ભગવાનનું વચન ક્ષણભર પણ પ્રમાદ વગર શુદ્ધ આત્મભાવને પ્રગટ કરવા માટે સર્વ ઉચિત અનુષ્ઠાન સેવન કરવાનું કહે છે અને જેઓ ભગવાનના વચનના નિયંત્રણથી સર્વ ઉચિત અનુષ્ઠાન સેવે છે, તેઓમાં વચનઅનુષ્ઠાન વર્તે છે, તેથી તેઓને ભગવાનના વચનના બળથી ક્ષમાદિ ચારેય ભાવો ઉત્તરોત્તર પ્રકર્ષવાળા થાય છે.

**(૪) અસંગઅનુષ્ઠાન :-**

વચનઅનુષ્ઠાન સુઅભ્યસ્ત બને છે, ત્યારે તે મહાત્મા અસંગઅનુષ્ઠાનને પ્રાપ્ત કરે છે. વચનઅનુષ્ઠાનમાં વચનક્ષમાદિ ભાવો છે અને અસંગઅનુષ્ઠાનમાં ધર્મક્ષમાદિ ભાવો છે.

વળી વચનઅનુષ્ઠાનકાળમાં સાધુને ક્યારેક સૂક્ષ્મ અતિચારો લાગે છે અને તે પણ વિરલ હોય છે અર્થાત્ સતત લાગતા નથી; અને પ્રીતિઅનુષ્ઠાન અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તિઅનુષ્ઠાનકાળમાં સ્થૂલ અતિચારો લાગે છે અને ઘન અતિચારો વર્તે છે અર્થાત્ નિરંતર અતિચારો વર્તે છે.

આનાથી એ ફલિત થાય કે આભ્યાસિકી દીક્ષારૂપ જે પ્રીતિઅનુષ્ઠાન અને ભક્તિઅનુષ્ઠાન છે, તે અનુષ્ઠાનમાં ક્ષમાદિ ભાવો વર્તે છે, તોપણ ભાવદીક્ષાને અભિમત એવા ક્ષમાદિ ભાવો નથી, તેથી સંયમના આચારો પણ ભગવાનના વચનના નિયંત્રણ અનુસાર થતા નથી. તેથી સ્થૂલ અને સતત અતિચારો વર્તે છે. વચનઅનુષ્ઠાનકાળમાં ભાવથી દીક્ષા પ્રગટેલી છે, તેથી સાધક આત્મા ભગવાનના વચનને પરતંત્ર થઈને મોહના ઉન્મૂલન માટે સતત ઉદ્યમ કરે છે. આમ છતાં અનાભોગથી કે સહસાત્કારથી અનુષ્ઠાનમાં ક્વચિત્ સ્ખલનાઓ થાય છે; કેમ કે સદ્અનુષ્ઠાન જીવની પ્રકૃતિરૂપે થયેલ નથી અને વળી તે મહાત્મા વચનઅનુષ્ઠાન સેવીને અસંગઅનુષ્ઠાન પ્રાપ્ત કરે છે, ત્યારે નિરતિચાર એવા ધર્મક્ષમાદિ ભાવો પ્રગટે છે. તેથી તે મહાત્મા સર્વ ઉદ્યમથી શુદ્ધ આત્માના ભાવોને ઉત્તરોત્તર વૃદ્ધિ કરવા યત્ન કરે છે, અને આવા સાધક બાર મહિનાના સંયમ પર્યાય પછી શુક્લત્વ ધર્મને પ્રાપ્ત કરે છે અર્થાત્ તેના ક્ષમાદિભાવો શુક્લ બને છે.

**ભગવાનના વચનાનુસાર સુદૃઢ પ્રયત્નપૂર્વક પ્રવર્તતી ક્ષણોનો દીક્ષાના પર્યાયરૂપે સ્વીકાર :-**

દીક્ષાના ગ્રહણથી માંડીને કેટલા વર્ષનું સંયમ પાલન છે, તેની ગણના સ્થૂલ વ્યવહારથી થાય છે. પરમાર્થથી તો ભગવાનના વચનાનુસાર સુદૃઢ વ્યાપારરૂપ ગુણનો વિઘાત ન થાય તેવી જેટલી ક્ષણો છે, તેટલી ક્ષણો સંયમનો પર્યાય ગણાય છે; કેમ કે જે મહાત્મા જેટલી ક્ષણો સુભટની જેમ મોહના ઉન્મૂલન માટે અપ્રમાદથી યત્ન કરે તેટલી ક્ષણો કલ્યાણને કરનારી છે. તે સિવાયની ક્ષણો કલ્યાણને કરનારી નથી અને અશિવનું ક્ષપણ કરનારી નથી માટે સાધુની તે ક્ષણો દીક્ષાનો પર્યાય નથી.

**જેમનો મોહના ઉન્મૂલનને અનુકૂળ યત્ન ન હોય તેમની દીક્ષા અનર્થકારી :-**

જેઓને બાહ્ય વિષયો પ્રત્યેનો અનુરાગ ઓછો થયો નથી, તેથી દીક્ષા ગ્રહણ કર્યા પછી પણ મોહના ઉન્મૂલનને અનુકૂળ લેશ પણ યત્ન કરતા નથી, તેઓની દીક્ષા અનર્થને કરનારી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દીક્ષામાં બાહ્યથી કેશરહિત અને કાયાનું પીડન અંતરંગથી ઈન્દ્રિયોનું અને કષાયોનું અપ્રવર્તન :-**

દીક્ષામાં મસ્તકનું મુંડન કરવામાં આવે છે અને અંતરંગ રીતે ઇન્દ્રિયોનું અને કષાયોનું અપ્રવર્તન કરવામાં આવે છે, તેને 'દીક્ષા' કહેવાય.

વળી દીક્ષા ગ્રહણ કરનાર સંસારના કૌટુંબિક સંબંધનો ત્યાગ કરીને ઉપશમના પરિણામને પ્રાપ્ત કરતાં પ્રથમ ભૂમિકામાં કાયાનું થોડું પીડન કરે છે, શાસ્ત્રથી સુઅભ્યસ્ત થયા પછી વિશેષથી પીડન કરે છે અને અંતે આહારાદિ ત્યાગ કરીને અત્યંત પીડન કરે છે.

**દીક્ષાનું ગ્રહણ વીર પુરુષોનો દુષ્કર પંથ :-**

દીક્ષાનું ગ્રહણ એ વીર પુરુષોનો દુષ્કર પંથ છે. તેઓ દીક્ષા ગ્રહણથી માંડીને બાહ્ય યુદ્ધથી વિરામ પામેલા છે અને દુર્લભ વૈરી એવા શરીરરૂપ શત્રુ સાથે યુદ્ધ કરે છે. આ શરીર જીવનો પરમ શત્રુ છે; કેમ કે શરીરનું જે કંઈ પાલન કરવામાં આવે તેના દ્વારા જીવને અહિતની પ્રાપ્તિ થાય તેવા કર્મબંધની પ્રાપ્તિ થાય છે. તેથી જેઓને શરીરાદિનો અનુરાગ ગયો નથી, તેઓ કદાચ દીક્ષા ગ્રહણ કરીને સંયમનું પાલન કરતા હોય, તોપણ તેઓની સર્વ પ્રવૃત્તિ ક્રોધાદિ નિયત છે અર્થાત્ ક્રોધાદિ ભાવોની વૃદ્ધિને અનુકૂળ સર્વ આચારો છે.

**મોહની આકુળતાથી રહિત શુદ્ધઉપયોગના આવિર્ભાવને અનુકૂળ દીક્ષા :-**

વળી દીક્ષામાં વર્તતા સાધુ અસંગભાવની વૃદ્ધિ અર્થે ભિક્ષાટનાદિ પ્રવૃત્તિ કરે છે અને સર્વ જીવોમાં સમભાવવાળા છે. તેથી કોઈપણ પ્રવૃત્તિમાં અરતિ કે કોઈપણ વિષયમાંથી આનંદનો અવકાશ નથી. તેથી દીક્ષાને શુદ્ધઉપયોગરૂપ શાસ્ત્રકારોએ સ્વીકારેલ છે અર્થાત્ મોહની આકુળતાથી રહિત એવા શુદ્ધ આત્માના આવિર્ભાવને અનુકૂળ ઉપયોગરૂપ સ્વીકારેલ છે.

**દિગંબરોને અભિમત શુદ્ધઉપયોગરૂપ દીક્ષા મોક્ષનું કારણ અને શુભઉપયોગરૂપ દીક્ષા સાક્ષાત્ મોક્ષનું કારણ નથી, તેનું ગ્રંથકારશ્રી દ્વારા નિરાકરણ :-**

વળી દિગંબરો શુભઉપયોગરૂપ દીક્ષા અને શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો ભેદ કરીને કહે છે કે "શુદ્ધઉપયોગરૂપ દીક્ષા મોક્ષનું કારણ છે, શુભઉપયોગરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા સાક્ષાત્ મોક્ષનું કારણ નથી," તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે દીક્ષાના પ્રારંભકાળમાં પણ મુનિ સમભાવના ઉપયોગવાળા છે, અને ધ્યાનકાળમાં પણ મુનિ સમભાવના ઉપયોગવાળા છે. તેથી મુનિનો સર્વ ઉદ્યમ વીતરાગ થવાને અનુકૂળ છે. ફક્ત અધ્યાત્માદિ યોગની ભૂમિકા પ્રારંભિક છે અને ધ્યાનની ભૂમિકા ઉપરની છે, તે રૂપ શુભઉપયોગરૂપ દીક્ષા અને શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો ભેદ સ્વીકારી શકાય; પરંતુ દિગંબરો શુદ્ધઉપયોગરૂપ દીક્ષાને મોક્ષનું કારણ સ્વીકારે છે અને શુભઉપયોગરૂપ દીક્ષાને મોક્ષનું કારણ સ્વીકારતા નથી, તે વચન યુક્તિરહિત છે.

**દીક્ષા સામાયિકસ્વરૂપે એક અને ક્રિયાસ્વરૂપે ચિત્ર :-**

વસ્તુતઃ શાસ્ત્રમાં સમભાવના પરિણામને મોક્ષ પ્રત્યે કારણ કહેલ છે અને શાસ્ત્રમાં બકુશાદિ પાંચ ભેદોથી નિર્ગ્રંથોને બતાવીને સમભાવનો પરિણામ ચિત્ર પ્રકારનો બતાવ્યો છે. તેનો વિચાર કર્યા વગર દીક્ષા શુદ્ધએકરૂપ છે અર્થાત્ પરમઉપેક્ષારૂપ છે, એમ જે દિગંબરો કહે છે, તે મિથ્યાવચન છે. દીક્ષા સામાયિકસ્વરૂપે એક અને ક્રિયાસ્વરૂપે ચિત્ર છે, તેથી આદ્ય ભૂમિકાવાળા યોગીઓ અધ્યાત્માદિની પ્રવૃત્તિ કરે છે અને ઉપરિતન ભૂમિકાવાળા યોગીઓ ધ્યાનમાં પ્રયત્ન કરે છે, આમ છતાં જ્ઞાન-ક્રિયામાં તુલ્ય યત્ન કરીને જેઓ સંયમ પાળે છે, તેમની દીક્ષા મોક્ષપ્રાપ્તિનું કારણ છે.

છદ્મસ્થતાને કારણે પ્રસ્તુત વિવેચનમાં વીતરાગ ભગવંતની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અજાણતાં કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું.

**– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વિ. સં. ૨૦૬૨,**
**તિથિ–વૈશાખ સુદ–૧૦,**
**તા. ૭–૫–૨૦૦૬ ,**
**૩૦૨, વિમલવિહાર,**
**સરસ્વતી સોસાયટી, પાલડી,**
**અમદાવાદ–૭.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | ‘દીક્ષા’ શબ્દનો નિરુક્ત અર્થ. | ૧-૪ |
| ૨. | જ્ઞાનીની નિશ્રાવાળામાં દીક્ષા હોય, તેનું દૃષ્ટાંત દ્વારા કથન. | ૪-૬ |
| ૩ | દીક્ષા વખતે કરાતા નામાદિના ન્યાસની સફળતા કઈ રીતે છે, તેનું કથન. | ૬-૮ |
| ૪. | (i) નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ચાર નિક્ષેપાનાં કાર્યો.<br>(ii) સમુદિત એવા નામાદિનાં કાર્યો. | ૮-૧૧ |
| ૫. | (i) દીક્ષામાં પ્રથમ વચનક્ષાંતિ અનંતર ધર્મક્ષાંતિની પ્રાપ્તિ.<br>(ii) વચનાનુષ્ઠાનથી અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ. | ૧૧-૧૭ |
| ૬. | ઉપકારક્ષમા આદિ પાંચ પ્રકારની ક્ષમાનું સ્વરૂપ. | ૧૭-૧૯ |
| ૭. | (i) પ્રીતિ આદિ ચાર પ્રકારનાં અનુષ્ઠાનોનું સ્વરૂપ.<br>(ii) પાંચ પ્રકારની ક્ષમાનું ચાર પ્રકારનાં અનુષ્ઠાનો સાથે યોજન. | ૨૦-૨૩ |
| ૮. | પાંચ પ્રકારની ક્ષમામાં કઈ ક્ષમામાં કેવા અતિચારો થાય છે, તેનું સ્વરૂપ. | ૨૩-૩૨ |
| ૯. | વચનક્ષમા સેવનારા સાધુભગવંતોને ક્રમે કરીને ધર્મક્ષમાની પ્રાપ્તિ. | ૩૨-૩૪ |
| ૧૦. | ધર્મક્ષમાથી દશ પ્રકારના ક્ષાન્તિ આદિ યતિધર્મોની શુક્લતા. | ૩૫-૩૬ |
| ૧૧. | શ્રી ભગવતી સૂત્રમાં કહેલ ગુણશ્રેણીની વૃદ્ધિના કારણે વ્યંતરાદિ દેવોની સુખાસિકારૂપ તેજોલેશ્યાનો વ્યતિક્રમ. | ૩૭-૩૯ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૨-૧૩-૧૪. | સાધુભગવંતના માસાદિ પર્યાયોની ગણનાનું સ્વરૂપ. | ૩૯-૪૩ |
| ૧૫. | સદનુષ્ઠાનના સેવનથી પૂર્વ પૂર્વ કરતાં અધિક અધિક ઉપશમભાવને પ્રાપ્ત કરતા સાધુભગવંતને મનાક્, પ્રકર્ષથી અને નિશ્ચયથી કાયાનું પીડન. | ૪૩-૪૫ |
| ૧૬. | ઉપશમભાવની વૃદ્ધિ માટે દુષ્કર કાર્ય કરનારા સાધુનું સ્વરૂપ. | ૪૫-૪૭ |
| ૧૭. | બાહ્ય શત્રુ સાથે યુદ્ધથી વ્યાવૃત્ત થઈને અંતરંગ શત્રુભૂત દેહ સાથે દીક્ષાની પરિણતિવાળા બુદ્ધિમાન પુરુષોનું યુદ્ધ. | ૪૮-૪૯ |
| ૧૮. | (i) આત્મા માટે શરીર કઈ રીતે વૈરી છે, તેનું સ્વરૂપ. | ૪૯-૫૦ |
| | (ii) શરીરનું પાલન એ સર્પનું લાલન. | ૪૯-૫૦ |
| ૧૯. | તત્ત્વથી જેમને શરીરનો અનુરાગ ગયો નથી, તેમનો એકાકીભાવ પણ ક્રોધાદિ નિયત. | ૫૧-૫૨ |
| ૨૦. | શરીરના અનુરાગ વગર સાધુને ભિક્ષાટનાદિ કઈ રીતે હોય ? એ પ્રકારની શંકાનું સમાધાન. | ૫૩-૫૫ |
| ૨૧. | સસંગપ્રતિપત્તિ અને અસંગપ્રતિપત્તિનું સ્વરૂપ. | ૫૫-૫૭ |
| ૨૨. | તત્ત્વજ્ઞાનથી અનુગત એવી દીક્ષાથી સંગની વાસનાનો નાશ. | ૫૫-૫૭ |
| ૨૩. | તત્ત્વજ્ઞાનથી યુક્ત દીક્ષા અસંગભાવનું કારણ હોવાથી ત્રસ અને સ્થાવર સર્વ જીવોમાં સમપરિણામવાળા સાધુને સામાયિકરૂપ દીક્ષાનું કથન. | ૫૮-૬૦ |
| ૨૪. | સામાયિકસ્વરૂપ દીક્ષામાં બાહ્યપદાર્થોમાં અરતિ અને ઈષ્ટ પદાર્થોમાં આનંદનો અનવકાશ. | ૫૮-૬૦ |
| ૨૫. | (i) મોહના સંશ્લેષ વગર આત્માના શુદ્ધભાવોને સ્ફુરણ કરવાના કારણભૂત શુદ્ધઉપયોગરૂપ દીક્ષા. | |
| | (ii) આહાર-વિહારાદિ ક્રિયાકાળમાં પણ શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો વાસનારૂપે અવ્યુચ્છેદ. | ૬૦-૬૫ |
| ૨૬. | શુદ્ધઉપયોગરૂપ દીક્ષા મોક્ષનું કારણ છે અને | |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | શુભઉપયોગરૂપ દીક્ષા સાક્ષાત્ મોક્ષનું કારણ નથી, એ પ્રમાણે કહીને શુદ્ધઉપયોગ અને શુભઉપયોગ બંને સમાન રીતે મોક્ષફળસાધક નથી, એ પ્રકારના દિગંબરના કથનનું નિરાકરણ. | ૬૬-૭૩ |
| ૨૭. | ધ્યાનને મોક્ષના કારણરૂપે સ્વીકારવા દ્વારા અધ્યાત્મયોગનો અને ભાવનાયોગનો અસ્વીકાર કરાય તો વૃત્તિક્ષયને મોક્ષના કારણરૂપે સ્વીકારવા દ્વારા શુદ્ધઉપયોગરૂપ ધ્યાનના પણ અસ્વીકારની આપત્તિ. | ૭૩-૭૫ |
| ૨૮. | સંયમની સર્વ ઉચિત આચરણારૂપ વ્યવહારમાં પણ મોહના ઉન્મૂલનને અનુકૂળ ત્રણેય યોગોના સુદૃઢ વ્યાપારરૂપ ધ્યાનનો અનપાય. | ૭૬-૭૮ |
| ૨૯. | (i) આગમમાં શુભયોગને આશ્રયીને સદ્દીક્ષામાં અનારંભીપણું.<br>(ii) સદ્દીક્ષામાં વર્તતા અનારંભીપણારૂપ અંશથી સ્વભાવસમવસ્થિતિરૂપ શુદ્ધઉપયોગથી અનુવિદ્ધ શુભઉપયોગ મોક્ષનું કારણ. | ૭૯-૮૩ |
| ૩૦. | (i) ધ્યાનથી જ મોક્ષ છે, વ્યવહારમાં વ્યુત્થાનદશા છે, એ પ્રકારના દિગંબરના કથનનું નિરાકરણ.<br>(ii) ધ્યાનાંતરના આરંભમાં એક ધ્યાનનું અંતર. | ૮૩-૮૯ |
| ૩૧. | દીક્ષા શુદ્ધએકરૂપ છે, પરંતુ તરતમતાથી અનેક ભૂમિકાવાળી નથી, એ પ્રકારની દિગંબરોની વૃથા ભ્રાંતિનું ગ્રંથકારશ્રી દ્વારા નિરાકરણ. | ૮૯-૯૪ |
| ૩૨. | સદ્દીક્ષા ક્રિયાસ્વરૂપે ચિત્ર છે, સામાયિકસ્વરૂપે એક છે; જ્ઞાનક્રિયાના તુલ્યબળથી શિષ્ટપુરુષો વડે પરમાનંદરૂપ મોક્ષને કરનારી દીક્ષાનું વિધાન. | ૯૫-૯૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ॐ ऐँ नमः ।

न्यायाचार्य-न्यायविशारद-श्रीमद्यशोविजयोपाध्यायविरचिता
स्वोपज्ञवृत्तियुता

# द्वात्रिंशद्द्वात्रिंशिका

अन्तर्गत

# दीक्षाद्वात्रिंशिका-२८

**२७मी भिक्षुबत्रीशी साथे प्रस्तुत दीक्षाबत्रीशीनो संबंध :-**

अनन्तरं भिक्षुरुक्तः स च दीक्षासम्पन्नो भवतीति तत्स्वरूपमिहोच्यते –

**અર્થ :-**

અનંતર બત્રીશીમાં ભિક્ષુ કહેવાયા, અને તે ભિક્ષુ દીક્ષાસંપન્ન હોય છે. એથી તેનું સ્વરૂપ=દીક્ષાનું સ્વરૂપ અહીં=પ્રસ્તુત બત્રીશીમાં કહેવાય છે –

**અવતરણિકા :-**

વ્યુત્પત્તિને આશ્રયીને 'દીક્ષા' શબ્દનો અર્થ કરે છે –

**શ્લોક :-**

दीक्षा हि श्रेयसो दानादशिवक्षपणात्तथा ।
सा ज्ञानिनो नियोगेन ज्ञानिनिश्रावतोऽथवा ।।१।।

**અન્વયાર્થ :-**

श्रेयसो दानाद्=શ્રેયના દાનથી तथा=અને अशिवक्षपणात्=અશિવના ક્ષપણથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दीक्षा हि=દીક્ષા કહેવાય છે सा=તે=દીક્ષા ज्ञानिनो=જ્ઞાનીને नियोगेन=નિયમથી છે अथवा=અથવા ज्ञानिनिश्रावतः=જ્ઞાનીની નિશ્રાવાળાને છે અર્થાત્ ગુરુપરતંત્રને છે. ।।૧।।

**શ્લોકાર્થ :-**

**શ્રેયના દાનથી અને અશિવના ક્ષપણથી દીક્ષા કહેવાય છે. તે=દીક્ષા જ્ઞાનીને નિયમથી છે અથવા જ્ઞાનીની નિશ્રાવાળાને છે=ગુરુપરતંત્રને છે. ।।૧।।**

**ટીકા :-**

दीक्षा हीति-दीक्षा हि श्रेयसो दानात् तथाऽशिवक्षपणात् निरुच्यते, तदाह –

"श्रेयोदानादशिवक्षपणाच्च सतां मतेह दीक्षा"। **(षोडशक-१२/२)** इति ।

सा निरुक्तार्थशालिनी दीक्षा नियोगेन=नियमेन, ज्ञानिनो भवति, अथवा ज्ञानिनिश्रावतो गुरुपरतन्त्रस्य ।।१।।

**ટીકાર્થ :-**

दीक्षा हि ..... निरुच्यते, **શ્રેયના દાનથી અને અશિવના ક્ષપણથી દીક્ષા કહેવાય છે.**

तदाह - **તેને=દીક્ષા શબ્દની વ્યુત્પત્તિને ષો. ૧૨-૨થી કહે છે.**

"श्रेयोदानाद् ..... दीक्षा" ।। "અહીં=સંસારમાં, શ્રેયના દાનથી અને અશિવના ક્ષપણથી સંતોને દીક્ષા માન્ય છે."

'इति' **શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

सा ..... गुरुपरतन्त्रस्य ।। **નિરુક્તઅર્થશાલી એવી તે=વ્યુત્પત્તિ અર્થવાળી એવી દીક્ષા, નિયોગથી=નિયમથી, જ્ઞાનીને હોય છે, અથવા જ્ઞાનીની નિશ્રાવાળા=ગુરુપરતંત્ર સાધુને હોય છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

**'દીક્ષા' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ – દીક્ષાનું સ્વરૂપ :-**

દીક્ષા એ મોહના ઉન્મૂલનને અનુકૂળ કાયિક-વાચિક-માનસિક ક્રિયા છે. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાથી મોહના ઉન્મૂલનને અનુકૂળ શ્રુતપરિકર્મિત મતિજ્ઞાનનો ઉપયોગ પ્રવર્તે છે. તે ઉપયોગથી આત્મામાં મોહથી વિરુદ્ધ ભાવોને અભિમુખ એવા ઉત્તમ સંસ્કારો પડે છે અને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. તે પુણ્યાનુબંધી પુણ્ય વિપાકમાં આવતાં આત્માને જન્માંતરમાં યોગમાર્ગની પ્રાપ્તિ કરાવે છે અને દીક્ષાકાળમાં વર્તતા યોગમાર્ગના સેવનથી થયેલા સંસ્કારો પ્રત્યે પક્ષપાત ઊભો કરે છે, તેથી વર્તમાનમાં સેવાયેલી દીક્ષા ઉત્તમ પુણ્ય અને ઉત્તમ સંસ્કારોને જાગૃત કરીને ઉત્તરોત્તર યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બને છે, માટે દીક્ષા શ્રેયને આપનારી છે.

વળી, આત્મામાં અનાદિકાળથી મોહને કારણે મતિજ્ઞાનના અશુભ સંસ્કારો અને અશુભ કર્મરૂપ અશિવ પડેલ છે, તે અશિવનું ક્ષપણ દીક્ષાથી થાય છે; કેમ કે જે ભાવોથી જે સંસ્કારો પડ્યા હોય તે સંસ્કારોથી વિરુદ્ધ ભાવો દ્વારા વિરુદ્ધ સંસ્કારો પડે છે, અને જે ભાવોથી જે કર્મો બંધાયા હોય તેનાથી વિરુદ્ધ ભાવો દ્વારા તે કર્મો નાશ પામે છે, આ પ્રકારનો નિયમ છે. તેથી અનાદિકાળથી મોહને પરવશ જે ભાવો કર્યા, અને તેનાથી મોહાકુળ એવા જે મતિજ્ઞાનના સંસ્કારો પડ્યા, તેનાથી વિરુદ્ધ સંસ્કારો દીક્ષાસેવનકાળમાં શ્રુતપરિકર્મિત મતિજ્ઞાનથી પડે છે; અને અશુભ મતિજ્ઞાનના સંસ્કારો સાથે શુભ મતિજ્ઞાનના સંસ્કારો વધ્ય-ઘાતકભાવથી રહે છે, માટે જેમ જેમ શ્રુતપરિકર્મિત મતિજ્ઞાનના સંસ્કારો અધિક અધિક થાય છે, તેમ તેમ તેનાથી વિરુદ્ધ એવા મોહાકુળ મતિજ્ઞાનના સંસ્કારો ક્ષીણ ક્ષીણતર થાય છે, અને પૂર્વમાં જે ભાવોથી અશુભ કર્મો બંધાયેલાં, તે ભાવોથી વિરુદ્ધ એવા ઉત્તમ ભાવોથી તે અશુભ કર્મોનો પણ નાશ થાય છે. તેથી દીક્ષાની પ્રવૃત્તિ અશુભ કર્મોના નાશથી આત્માને હળુકર્મી બનાવે છે, અને અશુભ સંસ્કારોના નાશથી આત્માને અશુભ ભાવથી રહિત કરે છે. માટે દીક્ષા અશિવના ક્ષપણને કરનારી છે.

### 'દીક્ષા' શબ્દના શ્રવણથી દીક્ષાનાં પ્રતિબંધક કર્મોનો નાશ :–

'દીક્ષા' એ પ્રકારના બે અક્ષરવાળા શબ્દના પ્રથમ 'દી' શબ્દથી શ્રેયના દાનનો અર્થબોધ થાય છે, અને 'ક્ષ' શબ્દથી અશિવના ક્ષપણનો અર્થબોધ થાય છે; અને આવી દીક્ષાનાં સ્વરૂપ પ્રત્યે જેને પ્રીતિ ઉત્પન્ન થાય છે, તેમને દીક્ષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દના શ્રવણથી પણ દીક્ષાના પ્રતિબંધક કર્મોનો નાશ થાય છે, અને પક્ષપાત તીવ્ર થાય તો દીક્ષાના શબ્દથી વાચ્ય તે ભાવો સ્વમાં પ્રગટ થાય છે અને 'હું દીક્ષિત છું' તેવી બુદ્ધિ થવાથી સદા તે શબ્દોથી વાચ્ય અર્થમાં અપ્રમાદથી ઉદ્યમ થાય છે.

આવા વ્યુત્પત્તિ અર્થવાળી દીક્ષા નિયમથી જ્ઞાનીને હોય છે; કેમ કે જ્ઞાની પુરુષ ભગવાનના વચનાનુસાર દીક્ષાના પારમાર્થિક અર્થને જાણનારા હોય છે, અને તેના પારમાર્થિક અર્થને જાણીને તેને જીવનમાં સેવવાની રુચિવાળા હોય છે અને શક્તિના પ્રકર્ષથી સેવે છે. આથી 'ज्ञात्वा अभ्युपेत्य करणं'=તત્ત્વને જાણીને, સ્વીકારીને, કરવું એ પ્રકારના શાસ્ત્રવચનનું અવલંબન લઈને જ્ઞાની પુરુષ દીક્ષામાં ઉદ્યમ કરે છે, તેથી નિયમથી જ્ઞાનીને દીક્ષા છે.

**ગુરુપરતંત્રને જ્ઞાનીની નિશ્રાને કારણે દીક્ષા :-**

વળી જેઓ જ્ઞાની નથી, પણ જેઓને પ્રસ્તુતમાં બતાવેલ તેવો દીક્ષા શબ્દના અર્થનો સામાન્યથી બોધ છે અને દીક્ષા સેવવાની રુચિ છે; તેથી વિશદ બોધવાળા જ્ઞાનીને પરતંત્ર થઈને તેમના વચનાનુસાર સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે, તેમનામાં પણ જ્ઞાનીની નિશ્રાને કારણે દીક્ષા છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयति -**

**અવતરણિકાર્થ :-**

**આને જ=પૂર્વમાં કહ્યું કે જ્ઞાનીને નિયોગથી દીક્ષા છે અથવા જ્ઞાનીની નિશ્રાવાળાને દીક્ષા છે એને જ, ભાવન કરે છે=અનુભવને અનુરૂપ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**एकः स्यादिह चक्षुष्मानन्यस्तदनुवृत्तिमान् ।**
**प्राप्नुतो युगपद् ग्रामं गन्तव्यं यदुभावपि ।।२।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

यद्=જે કારણથી, इह=અહીં=સંસારમાં, एकः चक्षुष्मान्=ચક્ષુવાળો એક अन्यः=અન્ય तदनुवृत्तिमान्=તેની અનુવૃત્તિવાળો स्याद्=હોય, उभावपि=બન્ને પણ गन्तव्यं=ગન્તવ્ય એવા ग्रामं=ગામને युगपद्=એકી સાથે प्राप्नुतो=પ્રાપ્ત કરે છે, તે કારણથી જ્ઞાનીની નિશ્રાવાળાને દીક્ષા છે, એમ પૂર્વગાથા સાથે 'यद्' નો સંબંધ છે. ।।૨।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી અહીં=સંસારમાં ચક્ષુવાળો એવો એક પુરુષ હોય, અન્ય તેની અનુવૃત્તિવાળો હોય, બન્ને પણ ગન્તવ્ય=જવા યોગ્ય, એવા ગામને એકી સાથે પ્રાપ્ત કરે છે, તે કારણથી જ્ઞાનીની નિશ્રાવાળાને પણ દીક્ષા છે, એમ પૂર્વગાથા સાથે 'यद्' નો સંબંધ છે. ।।૨।।**

❖ उभावपि માં 'अपि' થી એ કહેવું છે કે ચક્ષુવાળો તો ગન્તવ્ય નગરને પ્રાપ્ત કરે છે, પરંતુ ચક્ષુવાળો અને તેની અનુવૃત્તિવાળો બન્ને પણ ગન્તવ્ય એવા ગામને એકીસાથે પ્રાપ્ત કરે છે.

**ટીકા :-**

एक इति-स्पष्टः ।।२।।

**આ શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. તેથી આ શ્લોકની ટીકા ગ્રંથકારશ્રીએ રચેલ નથી. ।।૨।।**

**ભાવાર્થ :-**

જેમ કોઈ નિયત નગરમાં જવું હોય અને જે પુરુષ ચક્ષુવાળો હોય તે પુરુષ ચક્ષુથી તે નગરના માર્ગને યથાર્થ જાણીને તે માર્ગ પર ગમન કરીને નિયત નગરે પહોંચી શકે છે; વળી અન્ય કોઈ પુરુષ ચક્ષુવાળો નથી, તોપણ ચક્ષુવાળા પુરુષનું અનુસરણ કરે છે, તો તે બન્ને અવશ્ય એકસાથે ઇષ્ટ એવા તે નગરને પ્રાપ્ત કરે છે.

તેમ સંસારથી પાર થવાનો માર્ગ સર્વજ્ઞ ભગવાન સાક્ષાત્ જુએ છે, જાણે છે, અને પોતાના જ્ઞાનમાં દેખાયેલો માર્ગ શબ્દો દ્વારા બતાવે છે. તે માર્ગને વિપુલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રજ્ઞાવાળા પુરુષો શ્રુતરૂપી ચક્ષુથી યથાર્થ જાણી શકે છે; અને જે મહાત્મા શ્રુતરૂપી ચક્ષુથી માર્ગને યથાર્થ જાણીને તે માર્ગ અનુસાર યથાર્થ પ્રવૃત્તિ કરે છે, તે જ્ઞાની મહાત્મા અવશ્ય ઇષ્ટ એવા મોક્ષનગરને પ્રાપ્ત કરે છે.

અને જેઓની પાસે શ્રુતરૂપી ચક્ષુ નથી, તેથી ભગવાનના વચનના બળથી સાક્ષાત્ યોગમાર્ગને જોઈ શકતા નથી; આમ છતાં માર્ગાનુસારી નિર્મળ મતિ છે, તેથી શ્રુતરૂપી ચક્ષુવાળા પુરુષને જાણીને તેઓને પરતંત્ર થાય છે, અને તેમના વચનાનુસાર સર્વ કાયિક, વાચિક અને માનસિક ક્રિયાઓ કરે છે; એટલું જ નહિ, પણ જે પ્રકારે કાયિક આદિ ક્રિયા કરીને શ્રુતરૂપી ચક્ષુવાળા પુરુષ નિર્લેપભાવને ઉલ્લસિત કરે છે, તે પ્રકારના નિર્લેપભાવની પ્રાપ્તિનું કારણ બને તેવો યથાર્થ બોધ, શ્રુતરૂપી ચક્ષુહીન પુરુષ, શ્રુતથી ચક્ષુવાળા ગીતાર્થ પુરુષ પાસેથી પ્રાપ્ત કરીને તે રીતે ઉદ્યમ કરે છે; તેથી જેમ તે ગીતાર્થ પુરુષ સ્વપરાક્રમ ફોરવીને મોક્ષની પ્રાપ્તિ કરે છે, તેમ ચક્ષુહીન એવા પણ અગીતાર્થ પુરુષો ચક્ષુવાળા એવા ગીતાર્થના વચનના બળથી સ્વપરાક્રમ ફોરવીને ઇષ્ટનગરરૂપ મોક્ષની પ્રાપ્તિ કરે છે, તેથી જેમ ચક્ષુવાળા પુરુષને અનુસરનાર ચક્ષુહીન, ચક્ષુવાળાની સાથે ઇષ્ટનગરને પ્રાપ્ત કરે છે, તેમ ગીતાર્થને પરતંત્ર અગીતાર્થ પુરુષ, ગીતાર્થની જેમ સંયમના કંડકોને ઉલ્લસિત કરી શકે છે, અને ગીતાર્થની સાથે મોક્ષને પ્રાપ્ત કરી શકે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨માં 'દીક્ષા' શબ્દનો નિરુક્ત અર્થ બતાવીને દીક્ષાનું સ્વરૂપ બતાવ્યું, અને આવી દીક્ષા જ્ઞાનીને અને જ્ઞાનીની નિશ્રાવાળાને હોય છે, તેમ બતાવ્યું. ત્યાં પ્રશ્ન થાય કે જ્ઞાનીને દીક્ષા સંભવે પણ જ્ઞાનીની નિશ્રાવાળાને આવી દીક્ષા કઈ રીતે સંભવે ? તેથી દૃષ્ટાંતથી જ્ઞાનીની નિશ્રાવાળાને પણ આવી દીક્ષા થઈ શકે, તેની સ્પષ્ટતા શ્લોક-૨માં કરી. હવે આવી દીક્ષા પ્રાપ્ત કરવાની યોગ્યતા કોનામાં છે, તે બતાવવા અર્થે કહે છે -**

**શ્લોક :-**

**यस्य क्रियासु सामर्थ्यं स्यात् सम्यग्गुरुरागतः ।**
**योग्यता तस्य दीक्षायामपि माषतुषाकृतेः ।।३।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

सम्यग्गुरुरागतः यस्य=સમ્યગ્ગુરુના રાગથી જેને, क्रियासु=ક્રિયાઓમાં=ચારિત્રનાં અનુષ્ઠાનોમાં सामर्थ्यं=સામર્થ્ય હોય माषतुषाकृतेः अपि=માષતુષ આકૃતિવાળા પણ तस्य=તેની दीक्षायाम्=દીક્ષામાં योग्यता=યોગ્યતા છે. ॥૩॥

**શ્લોકાર્થ :-**

**સમ્યગ્ગુરુના રાગથી જેને ક્રિયાઓમાં=ચારિત્રનાં અનુષ્ઠાનોમાં, સામર્થ્ય હોય, માષતુષ આકૃતિવાળા પણ તેની દીક્ષામાં યોગ્યતા છે. ॥૩॥**

**ટીકા :-**

**यस्येति-यस्य क्रियासु=चारित्रानुष्ठानेषु, सम्यग्गुरुरागतः सामर्थ्यं स्यात्, तस्य माषतुषाकृतेरपि=मुग्धतया माषतुषसदृशस्यापि, दीक्षायां योग्यता ॥३॥**

**ટીકાર્થ :-**

**यस्य ..... योग्यता ॥ સમ્યગ્ગુરુના રાગથી જેને ક્રિયામાં=ચારિત્રનાં અનુષ્ઠાનોમાં, સામર્થ્ય છે=લક્ષ્યને અનુરૂપ ચારિત્રનાં અનુષ્ઠાનો સેવી શકે તેવું સામર્થ્ય છે, માષતુષ આકૃતિવાળા પણ તેની દીક્ષામાં યોગ્યતા છે= મુગ્ધપણાથી માષતુષ મુનિની સદશની પણ દીક્ષામાં યોગ્યતા છે. ॥૩॥**

❖ माषतुषाकृतेरपि - અહીં 'अपि' થી એ કહેવું છે કે જેઓની પાસે શ્રુતધારણ કરવાની ઘણી શક્તિ છે, તેઓની તો દીક્ષામાં યોગ્યતા છે, પરંતુ માષતુષ મુનિની જેમ ઘણું શ્રુત ધારણ કરી શકે તેવી જેની પ્રજ્ઞા નથી, તેવા સાધુની પણ દીક્ષામાં યોગ્યતા છે.

**ભાવાર્થ :-**

**જ્ઞાનીની નિશ્રાવાળાને દીક્ષા હોય તેનું દૃષ્ટાંત દ્વારા કથન :-**

'गृणाति शास्त्रतत्त्वमिति गुरुः' એ વ્યુત્પત્તિ પ્રમાણે જે પુરુષ ગીતાર્થ હોય અને શિષ્યને શાસ્ત્રતત્ત્વ બતાવે, તે ગુરુ કહેવાય; અને તેવા ગુરુ પ્રત્યે જેને સમ્યગ્ રાગ છે અર્થાત્ "આ ગુરુ શાસ્ત્રના પરમાર્થને જાણનારા છે, સંસારથી ભય પામેલા છે, તેથી ભગવાનના વચનથી લેશ પણ અન્યથા કહે તેવા નથી, અને તેમની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરનારને અવશ્ય ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરાવીને સંસારથી નિસ્તાર પમાડે તેવા છે," આવો બોધ હોવાને કારણે તે ગીતાર્થને પરતંત્ર થવાનો જેને રાગ છે, તેને સમ્યગ્ગુરુરાગ છે; અને સમ્યગ્ગુરુરાગને કારણે જે જીવને ચારિત્રાચારનાં અનુષ્ઠાનોરૂપ ક્રિયામાં સામર્થ્ય છે અર્થાત્ ગુણવાનને પરતંત્ર થઈને ચારિત્રની ક્રિયાઓ સંયમના કંડકોની વૃદ્ધિનું કારણ બને તે રીતે સેવવાનું સામર્થ્ય છે, તેવા જીવમાં દીક્ષાની યોગ્યતા છે અને તેવા જીવો શ્રુત ધારણ કરવાની અલ્પપ્રજ્ઞાવાળા હોવા છતાં માર્ગાનુસારી બુદ્ધિવાળા હોય તો મુગ્ધતાથી યોગમાર્ગ પ્રત્યે રાગવાળા હોય છે. તેથી દીક્ષાને યોગ્ય છે. ॥૩॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં દીક્ષાની યોગ્યતા કેવા પુરુષમાં છે, તે બતાવ્યું. હવે તેવા યોગ્ય પુરુષને કઈ રીતે દીક્ષા આપવી જોઈએ, અને દીક્ષા વખતે નામાદિનો ન્યાસ કરાય છે, તે કઈ રીતે સફળ છે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**देया दीक्षाऽस्य विधिना नामादिन्यासपूर्वकम् ।**
**हन्तानुपप्लवश्चायं सम्प्रदायानुसारतः ।।४।।**

**અન્વયાર્થ :-**

**अस्य=આને=પૂર્વશ્લોકમાં બતાવેલ દીક્ષાને યોગ્ય એવા જીવને, नामादिन्यास-पूर्वकम्=નામાદિન્યાસપૂર્વક विधिना=વિધિથી, दीक्षा देया=દીક્ષા આપવી च=અને अयं=આ=નામાદિનો ન્યાસ, सम्प्रदायानुसारतः=સંપ્રદાયના અનુસારથી अनुपप्लवः हन्त=અનુપપ્લવ છે=વિઘ્નરહિત છે=વિઘ્નરહિત દીક્ષાના નિર્વાહનું કારણ છે. ॥૪॥**

**શ્લોકાર્થ :-**

**આને=પૂર્વશ્લોકમાં બતાવેલ દીક્ષાને યોગ્ય એવા જીવને, નામાદિન્યાસ-પૂર્વક વિધિથી દીક્ષા આપવી, અને આ=નામાદિનો ન્યાસ, સંપ્રદાયના અનુસારથી અનુપપ્લવ છે=વિઘ્નરહિત છે=વિઘ્નરહિત દીક્ષાના નિર્વાહનું કારણ છે. ॥૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**देयेति-अस्य=योग्यस्य, विधिना=आगमोक्तेन, दीक्षा देया नामादिन्यासपूर्वकं, अयं च नामादिन्यासः सम्प्रदायानुसारतो हन्तानुपप्लवो=विघ्नरहितः, प्रवचनप्रसिद्ध-नामादिन्यासेनैव निर्विघ्नदीक्षानिर्वाहात्, कृतप्रशान्तादिनाम्नः प्रशमादिस्वरूपोपलम्भात्, तन्नाम्नैव तद्गुणस्मरणाद्युपलब्धेः, जात्यादिसम्पन्नानां प्रतिपन्नपालनोपपत्तेः । तदुक्तं -**

"तन्नामादिस्थापनमविद्रुतं स्वगुरुयोजनतः ।।
नामनिमित्तं तत्त्वं तथा तथा चोद्धृतं पुरा यदिह ।
तत्स्थापना तु दीक्षा तत्त्वेनान्यस्तदुपचारः" ।। **(षोड. १२/७-८) ।।४।।**

**ટીકાર્થ :-**

**अस्य ..... निर्वाहात्, આને=યોગ્યને, આગમોક્ત વિધિથી નામાદિન્યાસપૂર્વક દીક્ષા આપવી જોઈએ, અને આ=નામાદિનો ન્યાસ, સંપ્રદાય અનુસારથી અનુપપ્લવ છે=વિઘ્નરહિત છે; કેમ કે પ્રવચનપ્રસિદ્ધ નામાદિન્યાસથી જ= શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા નામાદિ ચાર નિક્ષેપાના સ્થાપનથી જ, નિર્વિઘ્ન દીક્ષાનો નિર્વાહ છે.**

નામન્યાસથી નિર્વિઘ્ન દીક્ષાનો નિર્વાહ કઈ રીતે થાય છે, તેમાં હેતુ બતાવે છે -

**कृतप्रशान्तादि ..... उपलम्भात्, કૃતપ્રશાન્તાદિ નામવાળા સાધુને પ્રશમાદિ-સ્વરૂપનો ઉપલંભ છે=પ્રશમાદિસ્વરૂપની પ્રાપ્તિ છે.**

અહીં પ્રશ્ન થાય કે પ્રશાન્ત નામ રાખેલું હોય એટલામાત્રથી પ્રશમાદિની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે ? તેમાં હેતુ કહે છે.

**तन्नाम्नैव ..... उपलब्धेः, તેના નામથી જ=પોતાના કરાયેલા નામથી જ તદ્ગુણના સ્મરણાદિની ઉપલબ્ધિ છે=પોતાના તે નામના ગુણોના સ્મરણાદિની ઉપલબ્ધિ છે.**

અહીં પ્રશ્ન થાય કે કોઈ સાધુનું નામ રાખવા માત્રથી તેના ગુણનું સ્મરણ કે તે ગુણને અનુરૂપ પ્રયત્ન થાય તેમ કઈ રીતે કહી શકાય ? તેથી અન્ય હેતુ કહે છે -

**जात्यादि ..... उपपत्तेः । જાત્યાદિસંપન્ન એવા જીવોને સ્વીકારાયેલા નામના ગુણોના પાલનની ઉપપત્તિ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तदुक्तम् - તે કહેવાયું છે=શ્લોકમાં જે કહેવાયું છે, તે ષોડશક-૧૨-૭ ઉત્તરાર્ધમાં અને ૧૨-૮માં કહેવાયું છે.**

"तन्नामादि ..... उपचारः" ।। "સ્વગુરુના યોજનથી=દીક્ષાવિધિના નામસ્થાપન વખતે કોટી, ગણ ઇત્યાદિ જે બોલાય છે, તેના યોજનથી, તે નામાદિનું સ્થાપન=પ્રવચનપ્રસિદ્ધ એવા નામાદિ ચારનું સ્થાપન, અવિદ્રુત છે=ઉપપ્લવરહિત છે. यद्=જે કારણથી નામના નિમિત્તે તત્ત્વ છે=નામથી પ્રતિપાદ્ય ગુણત્વ છે અને તે તે સ્વરૂપે, અહીં=પ્રવચનમાં, પુરા=પૂર્વ મુનિઓ વડે ઉદ્ધૃત છે=કૃતનિર્વાહવાળું છે, તે કારણથી તેની સ્થાપના જ= નામની સ્થાપના જ, તત્ત્વથી દીક્ષા છે; અન્ય=અન્ય ક્રિયાનો કલાપ, તેનો ઉપચાર છે=નામની સ્થાપનારૂપ મુખ્ય દીક્ષાનો પૂર્વ-ઉત્તર ભાવથી અંગમાત્રરૂપ ઉપચાર છે." **॥૪॥**

**ભાવાર્થ :-**

**દીક્ષાના નિર્વાહમાં નામનું સ્થાપન પ્રબળ કારણ :-**

પૂર્વશ્લોકમાં સંયમને યોગ્ય જીવો કેવા હોય તેનું સ્વરૂપ બતાવ્યું, અને તેવા યોગ્ય જીવોને નામાદિન્યાસપૂર્વક શાસ્ત્રવિધિ અનુસાર દીક્ષા આપવી જોઈએ એમ કહ્યું, તેમાં સંપ્રદાય અનુસાર દીક્ષાર્થી જીવમાં જે નામનો ન્યાસ કરવામાં આવે છે, તે નામના ન્યાસથી દીક્ષાર્થી જીવ નિર્વિઘ્ન દીક્ષાનો નિર્વાહ કરી શકે છે અર્થાત્ શ્રેયનું દાન અને અશિવનું ક્ષપણ કરે તેવા સંયમના પરિણામનો નિર્વિઘ્ને નિર્વાહ કરી શકે છે; કેમ કે કોઈ સાધુનું 'પ્રશાન્ત' નામ આપવામાં આવે તો દીક્ષા વખતે પાડેલા તે નામના સ્મરણથી અને તે નામ અનુસાર અંતરંગ પ્રયત્નથી તે સાધુ સદા પ્રશમની વૃદ્ધિને અનુકૂળ ઉદ્યમ કરી શકે; અને પ્રશમની વૃદ્ધિમાં ઉદ્યમ કરવો તે 'દીક્ષા' શબ્દથી વાચ્ય સંયમનો પરિણામ છે, તેથી દીક્ષાના નિર્વાહમાં નામનું સ્થાપન પ્રબળ કારણ છે.

અહીં પ્રશ્ન થાય કે કોઈનું પ્રશાન્ત નામ આપવા માત્રથી પ્રશમને અનુકૂળ ગુણનું સ્મરણ થાય અને પ્રશમભાવની વૃદ્ધિને અનુકૂળ યત્ન થાય તેવું કેમ કહી શકાય ? તેથી કહે છે –

જે જીવ જાતિ, કુળાદિથી સંપન્ન છે, તે જીવ સ્વીકારાયેલા નિયમના પાલનમાં અવશ્ય ઉદ્યમ કરે છે. માટે ગુરુએ આપેલા નામથી પોતે પ્રશમભાવમાં ઉદ્યમ કરવાનો જે સ્વીકાર કર્યો, તેના પાલનમાં જાતિસંપન્ન અને કુળસંપન્ન જીવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવશ્ય ઉદ્યમ કરે છે. તેથી તેવા જીવોને અપાયેલું નામ તેમના દીક્ષાના ભાવને સુરક્ષિત કરવાનું પ્રબળ કારણ છે. જે જીવો જાતિસંપન્ન અને કુળસંપન્ન નથી, તેવા જીવો દીક્ષાના અધિકારી નથી. તેથી તેવા જીવોને અપાયેલું નામ કે તેવા જીવોને અપાયેલી દીક્ષા પરમાર્થથી દીક્ષા નથી.

**વિશેષાર્થ :-**

અહીં વિશેષ એ છે કે ષોડશકના સાક્ષીપાઠમાં કહ્યું તે પ્રમાણે નામન્યાસ એ મુખ્ય દીક્ષા છે અને અન્ય ક્રિયાઓ તેનાં પૂર્વ-ઉત્તરભાવિ અંગો છે. તેથી એ પ્રાપ્ત થાય કે જાતિસંપન્ન અને કુળસંપન્ન જીવો સમ્યગ્ ગુરુરાગથી ક્રિયાની યોગ્યતાને પ્રાપ્ત કરે ત્યારે દીક્ષા માટે યોગ્ય બને છે; અને તે યોગ્ય બનેલા જીવને ઈરિયાવહી આદિ સંયમની ક્રિયાકલાપ દ્વારા વિશુદ્ધ ચિત્તવાળો બનાવીને પ્રતિજ્ઞા આપવામાં આવે છે ત્યારે, તે જીવમાં તે પ્રકારનો શ્રુતનો સંકલ્પ સ્થિર થાય છે કે "હવે મારે આ પ્રતિજ્ઞાને અનુરૂપ ઉચિત આચારોમાં ઉદ્યમ કરવો જોઈએ, જેથી મારી પ્રતિજ્ઞાનું પાલન થાય," ત્યારપછી નામ ન્યાસ કરવામાં આવે છે, જેથી જીવને તે નામને અનુકૂળ અંતરંગ ઉદ્યમ કરવાનો વીર્યોલ્લાસ થાય છે, અને સંયમની ઉચિત ક્રિયાઓને પાળીને પોતાના નામને અનુકૂળ ભાવોમાં ઉદ્યમ થાય છે. તેથી મુખ્ય દીક્ષા નામની સ્થાપનારૂપ છે અને પોતાના નામને અવલંબીને ભાવો કરવામાં પ્રતિજ્ઞા આદિની અન્ય ક્રિયાઓ ઉપષ્ટંભક બને છે અને દીક્ષાની અન્ય સર્વ ક્રિયાઓમાંથી કેટલીક ક્રિયાઓ પૂર્વાંગરૂપ છે અને કેટલીક ક્રિયાઓ ઉત્તરાંગરૂપ છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે નામાદિન્યાસપૂર્વક યોગ્યને દીક્ષા આપવી, તેથી હવે તે નામાદિ ચારનાં કાર્યો બતાવે છે –**

**શ્લોક :-**

**नाम्नान्वर्थेन कीर्तिः स्यात् स्थापनारोग्यकारिणी ।**
**द्रव्येण च व्रतस्थैर्यं भावः सत्पददीपनः ।।५।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

अन्वर्थेन नाम्ना=અન્વર્થ એવા નામથી=ગુણનિષ્પન્ન એવા નામથી, कीर्तिः स्यात्=કીર્તિ થાય, स्थापनारोग्यकारिणी=સ્થાપના આરોગ્યને કરનારી છે द्रव्येण= દ્રવ્યથી=શ્રુતઅધ્યયનની ક્રિયાથી અને આચારાદિની ક્રિયાથી, व्रतस्थैर्यं= વ્રતસ્થૈર્ય થાય છે च=અને भावः=સમ્યગ્દર્શનાદિ ભાવ सत्पददीपनः=સત્પદનું દીપન છે=પ્રકાશન કરનાર છે. ।।૫।।

**શ્લોકાર્થ :-**

**અન્વર્થ એવા નામથી=ગુણનિષ્પન્ન એવા નામથી કીર્તિ થાય, સ્થાપના આરોગ્યને કરનારી છે, દ્રવ્યથી=શ્રુતઅધ્યયનની ક્રિયાથી અને આચારાદિની ક્રિયાથી વ્રતસ્થૈર્ય થાય છે, અને સમ્યગ્દર્શનાદિનો પ્રકર્ષરૂપ ભાવ સત્પદનું દીપન છે. ।।૫।।**

**ટીકા :-**

नाम्नेति-नाम्नाऽन्वर्थेन=गुणनिष्पन्नेन, कीर्तिः स्यात्, तत्कीर्तनमात्रादेव शब्दार्थप्रतिपत्तेर्विदुषां प्राकृतजनस्य च मनःप्रसादात्, यथा भद्रबाहुसुधर्मस्वामिप्रभृतीनां, स्थापनाकारविशेषरूपा रजोहरणमुखवस्त्रिकादिधारणद्वारेण भावगर्भया प्रवृत्त्या आरोग्यकारिणी, भावरोगोपमर्दनात्, द्रव्येण चाचारादिश्रुतरूपेण सकलसाधुक्रियारूपेण वा व्रतस्थैर्यं प्रतिपन्नविरतिदार्ढ्यं भवति, भावः सम्यग्दर्शनादिप्रकर्षरूपः सत्पददीपन आचार्यत्वादिविशिष्टावस्थितावस्थाप्रकाशकः, सामस्त्येनाप्येषां प्रकृष्टानां कीर्त्यादिहेतुत्वं सम्भवत्येवेत्यूहनीयं । तदुक्तं –

"कीर्त्यारोग्यध्रुवपदसम्प्राप्तेः सूचकानि नियमेन ।
नामादीन्याचार्या वदन्ति तत्तेषु यतितव्यम्" ।। **(षोड. १२/९)**

अत्र ध्रुवपदं भावप्रधाननिर्देशात् स्थैर्यवाचकमिति वदन्ति ।।५।।

**ટીકાર્થ :-**

नाम्ना ..... प्रभृतीनाम्, અન્વર્થ એવા નામ વડે=ગુણનિષ્પન્ન એવા નામ વડે=સાધુને દીક્ષા વખતે તેનામાં વર્તતા ગુણને સામે રાખીને અપાયેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણનિષ્પન્ન નામ વડે, કીર્તિ થાય છે; કેમ કે વિદ્વાનોને તેના કીર્તનમાત્રથી જ=તે નામના ઉચ્ચારણમાત્રથી જ, શબ્દના અર્થની પ્રાપ્તિ થાય છે, અને પ્રાકૃતજનને=સામાન્ય બોધવાળા પુરુષને, મનનો પ્રસાદ થાય છે; જે પ્રમાણે ભદ્રબાહુ, સુધર્માસ્વામી વગેરેનાં નામોના કીર્તનમાત્રથી વિદ્વાનોને તે શબ્દના અર્થની પ્રાપ્તિ થાય છે, અને પ્રાકૃતજનને મનનો પ્રસાદ થાય છે, એ પ્રમાણે અન્વય છે.

स्थापना ..... उपमर्दनात्, રજોહરણ-મુખવસ્ત્રિકાદિ ધારણદ્વારા, આકારવિશેષરૂપ સ્થાપના=સાધુવેશના આકારવિશેષરૂપ સ્થાપના, ભાવગર્ભ-પ્રવૃત્તિથી=ગ્રહણ કરાયેલા વેશને અનુકૂળ સાધનાનો ભાવ છે ગર્ભમાં જેને એવી પ્રવૃત્તિથી, આરોગ્યને કરનાર છે; કેમ કે ભાવરોગનું ઉપમર્દન થાય છે.

द्रव्येण च ..... भवति, અને આચારાદિ શ્રુતઅધ્યયનરૂપ દ્રવ્યથી અથવા સકલ સાધુક્રિયારૂપ દ્રવ્યથી, વ્રતસ્થૈર્ય થાય છે=સ્વીકારાયેલા વિરતિના પરિણામમાં દૃઢતા થાય છે.

भावः ..... प्रकाशकः । સમ્યગ્દર્શનાદિના પ્રકર્ષરૂપ ભાવ=સંયમ ગ્રહણ કરતી વખતે જે સમ્યગ્દર્શનાદિ ભાવો હોય છે તે ભાવો સંયમના પાલનથી ક્રમસર પ્રકર્ષવાળા થાય છે અને પ્રકર્ષને પામેલા સમ્યગ્દર્શનાદિ ભાવ, સત્પદનું દીપન છે=આચાર્યપણાદિથી વિશિષ્ટ એવી અવસ્થિત અવસ્થાને પ્રગટ કરનાર છે અર્થાત્ આચાર્યપણાદિ ગુણોને અનુકૂળ એવી વિશેષ પ્રકારની સ્થિર થયેલી જીવની પરિણતિરૂપ અવસ્થાને પ્રગટ કરનાર છે.

પૂર્વમાં નામાદિ ચાર નિક્ષેપાઓમાંથી પ્રત્યેકનું પ્રધાન ફળ શું છે ? તે બતાવ્યું. હવે ચારેય નિક્ષેપાઓ સમુદિત થઈને કીર્તિ આદિ ચારેય કાર્યો કરે છે, તે બતાવે છે –

सामस्त्येन .... ऊहनीयं । સમસ્તપણાથી પણ પ્રકૃષ્ટ એવા આમનું=સમુદિતપણાથી પ્રકૃષ્ટ એવા નામાદિ ચારેય નિક્ષેપાઓનું, કીર્તિ આદિનું હેતુપણું સંભવે છે, એ પ્રમાણે જાણવું.

तदुक्तम् - તે કહેવાયું છે=શ્લોકમાં જે કહેવાયું તે ષોડશક-૧૨/૯માં કહેવાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"कीर्त्यारोग्य ..... यतितव्यम्" ।। "નિયમથી નામાદિને કીર્તિની સંપ્રાપ્તિના, આરોગ્યની સંપ્રાપ્તિના, ધ્રુવની=સ્થૈર્યની સંપ્રાપ્તિના, પદની=આચાર્યત્વાદિપદની સંપ્રાપ્તિના સૂચક આચાર્ય કહે છે. તે કારણથી તેઓમાં=નામાદિમાં, યત્ન કરવો જોઈએ=નામાદિનું જે તાત્પર્ય છે, એને અનુકૂળ ઉદ્યમ કરવો જોઈએ."

**अत्र ..... वदन्ति ।। અહીં=ષોડશકના શ્લોક-૧૨/૯માં "ધ્રુવ" એ પ્રકારનું પદ ભાવપ્રધાન નિર્દેશ હોવાને કારણે 'ધ્રુવત્વ'નું="સ્થૈર્ય"નું વાચક છે, એમ કહે છે. ।।૫।।**

❖ रजोहरणमुखंवस्त्रिकादि માં 'आदि' પદથી સાધુનાં અન્ય ઉપકરણોનું ગ્રહણ કરવાનું છે.

❖ आचारादि માં 'आदि' પદથી સૂયગડાંગ આદિ શ્રુતનું ગ્રહણ કરવું.

❖ सम्यग्दर्शनादि માં 'आदि' પદથી સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું ગ્રહણ કરવું.

❖ आचार्यत्वादि માં 'आदि' પદથી તીર્થંકરત્વ-સિદ્ધત્વાદિનું ગ્રહણ કરવું.

❖ सामस्त्येनापि માં 'अपि' થી એ કહેવું છે કે નામાદિ પ્રત્યેકનાં તો તે તે પ્રત્યેક કાર્યો છે, પરંતુ સમસ્ત એવા નામાદિ ચારેયનાં પણ તે તે પ્રત્યેક કાર્યો છે.

**ભાવાર્થ :-**

**(૧) નામનિક્ષેપાનું કાર્ય :-**

શ્લોક-૩માં બતાવ્યું એવા ગુણવાળા પુરુષને દીક્ષા અપાય છે ત્યારે, તેનામાં જે ગુણ પ્રધાનરૂપે દેખાય, તે ગુણને સામે રાખીને તેનું નામ અપાય છે. તેથી તે નામ ગુણનિષ્પન્ન નામ કહેવાય છે અને તે નામ દ્વારા તે મહાત્માની કીર્તિ થાય છે અર્થાત્ તે નામ દ્વારા તે મહાત્માની, વિદ્વાન પુરુષોને આ સાધુ આવા ગુણવાળા છે, તેવી બુદ્ધિ થાય છે; અને જે પુરુષો તે નામના અર્થમાં વ્યુત્પન્ન નથી, તેઓને પણ તે નામના શ્રવણથી પ્રીતિ થાય છે. જેમ ભદ્રબાહુસ્વામિ વગેરેના નામના શ્રવણથી, તે નામો ગુણનિષ્પન્ન હોવાથી વિદ્વાનોને બહુમાન થાય છે, અને સામાન્ય જનોને પણ તે નામ સાંભળવાથી મનમાં આલ્લાદ થાય છે. માટે સાધુના ગુણનિષ્પન્ન નામથી આ સાધુ મહાત્મા છે, તેવી કીર્તિ થાય છે.

**(૨) સ્થાપનાનિક્ષેપાનું કાર્ય :-**

યોગ્ય જીવોને દીક્ષા અપાય છે ત્યારે રજોહરણ, મુખવસ્ત્રિકાદિ અપાય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તેના દ્વારા તેનામાં ભાવસાધુના આકારવિશેષરૂપ સ્થાપનાનિક્ષેપાની પ્રાપ્તિ થાય છે; અને યોગ્ય જીવો તે સ્થાપનાને અનુરૂપ ભાવથી યુક્ત સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. તેથી સાધુના વેશરૂપ સ્થાપના સાધુના ભાવઆરોગ્યને કરનારી છે; કેમ કે સ્થાપનાને કારણે પરિણામથી યુક્ત કરાયેલી પ્રવૃત્તિથી ભાવરોગ ક્ષીણ થાય છે, અને આત્મામાં તત્ત્વજ્ઞાનના સંસ્કારો દૃઢ થાય છે, તેથી સ્થાપનાથી ભાવઆરોગ્યની પ્રાપ્તિ થાય છે.

**(૩) દ્રવ્યનિક્ષેપાનું કાર્ય :-**

સંયમી સાધુ અભિનવ આચારાદિ શ્રુતનું અધ્યયન કરે છે, અને સંયમને ઉપષ્ટંભક સકલ સાધુક્રિયા કરે છે. તે બંને આચારો સાધુના દ્રવ્યઆચાર છે, અને આ દ્રવ્યઆચારના પાલનથી, સ્વીકારાયેલી વિરતિના પરિણામો દૃઢ થાય છે; કેમ કે આચારાદિ શ્રુતના અધ્યયનથી યોગમાર્ગવિષયક સૂક્ષ્મ બોધ થાય છે અને તે સૂક્ષ્મ બોધથી આત્મા ભાવિત બને છે; અને સાધુના સકલ આચારો ઉચિત ક્રિયારૂપ હોવાને કારણે તે આચારોના સેવનથી ઉચિત ક્રિયા કરવાના સંસ્કારો દૃઢ બને છે. તેથી સ્વીકારાયેલ ઉચિત પ્રવૃત્તિની પરિણતિરૂપ વિરતિ દૃઢ થાય છે.

**(૪) ભાવનિક્ષેપાનું કાર્ય :-**

સમ્યગ્દર્શનાદિના પ્રકર્ષરૂપ જે ભાવ છે, તે સત્પદનું દીપન કરે છે અર્થાત્ સાધુ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રમાં ઉદ્યમ કરીને જેમ જેમ રત્નત્રયીની વૃદ્ધિ કરે છે, તેમ તેમ આચાર્યપદને અનુકૂળ પરિણતિવાળા થાય છે, ક્રમે કરીને તીર્થંકરપદને યોગ્ય થાય છે અને અંતે સિદ્ધપદને યોગ્ય થાય છે. તેથી આત્મામાં વર્તતા સમ્યગ્દર્શનાદિ ભાવો આત્માનાં પારમાર્થિક પદને પ્રગટ કરનારા છે.

પૂર્વમાં નામાદિ પ્રત્યેકની પ્રધાનતાની અપેક્ષાએ કાર્ય બતાવ્યું. હવે ચારેય નિક્ષેપાઓ સમુદિત કીર્તિ આદિના કારણ છે, તે બતાવે છે –

**સમુદિત એવા નામાદિનું કીર્તિરૂપ કાર્ય :-**

જેમ કોઈ સાધુનું ગુણનિષ્પન્ન નામ હોય, રજોહરણાદિ વસ્ત્રોનું ધારણ હોય, વળી અપ્રમાદથી શ્રુતઅધ્યયનમાં અને સકલ સાધુસામાચારીના પાલનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્યમ હોય, અને અંતરંગ રીતે રત્નત્રયીની વૃદ્ધિ થતી રહેતી હોય, તો આ મહાત્મા છે, એ પ્રકારની કીર્તિ થાય છે. તેથી નામાદિ ચાર નિક્ષેપાઓ સમુદિત થઈને કીર્તિના હેતુ છે.

**સમુદિત એવા નામાદિનું ભાવરોગના ઉપમર્દનરૂપ કાર્ય :-**

કોઈ સાધુનું ગુણનિષ્પન્ન નામ હોય, નામના સ્મરણથી ગુણવૃદ્ધિમાં ઉદ્યમ કરતા હોય, રજોહરણાદિ સ્થાપનાના બળથી ભાવગર્ભિત પ્રવૃત્તિ કરીને ગુણવૃદ્ધિમાં યત્ન કરતા હોય, આચારાદિ શ્રુતઅધ્યયન દ્વારા અને સાધુસામાચારીના પાલન દ્વારા ગુણવૃદ્ધિમાં યત્ન કરતા હોય, અને સમ્યગ્દર્શનાદિ ભાવો પણ ઉત્તરોત્તર વૃદ્ધિને પામતા હોય, તો તે સાધુમાં ભાવરોગનું ઉપમર્દન થાય છે. તેથી જેમ પૃથક્ એવો સ્થાપના નિક્ષેપો પ્રધાનરૂપે તે ભાવરોગનું ઉપમર્દન કરે છે, તેમ સમુદિત એવા ચારેય નિક્ષેપા પણ રાગાદિ પરિણામરૂપ ભાવરોગનું ઉપમર્દન કરે છે.

**સમુદિત એવા નામાદિનું વ્રતસ્થૈર્યરૂપ કાર્ય :-**

કોઈ સાધુનું ગુણનિષ્પન્ન નામ હોય, નામને અનુરૂપ ગુણમાં ઉદ્યમ કરતા હોય, વેશને અનુરૂપ ભાવગર્ભિત પ્રવૃત્તિ કરતા હોય, આચારાદિ શ્રુત અને સાધુસામાચારીમાં દૃઢ યત્ન કરતા હોય, અને અંતરંગ રીતે રત્નત્રયી પ્રકર્ષને પામતી હોય તો સ્વીકારાયેલ વિરતિના પરિણામ દૃઢ થાય છે. તેથી જન્મજન્માંતરમાં તે વિરતિના સંસ્કારો અનુવૃત્તિરૂપે પ્રાપ્ત થાય છે. તેથી જેમ પૃથક્ એવો દ્રવ્યનિક્ષેપો પ્રધાનરૂપે વ્રતસ્થૈર્યમાં કારણ છે, તેમ સમુદિત ચારેય નિક્ષેપા પણ વ્રતસ્થૈર્યના કારણ છે.

**સમુદિત એવા નામાદિનું સત્પદદીપનરૂપ કાર્ય :-**

કોઈ મહાત્માનું ગુણનિષ્પન્ન નામ હોય, તે નામનું સ્મરણ કરીને ગુણવૃદ્ધિમાં ઉદ્યમ કરતા હોય, તે ઉદ્યમથી પણ આત્મામાં સત્પદનું દીપન થાય છે અર્થાત્ આચાર્ય, તીર્થંકર અને સિદ્ધાવસ્થારૂપ સત્પદને અભિમુખ ભાવ વૃદ્ધિ પામે છે.

વળી તે મહાત્મા રજોહરણાદિરૂપ સ્થાપના દ્વારા ભાવગર્ભિત સંયમની પ્રવૃત્તિ કરતા હોય તો સત્પદનું દીપન થાય છે અર્થાત્ સત્પદને અભિમુખ ગુણવૃદ્ધિ થાય છે. વળી સંયમી સાધુ આચારાદિ શ્રુતના અભ્યાસરૂપ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગપૂર્વકની સાધુસામાચારીના પાલનરૂપ દ્રવ્યનિક્ષેપા દ્વારા સત્પદનું દીપન કરે છે.

વળી અંતરંગ રીતે વર્તતી રત્નત્રયીની પરિણતિરૂપ ભાવનિક્ષેપો પણ સત્પદના પ્રગટીકરણનું કારણ બને છે, તેથી જેમ પૃથક્ એવો ભાવનિક્ષેપો પ્રધાનરૂપે સત્પદના દીપનનું કારણ છે, તેમ સમુદિત એવા ચારેય નિક્ષેપાઓ પણ સત્પદના દીપનનું કારણ છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧માં દીક્ષાનું સ્વરૂપ બતાવ્યું, શ્લોક-૩માં દીક્ષાને યોગ્ય જીવનું સ્વરૂપ બતાવ્યું અને યોગ્ય જીવને નામાદિન્યાસપૂર્વક દીક્ષા અપાય છે, તેમ શ્લોક-૪માં કહ્યું, અને તે નામાદિ ચારનાં કાર્ય શ્લોક-૫માં બતાવ્યાં. હવે જે આરાધક જીવ નામાદિન્યાસપૂર્વકની વિધિથી દીક્ષાને પ્રાપ્ત કરે છે, તેને પ્રથમ શું પ્રાપ્ત થાય છે ? અને અંતે શું પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**इहादौ वचनक्षान्तिर्धर्मक्षान्तिरनन्तरम् ।**
**अनुष्ठानं च वचनानुष्ठानात् स्यादसङ्गकम् ।।६।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=દીક્ષામાં, आदौ=પ્રથમ वचनक्षान्तिः=વચનક્ષાન્તિ છે अनन्तरम्=અનન્તર धर्मक्षान्तिः=ધર્મક્ષાન્તિ છે च=અને वचनानुष्ठानात्= વચનઅનુષ્ઠાનથી, अनुष्ठानं असङ्गकम् स्यात्=અનુષ્ઠાન અસંગ થાય છે. ।।૬।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=દીક્ષામાં, પ્રથમ વચનક્ષાન્તિ છે, અનન્તર ધર્મક્ષાન્તિ છે અને વચનઅનુષ્ઠાનથી અનુષ્ઠાન અસંગ થાય છે. ।।૬।।**

**ટીકા :-**

**इहेति-इह=दीक्षायाम्, आदौ=प्रथमं, वचनक्षान्तिः, अनन्तरं धर्मक्षान्तिर्भवति**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अनुष्ठानं च वचनानुष्ठानादध्ययनाद्यभिरतिलक्षणादनन्तरं तन्मयीभावेन स्पर्शाप्तौ सत्यामसङ्गकं स्यात् ।।६।।**

**ટીકાર્થ :-**

इह ..... स्यात् ।। **અહીં=દીક્ષામાં, પ્રથમ વચનક્ષાન્તિ, અનન્તર ધર્મક્ષાન્તિ થાય છે, અને અધ્યયન આદિની અભિરતિરૂપ વચનઅનુષ્ઠાનથી, અનન્તર તન્મયભાવ થવાથી=અનુષ્ઠાનથી નિષ્પાદ્ય એવા શુદ્ધ આત્મતત્ત્વ સાથે તન્મયભાવ થવાથી, સ્પર્શપ્રાપ્તિ થયે છતે=નિર્વિકારી એવા આત્માના પારમાર્થિક સ્વરૂપનો સ્પર્શરૂપ અનુભવ પ્રાપ્ત થયે છતે, અનુષ્ઠાન અસંગ થાય. ।।૬।।**

❖ अध्ययनादि માં 'आदि' પદથી અધ્યાપનાદિ સંયમની ગુણવૃદ્ધિને અનુકૂળ અન્ય સર્વ ક્રિયાનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

શ્લોક-૪માં બતાવ્યું, તે પ્રકારની વિધિથી કોઈક સાધક આત્મા દીક્ષા ગ્રહણ કરે ત્યારે પ્રથમ વચનક્ષમા પ્રગટ થાય છે, અને ઉપલક્ષણથી વચનમાર્દવ, વચનઆર્જવ અને વચનનિરીહતા પ્રગટ થાય છે.

**વચનક્ષમા :-**

ભગવાનના વચનના સ્મરણપૂર્વક સર્વ ઉચિત ક્રિયાને કારણે આત્મામાં ક્રોધાદિભાવો સ્ફુરણ થતા નથી. તેથી આત્મામાં નિરાકુળભાવ વર્તે છે, અને તે નિરાકુળભાવ ભગવાનના વચનના સ્મરણથી વર્તે છે, માટે તે ક્ષમાદિભાવને વચનક્ષમાદિ કહેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધક આત્માઓને સંસારથી અત્યંત ભય હોય, સંસારથી પર અવસ્થા પ્રત્યે અત્યંત રાગ હોય, સંસારથી રહિત થવાનો ઉપાય ભગવાનનું વચન છે તેનું જ્ઞાન હોય, અને સંસારથી પર અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય ભગવાનનું વચન છે એવી સ્થિર શ્રદ્ધા હોય; તે સાધક આત્માઓ તે શ્રદ્ધાથી નિયંત્રિત ભગવાનના વચનને અવલંબીને ગુપ્તિમાં યત્ન કરે તે સાધક આત્માઓને દીક્ષા ગ્રહણ કરતાંની સાથે વચનક્ષમાદિ પ્રગટે છે. વળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા સાધક આત્માઓ વચનક્ષમાદિના સેવનથી ક્રમે કરીને ધર્મક્ષમાદિ ભાવોને પ્રાપ્ત કરે છે, ત્યારે તે ક્ષમાદિભાવો તેમની પ્રકૃતિરૂપ બને છે.

**વચનાનુષ્ઠાનથી અસંગભાવની પ્રાપ્તિ થાય ત્યારે ધર્મક્ષમાદિની પ્રાપ્તિ :-**

વળી દીક્ષાની પ્રાપ્તિ સાથે અધ્યયન આદિની અભિરતિરૂપ=અભિરુચિરૂપ વચનાનુષ્ઠાન પ્રગટે છે. તેથી મહાત્મા નવા નવા શ્રુતગ્રહણમાં, ગ્રહણ કરાયેલા શ્રુતનું સ્થિરીકરણ કરવામાં અને સ્થિર થયેલા શ્રુતને પરિણમન પમાડવામાં ઉદ્યમ કરે છે; અને જ્યારે તે શ્રુતથી નિષ્પાદ્ય ભાવો આત્મામાં અત્યંત સ્થિર થાય છે, ત્યારે તન્મય ભાવ થવાથી સ્પર્શની પ્રાપ્તિ થાય છે=શ્રુતથી નિષ્પાદ્ય ભાવો આત્મસાત્ થાય છે ત્યારે અસંગભાવની પ્રાપ્તિ થાય છે અર્થાત્ જીવ ભાવથી સંગ વગરનો થાય છે ત્યારે ધર્મક્ષમાદિ પ્રગટે છે.

**વચનક્ષમાદિ અને ધર્મક્ષમાદિ વચ્ચેનો ભેદ :-**

વચનક્ષમાદિ ભાવોમાં વચનના અવલંબનથી ક્ષમાદિભાવો સ્ફુરણ થાય છે અને વૃદ્ધિ પામે છે; અને ધર્મક્ષમાદિના પ્રાપ્તિકાળમાં જીવની પ્રકૃતિરૂપે ક્ષયોપશમભાવના ક્ષમાદિભાવો વર્તે છે અને ક્ષાયિકભાવને અભિમુખ વૃદ્ધિ પામે છે અને વચનક્ષમાકાળમાં વચનનું અવલંબન શિથિલ થાય તો ક્ષમાદિના પ્રતિપક્ષ ભાવો પણ પ્રગટે છે. આથી આરાધક સાધુને પણ વચનના અવલંબનના શૈથિલ્યને કારણે અતિચારોની પ્રાપ્તિ થાય છે અર્થાત્ સંજ્વલનના ઉદયથી યોગીનો આત્મા ઇષદ્ કષાયોથી પ્રજ્વલિત થાય છે; અને ધર્મક્ષમાની આદ્ય ભૂમિકામાં બળવાન વ્યાઘાતક સામગ્રી આવે તો ક્ષમાદિના પ્રતિપક્ષ ભાવો પ્રગટે પણ છે, પરંતુ ક્ષાયિક ભાવની ધર્મક્ષમા પ્રાપ્ત થયા પછી પ્રતિપક્ષ ભાવો થવાનો સંભવ નથી. **॥૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૬માં કહ્યું કે સાધુને આદ્ય ભૂમિકામાં વચનક્ષમા આવે છે, પછી ધર્મક્ષમા આવે છે. તેથી ક્ષમા કેટલા પ્રકારની છે, તે બતાવવા અર્થે કહે છે -**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્લોક :-

उपकारापकाराभ्यां विपाकाद्वचनात्तथा ।
धर्माच्च समये क्षान्तिः पञ्चधा हि प्रकीर्तिता ।।७।।

અન્વયાર્થ :-

उपकारापकाराभ्यां=ઉપકાર-અપકારથી विपाकाद्=વિપાકથી तथा=અને वचनात्=વચનથી च=અને धर्मात्=ધર્મથી समये=સમયમાં=શાસ્ત્રમાં क्षान्तिः= ક્ષમા पञ्चधा=પાંચ પ્રકારની प्रकीर्तिता=કહેવાઈ છે. ।।૭।।

શ્લોકાર્થ :-

**ઉપકાર-અપકારથી, વિપાકથી, વચનથી અને ધર્મથી સમયમાં= શાસ્ત્રમાં, ક્ષમા પાંચ પ્રકારની કહેવાઈ છે. ।।૭।।**

નોંધ :- શ્લોકમાં 'हि' અવ્યય પાદપૂર્તિ માટે છે.

ટીકા :-

उपकारेति-उपकारेण क्षान्तिः उपकारिप्रोक्तदुर्वचनाद्यपि सहमानस्य । अपकारेण क्षान्तिः मम दुर्वचनाद्यसहमानस्यायमपकारी भविष्यतीत्याशयेन क्षमां कुर्वतः । विपाकाच्चेहपरलोकगतानर्थपरम्परालक्षणादालोच्यमानात् क्षान्तिर्विपाकक्षान्तिः । तथा वचनात् क्षान्तिरागममेवालम्बनीकृत्योपकारित्वादिनैरपेक्ष्येण क्षमां कुर्वतः । धर्माच्चात्मशुद्धस्वभावलक्षणाज्जायमाना क्षान्तिश्चन्दनस्येव शरीरस्य च्छेददाहादिषु सौरभादिस्वधर्मकल्पा परोपकारिणी सहजत्वेनावस्थिताऽविकारिणी । एवं पञ्चधा क्षान्तिः समये प्रकीर्तिता । यदुक्तं –

"उपकार्यपकारिविपाकवचनधर्मोत्तरा मता क्षान्तिः" । (षोड. १०/१०) इति ।।७।।

ટીકાર્થ :-

उपकार ..... प्रकीर्तिता । ઉપકારી વડે કહેવાયેલ દુર્વચનાદિને પણ સહન કરનારની ઉપકારથી ક્ષમા છે. દુર્વચનાદિ નહિ સહન કરતા એવા મને 'આ અપકારી થશે' એ પ્રકારના આશયથી ક્ષમાને કરનારની અપકારથી ક્ષમા છે. આલોક-પરલોકગત અનર્થની પરંપરારૂપ આલોચ્યમાન એવા=આલોચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કરાતા એવા, વિપાકથી ક્ષમા તે વિપાકક્ષમા છે અને ઉપકારીપણાદિના નિરપેક્ષપણાથી આગમનું આલંબન કરીને ક્ષમા કરનારને વચનથી ક્ષમા છે. શરીરના છેદમાં અને દાહાદિમાં ચંદનની જેમ સૌરભાદિ સ્વધર્મ જેવી પરના ઉપકારને કરનારી, સહજપણાથી અવસ્થિત, અવિકારી આત્માના શુદ્ધસ્વભાવરૂપ ધર્મથી થનારી ક્ષમા ધર્મક્ષમા છે. આ પ્રકારે શાસ્ત્રમાં પાંચ પ્રકારની ક્ષમા કહેવાઈ છે.**

**यदुक्तं - જે કારણથી ષોડશક-૧૦/૧૦માં કહેવાયું છે –**

"उपकार्य ..... क्षान्तिः" **इति** ।। "ઉપકારીપદ ઉત્તરમાં અભિધેય એવી ક્ષાંતિ મનાઈ છે, અપકારી પદ ઉત્તરમાં અભિધેય એવી ક્ષાંતિ મનાઈ છે, વિપાકપદ ઉત્તરમાં અભિધેય એવી ક્ષાંતિ મનાઈ છે, વચનપદ ઉત્તરમાં અભિધેય એવી ક્ષાંતિ મનાઈ છે. ધર્મપદ ઉત્તરમાં અભિધેય એવી ક્ષાંતિ મનાઈ છે."

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

**પાંચ પ્રકારની ક્ષમાનું સ્વરૂપ :-**

**(૧) ઉપકારક્ષમા :-**

જે જીવો પ્રકૃતિથી કંઈક ક્લેશપ્રિય નથી, તેવા જીવો પોતાના ઉપકારી વડે કહેવાયેલાં દુર્વચનોને પણ સહન કરે છે. તે વખતે તે વચનો ચંડ=ઉગ્ર થવામાં કારણ હોવા છતાં ઉપકારના સ્મરણને કારણે પોતાની ચંડ પ્રકૃતિ તિરોધાન પામે છે, તે ઉપકારથી ક્ષમા છે.

**(૨) અપકારક્ષમા :-**

કોઈક પુરુષ પોતાને દુર્વચન કહેતો હોય, અને તે દુર્વચન સહન ન કરવામાં આવે તો તે દુર્વચન કહેનાર પુરુષ પોતાનો અપકારી થશે, એ પ્રકારના આશયથી તેના દુર્વચનથી પણ ચિત્ત પ્રકોપિત ન થાય, તે અપકારથી ક્ષમા છે.

**(3) વિપાકક્ષમા :-**

જેની પ્રકૃતિ કંઈક ક્લેશપ્રિય નથી, તેવો જીવ, જેમ ઉપકારીના ઉપકારને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાદ રાખીને ચિત્તને શાંત રાખવા યત્ન કરે છે, અને જેના તરફથી અપકાર થવાની સંભાવના છે, તેના તરફ પણ ચિત્તને શાંત રાખવા યત્ન કરે છે; તેમ જ્યાં કોઈ ઉપકારી ન હોય, અને સામેનાથી અપકાર થાય તેમ ન હોય, તેવા સ્થાનમાં પણ ક્રોધના વિપાકનો વિચાર કરીને ચિત્તને શાંત રાખવા યત્ન કરે છે અર્થાત્ વિચારે છે કે કુપિત થવાથી આલોકમાં પણ દેહાદિમાં વિકાર થાય છે, તેથી પોતાનું અહિત થાય છે, અને પરલોકમાં પણ અનર્થની પરંપરા થાય છે, માટે ક્રોધથી સર્યું. તેમ આલોચન કરીને ક્ષમા રાખે છે તે વિપાકક્ષમા છે.

**(૪) વચનક્ષમા :-**

ઉપકારીપણાના, અપકારીપણાના કે વિપાકપણાના વિચાર વગર આગમનું અવલંબન કરીને સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરનારા મુનિઓને વચનક્ષમા હોય છે. આશય એ છે કે ક્રોધ-માન-માયા-લોભ આ ચારના ઉન્મૂલન માટે ભગવાનનું વચન સદા ઉપદેશ આપે છે. તે વચનનું આલંબન લઈને ક્રોધ-માન-માયા-લોભના પ્રતિપક્ષ એવા ક્ષમાદિ ભાવોની વૃદ્ધિને અનુકૂળ સુદૃઢ યત્ન કરનારા મુનિઓને દેહથી માંડીને સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે પ્રતિબંધ હોતો નથી, અને તેના વ્યાઘાતક પદાર્થો પ્રત્યે દ્વેષનો ઉલ્લેખ પણ હોતો નથી, પરંતુ શાસ્ત્રવચનાનુસાર પ્રવૃત્તિ કરીને આત્માના સ્વભાવને પ્રગટ કરવા યત્ન કરે છે, તેવા મુનિને વચનક્ષમા હોય છે, અને ઉપલક્ષણથી વચનમાર્દવ આદિ હોય છે.

**(૫) ધર્મક્ષમા :-**

વચનક્ષમાના નિરંતર સેવનથી જીવના સ્વભાવભૂત ક્ષમા પ્રગટે છે, તે કેવી છે, તે બતાવતાં કહે છે - જેમ ચંદનને છેદવામાં આવે કે દાહ દેવામાં આવે તેનાથી ચંદનની સુગંધ પ્રગટે છે, તેમ ધર્મક્ષમાવાળા મુનિના દેહમાં છેદ અથવા દાહ કરાતો હોય તોપણ ધર્મક્ષમાવાળા મુનિનું ચિત્ત તેના હિતને અનુકૂળ શુભ ભાવોને ધારણ કરે છે. વળી પરનો ઉપકાર કરવાની વૃત્તિવાળી તે ક્ષમા હોય છે અને જીવની સહજ પ્રકૃતિરૂપે અવસ્થિત હોય છે અને કોઈ વિકારને ધારણ કરતી નથી અર્થાત્ કોઈ સંયોગોમાં આ ક્ષમામાં વિકાર પ્રગટ થતો નથી. વળી આત્માના શુદ્ધસ્વભાવરૂપ ધર્મથી આ ક્ષમા પ્રગટ થનારી છે. તેથી આવા પ્રકારની ક્ષમા ધર્મક્ષમા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે શાસ્ત્રમાં પાંચ પ્રકારની ક્ષમા કહેલ છે.

**પ્રથમની ત્રણ ક્ષમા અને વચનક્ષમા વચ્ચેનો ભેદ :-**

જે જીવોનું ક્લેશ પ્રત્યેનું વલણ કાંઈક મંદ થયું છે, તેથી ક્ષમાદિ ગુણોના પક્ષપાતી થયા છે, આમ છતાં ભગવાનના વચનના બળથી ક્ષમાદિ ભાવોમાં યત્ન કરી શકે તેવી વિશિષ્ટ શક્તિનો સંચય થયો નથી, આવા જીવો જ્યારે ઉપકારી કટુ વચન કહેતા હોય તે વખતે ઉપકારીના ઉપકારનું સ્મરણ કરીને ક્ષમામાં ઉદ્યમ કરે છે; અને જ્યારે અન્યથી અપકાર થવાની સંભાવના હોય તે વખતે અપકારનું સ્મરણ કરીને ક્ષમામાં ઉદ્યમ કરે છે; અને જ્યારે પ્રતિકૂળ વચન કહેનાર પોતાનો ઉપકારી ન હોય કે પોતાનો અપકાર કરી શકે તેમ ન હોય તેવા પ્રસંગે પણ કર્મના વિપાકનું ચિંતવન કરીને ક્ષમામાં ઉદ્યમ કરે છે. તેથી આવા જીવો જોકે સર્વ નિમિત્તોમાં ક્ષમા પ્રત્યે ઉદ્યમ કરનારા છે, આમ છતાં ભગવાનના વચનના સ્મરણના બળથી ત્રણ ગુપ્તિના પરિણામોને તેઓ પામ્યા નથી, તેથી તેઓને સંયોગ પ્રમાણે તે ત્રણમાંથી કોઈપણ પ્રકારની ક્ષમા હોય છે, પરંતુ વચનક્ષમા નથી, એટલો વચનક્ષમા અને પ્રથમની ત્રણ ક્ષમા વચ્ચેનો ભેદ છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૬માં કહ્યું કે દીક્ષામાં વચનાનુષ્ઠાનથી અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. તેથી હવે અનુષ્ઠાન કેટલા પ્રકારનાં છે, તે બતાવે છે; અને પૂર્વશ્લોકમાં પાંચ પ્રકારની ક્ષમા બતાવેલી, તેનું અનુષ્ઠાન સાથે યોજન બતાવે છે –**

**શ્લોક :-**

**प्रीतिभक्तिवचोऽसङ्गैरनुष्ठानं चतुर्विधम् ।**

**आद्यद्वये क्षमास्तिस्रोऽन्तिमे द्वे चान्तिमद्वये ।।૮।।**

**અન્વયાર્થ :-**

**प्रीतिभक्तिवचोऽसङ्गैरनुष्ठानं=પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગના નિમિત્તથી અનુષ્ઠાન चतुर्विधम्=ચાર પ્રકારનું છે आद्यद्वये=પ્રથમદ્વયમાં=પ્રીતિ અને ભક્તિ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુષ્ઠાનમાં, क्षमास्तिस्रः=ત્રણ ક્ષમા છે=ઉપકારક્ષમા, અપકારક્ષમા અને વિપાકક્ષમા છે च=અને अन्तिमे द्वे=અંતિમ બે અનુષ્ઠાનમાં=વચનાનુષ્ઠાનમાં અને અસંગઅનુષ્ઠાનમાં, अन्तिमद्वये=અંતિમ બે ક્ષમા છે અર્થાત્ વચનક્ષમા અને ધર્મક્ષમા છે. ॥૮॥

**શ્લોકાર્થ :-**

**પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગના નિમિત્તથી અનુષ્ઠાન ચાર પ્રકારનું છે. પ્રથમ દ્વયમાં=પ્રીતિ અને ભક્તિઅનુષ્ઠાનમાં ત્રણ ક્ષમા છે=ઉપકારક્ષમા, અપકારક્ષમા અને વિપાકક્ષમા છે અને અંતિમ બે અનુષ્ઠાનમાં=વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનમાં અંતિમ બે ક્ષમા છે=વચનક્ષમા અને ધર્મક્ષમા છે. ॥૮॥**

**ટીકા :-**

**प्रीतीति-प्रीतिभक्तिवचोऽसङ्गैर्निमित्तैश्चतुर्विधमनुष्ठानं, प्रीत्यनुष्ठानं, भक्त्यनुष्ठानं, वचनानुष्ठानं असङ्गानुष्ठानं चेति । तत्र सुन्दरतामात्राहितरुचिपूर्वकानुष्ठानमाद्यं, गौरवाहितरुचिपूर्वकानुष्ठानं द्वितीयं, सर्वत्राप्तवचनपुरस्कारप्रवृत्तमनुष्ठानं तृतीयं, अभ्यासादात्मसाद्भूतं परद्रव्यानपेक्षमनुष्ठानं चतुर्थं । यदाहुः –**

"तत्प्रीतिभक्तिवचनासङ्गोपपदं चतुर्विधं गीतम् ।
तत्त्वाभिज्ञैः परमपदसाधनं सर्वमेवैतत्" ।।
"यत्रादरोऽस्ति परमः प्रीतिश्च हितोदया भवति कर्तुः ।
शेषत्यागेन करोति यच्च तत्प्रीत्यनुष्ठानम्" ।।
"गौरवविशेषयोगाद् बुद्धिमतो यद्विशुद्धतरयोगम् ।
क्रिययेतरतुल्यमपि ज्ञेयं तद्भक्त्यनुष्ठानम्" ।।
"अत्यन्तवल्लभा खलु पत्नी तद्वद्धिता च जननीति ।
तुल्यमपि कृत्यमनयोर्ज्ञातं स्यात्प्रीतिभक्तिगतम्" ।।
"वचनात्मिका प्रवृत्तिः सर्वत्रौचित्ययोगतो या तु ।
वचनानुष्ठानमिदं चारित्रवतो नियोगेन" ।।
"यत्त्वभ्यासातिशयात्सात्मीभूतमिव चेष्ट्यते सद्भिः ।
तदसङ्गानुष्ठानं भवति त्वेतत्तदावेधात्" ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"चक्रभ्रमणं दण्डात्तद्भावे चैव यत्परं भवति ।

वचनासङ्गानुष्ठानयोस्तु तज्ज्ञापकं ज्ञेयम्" ।। **(षोड. १०/२-८)**

**आद्यद्वये प्रीतिभक्त्यनुष्ठानलक्षणे तिस्रः क्षमा भवन्ति उपकारापकारविपाकोत्तराः, अन्तिमद्वये च वचनासङ्गानुष्ठानलक्षणे द्वे क्षमे भवतो वचनधर्मोत्तरे । तदुक्तं –**

"आद्यद्वये त्रिभेदा चरमद्वितये द्विभेदा" **(षोड. १०/१०)** इति ।।८।।

**ટીકાર્થ :-**

**प्रीति ..... चतुर्थम् । પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગના નિમિત્તથી ચાર પ્રકારનું અનુષ્ઠાન છે અર્થાત્ પ્રીતિઅનુષ્ઠાન, ભક્તિઅનુષ્ઠાન, વચનઅનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાન, એ પ્રમાણે ચાર પ્રકારનું અનુષ્ઠાન છે, એમ પૂર્વ સાથે સંબંધ છે. ત્યાં=ચાર પ્રકારના અનુષ્ઠાનમાં, સુંદરતામાત્રઆહિત રુચિપૂર્વકનું અનુષ્ઠાન આદ્ય છે=પ્રીતિઅનુષ્ઠાન છે, ગૌરવઆહિત રુચિપૂર્વકનું અનુષ્ઠાન બીજું છે=ભક્તિઅનુષ્ઠાન છે, સર્વત્ર આપ્તવચનના પુરસ્કારથી પ્રવૃત્ત ત્રીજું અનુષ્ઠાન છે=વચનાનુષ્ઠાન છે અને અભ્યાસથી આત્મસાતભૂત પરદ્રવ્યની અનપેક્ષાવાળું અનુષ્ઠાન ચોથું છે=અસંગઅનુષ્ઠાન છે. ।।૮।।**

**ભાવાર્થ :-**

**ચાર પ્રકારના અનુષ્ઠાનનું સ્વરૂપ :-**

**(૧) પ્રીતિઅનુષ્ઠાન :-**

આ અનુષ્ઠાન મારા કલ્યાણનું કારણ છે અથવા મારા હિતનું કારણ છે, માટે સુંદર છે, એવી સુંદરતામાત્રથી આહિત=આત્મામાં આધાન થયેલી, એવી જે અનુષ્ઠાન સેવવાની રુચિ, તે રુચિપૂર્વક સેવાયેલું અનુષ્ઠાન પ્રીતિઅનુષ્ઠાન છે.

**(૨) ભક્તિઅનુષ્ઠાન :-**

ગુણવાન એવા ભગવાનના ગુણોનો બોધ થવાથી તે ગુણવાન પુરુષ પ્રત્યે ગૌરવબુદ્ધિ થાય છે અર્થાત્ આ ગુણસંપન્ન મહાપુરુષ છે, એવી બુદ્ધિ થાય છે, તે બુદ્ધિથી આહિત=આત્મામાં આધાન થયેલી, તેમની ભક્તિ કરવાની રુચિ, તે રુચિપૂર્વક સેવાયેલું અનુષ્ઠાન ભક્તિઅનુષ્ઠાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૩) વચનઅનુષ્ઠાન :-**

આપ્ત એવા સર્વજ્ઞના વચનના પુરસ્કારપૂર્વક સર્વ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થવું, એવું અનુષ્ઠાન વચનાનુષ્ઠાન છે. આશય એ છે કે જીવના હિતનું કારણ સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ છે, અને તેનાથી વિપરીત પ્રવૃત્તિ અહિતનું કારણ છે, એવો બોધ થવાથી સર્વજ્ઞના વચનાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓનું સેવન તે વચનાનુષ્ઠાન છે.

**(૪) અસંગઅનુષ્ઠાન :-**

સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ સુઅભ્યસ્ત થાય છે, ત્યારે તે અનુષ્ઠાન પ્રકૃતિરૂપ બને છે, અને તે વખતે ભગવાનના વચનરૂપ પરદ્રવ્યની અપેક્ષા વગર તે અનુષ્ઠાનનું સેવન થાય છે, તે અસંગઅનુષ્ઠાન છે.

**ટીકાર્થ :-**

**यदाहुः જેને કહે છે=પૂર્વમાં પ્રીતિ આદિ ચાર પ્રકારનાં અનુષ્ઠાન બતાવ્યાં. જેને, ષોડશકમાં ૧૦-૨ થી ૧૦-૮માં કહે છે.**

"तत्प्रीतिभक्तिवचनासङ्गोपपदं ..... एतत्" ।। "પ્રીતિ, ભક્તિ, વચન (અને) અસંગ એ પ્રકારના ઉપપદવાળું, ચાર પ્રકારનું એવું તે=અનુષ્ઠાન, તત્ત્વના જાણનારાઓ વડે કહેવાયું છે. સર્વ જ=પૂર્વમાં કહ્યું તે સર્વ જ, આ=ચાર પ્રકારનું અનુષ્ઠાન, પરમપદનું સાધન છે અર્થાત્ મોક્ષનું કારણ છે."

પ્રીતિઅનુષ્ઠાનનું લક્ષણ કહે છે –

"यत्रादरो ..... प्रीत्यनुष्ठानम्" ।। "જેમાં=જે અનુષ્ઠાનમાં, પરમ આદર છે અને કર્તાને હિતના ઉદયવાળી પ્રીતિ છે, અને જે શેષના ત્યાગથી=સેવાતા અનુષ્ઠાનથી અન્ય સર્વ પ્રવૃત્તિના ત્યાગથી કરે છે, તે પ્રીતિઅનુષ્ઠાન છે."

ભક્તિઅનુષ્ઠાનનું લક્ષણ કહે છે –

"गौरवविशेष ..... भक्त्यनुष्ठानम्" ।। "ગૌરવવિશેષના યોગથી=ગુણવાન પુરુષના ગુણના પરિજ્ઞાનના કારણે ગુણવાન પુરુષ પ્રત્યે બહુમાનવિશેષના યોગથી, બુદ્ધિમાન પુરુષનો, જે વિશુદ્ધતર યોગ છે=પ્રીતિઅનુષ્ઠાન કરતાં વિશુદ્ધતર યોગ છે, તે ક્રિયાથી ઈતર તુલ્ય પણ=પ્રીતિઅનુષ્ઠાન તુલ્ય પણ, ભક્તિઅનુષ્ઠાન જાણવું."

પ્રીતિઅનુષ્ઠાન અને ભક્તિઅનુષ્ઠાન વચ્ચેનો ભેદ બતાવે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"अत्यन्त ..... प्रीतिभक्तिगतम्" ।। "અત્યંત વલ્લભ પત્ની છે, તેની જેમ=પત્નીની જેમ માતા હિતા છે=અત્યંત હિતને કરનારી છે. એથી આ બન્નેના વિષયમાં=પત્ની અને માતાના વિષયમાં, તુલ્ય પણ કૃત્ય=ભોજન, વસ્ત્રદાનાદિ સમાન પણ કૃત્ય, પ્રીતિ અને ભક્તિગત દૃષ્ટાંત છે."

વચનાનુષ્ઠાનનું લક્ષણ કહે છે –

"वचनात्मिका ..... नियोगेन" ।। "વળી સર્વત્ર ઔચિત્યના યોગથી=સર્વ જીવો પ્રત્યે ઔચિત્યના વ્યાપારથી, વચનસ્વરૂપ જે પ્રવૃત્તિ, એ વચનાનુષ્ઠાન ચારિત્રીને નિયોગથી છે."

અસંગઅનુષ્ઠાનનું લક્ષણ કહે છે –

"यत्त्वभ्यास ..... आवेधात्" ।। "વળી અભ્યાસના અતિશયથી=વચનાનુષ્ઠાનના સેવનરૂપ અભ્યાસના અતિશયથી, સાત્મીભૂતની જેમ=ચંદનગંધન્યાયથી સ્વપ્રકૃતિની જેમ સજ્જનો વડે=જિનકલ્પી આદિ વડે જે=સમભાવની વૃદ્ધિને અનુકૂળ અનુષ્ઠાન સેવાય છે, તે અસંગઅનુષ્ઠાન છે=જીવની સંગ વગરની પરિણતિરૂપ આચરણા છે. વળી આ=અસંગભાવની પરિણતિરૂપ અનુષ્ઠાન, તેના આવેગથી=વચનાનુષ્ઠાનના દૃઢ સંસ્કારથી થાય છે."

વચનાનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાન વચ્ચેનો ભેદ બતાવે છે –

"चक्रभ्रमणं ..... ज्ञेयम्" ।। "દંડથી ચક્રભ્રમણ, અને તેના અભાવમાં જ વળી બીજું થાય છે=બીજું ચક્રભ્રમણ થાય છે, તે બે પ્રકારનું ચક્રભ્રમણ વચનાનુષ્ઠાનનું અને અસંગઅનુષ્ઠાનનું, જ્ઞાપક=દૃષ્ટાંત જાણવું."

**ભાવાર્થ :-**

શ્લોકના પૂર્વાર્ધનું ટીકામાં સ્પષ્ટીકરણ કર્યું અને પ્રીતિ, ભક્તિ આદિ ચાર અનુષ્ઠાનનું સ્વરૂપ બતાવ્યું. તેમાં સાક્ષીરૂપે ષોડશકની ગાથાઓ બતાવી. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે –

**ષોડશક-૧૦/૨નો અર્થ આ પ્રમાણે છે :-**

મોક્ષસાધક પ્રીતિ આદિ અનુષ્ઠાન ચાર વિશેષણોથી પ્રીતિ આદિ ચાર પ્રકારનું પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ સાધક આત્મા વીતરાગભાવને અનુકૂળ મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરતો હોય અને તે પ્રવૃત્તિમાં પ્રીતિ વર્તતી હોય તો તે મોક્ષસાધક અનુષ્ઠાન **પ્રીતિઅનુષ્ઠાન** છે, અને તે અનુષ્ઠાનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તિ અંશ પ્રધાન હોય તો તે અનુષ્ઠાન **ભક્તિઅનુષ્ઠાન** બને છે, અને તે અનુષ્ઠાન ભગવાનના વચનના સ્મરણના નિયંત્રણપૂર્વક હોય તો તે અનુષ્ઠાન **વચનાનુષ્ઠાન** બને છે, અને સંસારના કારણીભૂત એવો સંગનો પરિણામ જેમાં તિરોધાન પામેલ છે, અને જીવનો અસંગ સ્વભાવ જેમાં પ્રધાન છે, એવું તે અનુષ્ઠાન **અસંગઅનુષ્ઠાન** છે.

**ષોડશક-૧૦/૩માં પ્રીતિઅનુષ્ઠાનનું લક્ષણ કહે છે :-**

મોક્ષસાધક જે અનુષ્ઠાનના સેવનમાં જીવને પરમ આદર છે અને કર્તાને હિતના ઉદયવાળી પ્રીતિ જેમાં વર્તે છે અર્થાત્ જે પ્રીતિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વીતરાગતાનું કારણ છે, તેવી હિતના ઉદયવાળી પ્રીતિ કર્તાને વર્તે છે, અને અનુષ્ઠાન સેવન કરનાર પુરુષ શેષ સર્વ અનુષ્ઠાનના ત્યાગથી=જે અનુષ્ઠાન સેવે છે તે પ્રીતિઅનુષ્ઠાન છે.

અહીં વિશેષ એ છે કે પ્રીતિઅનુષ્ઠાન કરનારા મન-વચન-કાયાથી તે અનુષ્ઠાનમાં જ ઉપયોગવાળા હોય છે, અને જેઓનું ચિત્ત અનુષ્ઠાનકાળમાં અન્ય વિષય સાથે વારંવાર કે ક્વચિત્ સંલગ્ન થતું હોય, તેટલા અંશમાં પ્રીતિની ન્યૂનતા છે, અને જેઓને તે અનુષ્ઠાનમાંથી પ્રીતિજન્ય આનંદ થતો નથી, તેઓનું તે અનુષ્ઠાન પ્રીતિઅનુષ્ઠાન પણ નથી.

**ષોડશક-૧૦/૪માં ભક્તિઅનુષ્ઠાનનું લક્ષણ કહે છે :-**

ભગવાનની ભક્તિ આદિ અનુષ્ઠાનકાળમાં ભગવાનના ગુણોનું કંઈક પરિજ્ઞાન થવાથી ભક્તિઅનુષ્ઠાનમાં ભગવાનની ભક્તિનો અંશ પ્રધાન બને છે. તેથી ભક્તિઅનુષ્ઠાન ક્રિયાથી પ્રીતિઅનુષ્ઠાન તુલ્ય હોવા છતાં, પ્રીતિઅનુષ્ઠાન કરતાં વિશુદ્ધતર વ્યાપારવાળું છે=વીતરાગાદિ ગુણોને અભિમુખ ગમનને અનુકૂળ એવા વિશુદ્ધતર વ્યાપારવાળું છે. વળી ભક્તિઅનુષ્ઠાનકાળમાં જીવોને જેની ભક્તિ કરવાની હોય એવા દેવ-ગુરુના ગુણોનું પરિજ્ઞાન હોય છે, અથવા જે અનુષ્ઠાન સેવવાનું હોય તે અનુષ્ઠાનથી આત્મામાં કેવા ગુણો પ્રગટ થાય છે, તેનું પરિજ્ઞાન હોય છે, તેથી તે અનુષ્ઠાનમાં ભક્તિ અંશ પ્રધાન છે.

વળી પ્રીતિઅનુષ્ઠાનમાં જેમ ચિત્ત અન્યત્ર ગમન કરતું હોય તો તે પ્રીતિઅનુષ્ઠાન તેટલા અંશમાં ન્યૂનતાવાળું છે, તેમ ભક્તિઅનુષ્ઠાનકાળમાં પણ ચિત્ત અન્યત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગમન કરતું હોય તો તે ભક્તિઅનુષ્ઠાન પણ તેટલા અંશમાં ન્યૂનતાવાળું છે.

વળી આ ભક્તિઅનુષ્ઠાન સેવનાર પુરુષ ભગવાનના વચનના પૂર્ણ નિયંત્રણ અનુસાર તે અનુષ્ઠાન કરવાની ઇચ્છાવાળા હોવા છતાં, ભગવાનના વચનના પૂર્ણ નિયંત્રણ પ્રમાણે તે અનુષ્ઠાન સેવી શકતા નથી, તેથી તેઓનું તે અનુષ્ઠાન વચનાનુષ્ઠાન નથી, પણ ભક્તિઅનુષ્ઠાન છે; કેમ કે વચનાનુષ્ઠાન ભગવાનના વચનના યથાર્થ બોધથી લબ્ધલક્ષ્યવાળું હોય છે, અને સેવનકાળમાં બદ્ધલક્ષ્ય થઈને સેવાતું હોય છે. જ્યારે ભક્તિઅનુષ્ઠાનવાળા પુરુષ ભગવાનના વચનથી લબ્ધલક્ષ્યવાળા હોય તોપણ સેવનકાળમાં બદ્ધલક્ષ્યવાળા થઈને તે અનુષ્ઠાન સેવી શકતા નથી. તેથી ભક્તિઅનુષ્ઠાનવાળા જીવો ત્રણેય યોગથી અનુષ્ઠાનમાં પ્રવૃત્ત હોય તોપણ તેઓનું અનુષ્ઠાન વચનાનુષ્ઠાન બનતું નથી.

અહીં વિશેષ એ છે કે ભગવાનનું દરેક વચન શક્તિના પ્રકર્ષથી અસંગભાવને અનુકૂળ એવા સમભાવની વૃદ્ધિને અનુકૂળ પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ આપે છે, અને તે વચનનો પરમાર્થ જેમને પ્રાપ્ત થયો છે, તેઓ લબ્ધલક્ષ્યવાળા છે, અને લક્ષ્યનો નિર્ણય કર્યા પછી સેવાતા અનુષ્ઠાનના દરેક અંગને જેઓ તે લક્ષ્યને અનુરૂપ સેવી શકે, તેઓ બદ્ધલક્ષ્યવાળા છે.

**ષોડશક-૧૦/૬માં વચનઅનુષ્ઠાનનું લક્ષણ કહે છે :-**

જે સાધુઓ સંસારના સ્વરૂપથી અત્યંત ભાવિત છે, તેથી સંસારના પરિભ્રમણથી અત્યંત ભય પામેલા છે અને સંસારના પરિભ્રમણથી રક્ષણનો ઉપાય ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ છે, તેવો સ્થિર નિર્ણય જેમને છે, તે સાધુઓ શક્તિના પ્રકર્ષથી ભગવાનના વચનના પરમાર્થને જાણીને દરેક ઉચિત અનુષ્ઠાન તે રીતે સેવે છે, કે જેથી સર્વત્ર ઉચિત વ્યાપાર થાય, સર્વત્ર ઉચિત વ્યાપાર સમભાવની વૃદ્ધિનું બીજ છે. તેથી સમભાવના પરિણામવાળા સાધુ મન-વચન-કાયાથી ગુપ્ત થઈને ભગવાનના વચનાનુસાર સર્વ ઉચિત અનુષ્ઠાન સેવે છે, તે વચનઅનુષ્ઠાન છે, અને જેઓને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ છે, એવા સાધુને નિયમથી આ વચનાનુષ્ઠાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ષોડશક-૧૦/૭માં અસંગઅનુષ્ઠાનનું લક્ષણ કહે છે :-**

જે સાધુઓ વચનાનુષ્ઠાન સેવીને વચનાનુષ્ઠાનના સેવનરૂપ અભ્યાસના અતિશયના કારણે પ્રકૃતિથી જ સમભાવમાં વર્તવાના સ્વભાવવાળા બન્યા છે, તેઓ અંતરવૃત્તિથી ક્યાંય સંગ કરવાના પરિણામવાળા નથી; પરંતુ જીવનો જે અસંગસ્વભાવ છે, તેના પ્રકર્ષ અર્થે તેઓ જે ઉચિત અનુષ્ઠાન સેવે છે, તે અસંગઅનુષ્ઠાન છે. વળી આ અસંગઅનુષ્ઠાન વચનાનુષ્ઠાનના આવેધથી પ્રગટે છે અર્થાત્ વચનના સ્મરણથી જે સમભાવનો પરિણામ વર્તતો હતો, તે સમભાવના સંસ્કારો આત્મામાં ઘનિષ્ઠ થવાથી વચનનિરપેક્ષ તે સમભાવ જીવમાં વર્તે છે, જે અસંગપરિણામ છે; અને ઉત્તરના વિશિષ્ટ ક્ષયોપશમવાળા એવા અસંગનું કારણ બને તેવું જે અસંગપરિણામથી અનુષ્ઠાન સેવાય છે, તે અસંગઅનુષ્ઠાન છે.

**ષોડશક-૧૦/૮માં વચનઅનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાનનો ભેદ બતાવે છે :-**

જેમ દંડથી ચક્રનું ભ્રમણ થાય છે, અને તે ચક્ર અતિશય ગમનવાળું થાય ત્યારે દંડના અભાવમાં પણ ચક્રભ્રમણ ચાલુ રહે છે; તેમ ભગવાનના વચનના સ્મરણરૂપી દંડથી સમભાવને અનુકૂળ વ્યાપાર કરવાથી સમભાવનો પરિણામ સ્ફુરાયમાન થાય છે અર્થાત્ આત્મામાં સમભાવનું ચક્ર ગતિમાન થાય છે, અને પુનઃ પુનઃ વચનના સ્મરણથી અતિશયિત થયેલું સમભાવના પરિણામરૂપ ચક્રનું ભ્રમણ, વચનનિરપેક્ષ થાય તેવું બને, ત્યારે તે અસંગઅનુષ્ઠાન બને છે; કેમ કે વચનના સેવનના બળથી થયેલો સમભાવનો પરિણામ જીવની સર્વત્ર સંગ વગરની પરિણતિને ઉલ્લસિત કરે છે, વળી અસંગઅનુષ્ઠાનકાળમાં વર્તતી તે સંગ વગરની પરિણતિ ક્ષાયિકભાવને પ્રગટ કરવા અર્થે ઉત્તરોત્તરના અસંગભાવની વૃદ્ધિને અનુકૂળ ધ્યાનમાં સુદૃઢ યત્ન કરાવે છે, જે ધ્યાનના બળથી અસંગપરિણતિ વૃદ્ધિ પામીને ક્ષાયિકભાવની વીતરાગતાનું કારણ બને છે.

પ્રસ્તુત શ્લોકના ઉત્તરાર્ધમાં ચાર અનુષ્ઠાનમાં પાંચ પ્રકારની ક્ષમાદિનું યોજન બતાવે છે –

**ટીકાર્થ :-**

**आद्यद्वये ..... वचनधर्मोत्तरे ।। ઉપકારના ઉત્તરપદમાં અભિધેય એવી ક્ષમા= ઉપકાર વિશેષણથી વિશિષ્ટ એવી ક્ષમા, એ ઉપકારક્ષમા છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અપકારના ઉત્તરપદમાં અભિધેય એવી ક્ષમા=અપકાર વિશેષણથી વિશિષ્ટ એવી ક્ષમા, એ અપકારક્ષમા છે.**

**વિપાકના ઉત્તરપદમાં અભિધેય એવી ક્ષમા=વિપાક વિશેષણથી વિશિષ્ટ એવી ક્ષમા, એ વિપાકક્ષમા છે, આ ત્રણ ક્ષમા, પ્રીતિઅનુષ્ઠાન (અને) ભક્તિઅનુષ્ઠાનરૂપ આદ્યદ્વયમાં છે, અને વચનના ઉત્તરપદમાં અભિધેય, ધર્મના ઉત્તરપદમાં અભિધેય એવી બે ક્ષમા, વચનાનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાનરૂપ અંતિમ દ્વયમાં છે.**

**तदुक्तम् - તે=શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું તે, ષો. ૧૦/૧૦માં કહેવાયું છે.**

“आद्यद्वये ..... द्विभेदेति” ।। “આદ્યદ્વયમાં=આદ્ય બે અનુષ્ઠાનમાં, ત્રણ ભેદવાળી ક્ષમા છે, અને ચરમદ્વયમાં=ચરમ બે અનુષ્ઠાનમાં, બે ભેદવાળી ક્ષમા છે.” ।।૮।।

**ભાવાર્થ :-**

**પ્રીતિઅનુષ્ઠાન અને ભક્તિઅનુષ્ઠાન સેવનારા યોગીમાં ઉપકારક્ષમા, અપકારક્ષમા અને વિપાકક્ષમા :-**

કોઈ સાધુ સંયમ ગ્રહણ કરીને અભ્યાસિક ચારિત્ર પાળતા હોય ત્યારે પ્રીતિઅનુષ્ઠાન હોય કે ભક્તિઅનુષ્ઠાન હોય, અને તે અનુષ્ઠાનસેવનકાળમાં તે મહાત્મા સંયમની ક્રિયાઓ પ્રીતિપૂર્વક કે ભક્તિપૂર્વક કરે છે, અને આ સંયમનું અનુષ્ઠાન ક્ષમા-માર્દવ-આર્જવ અને નિરીહતા એ રૂપ ચાર ભાવોમાં ઉદ્યમ કરાવનાર છે; અને પ્રીતિઅનુષ્ઠાન અને ભક્તિઅનુષ્ઠાન કરનાર મહાત્માઓ સંયમની ક્રિયા શાસ્ત્રવચનના નિયંત્રણથી કરી શકતા નથી, તોપણ તે અનુષ્ઠાન દ્વારા ક્ષમાદિભાવો કેળવે છે; તે ક્ષમાદિભાવો ઉપકારક્ષમા, અપકારક્ષમા કે વિપાકક્ષમારૂપે વર્તે છે અર્થાત્ જે સ્થાનમાં પોતાનું કોઈ ઉપકારી હોય તે સ્થાનમાં તેમના ઉપકારનું સ્મરણ કરીને ક્ષમામાં ચિત્તને પ્રવર્તાવે છે, જે સ્થાનમાં ક્ષમા નહિ કેળવવાથી સામેના પુરુષથી અપકાર થવાની સંભાવના છે, ત્યાં તેનું સ્મરણ કરીને ક્ષમામાં ઉદ્યમ કરે છે, અને જે સ્થાનમાં ઉપકારી કે અપકારી નથી, તે સ્થાનમાં પણ અક્ષમાથી ખરાબ કર્મનો વિપાક પ્રાપ્ત થશે, એમ ચિંતવન કરીને ક્ષમામાં ઉદ્યમ કરે છે. તેથી પ્રીતિઅનુષ્ઠાન અને ભક્તિઅનુષ્ઠાન સેવનારા યોગીઓમાં આદ્ય ત્રણ પ્રકારમાંથી કોઈક ક્ષમાદિભાવો વર્તે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાન સેવનારા યોગીઓમાં વચનક્ષમા અને ધર્મક્ષમા :-**

વળી જેઓ આગમને પરતંત્ર છે તેવા વચનાનુષ્ઠાનવાળા મુનિઓ, "ભગવાનનું વચન સર્વ પ્રવૃત્તિઓમાં સમભાવની વૃદ્ધિ થાય તે રીતે દૃઢ યત્ન કરવાનો ઉપદેશ આપે છે," એમ વિચારીને પોતાના મન, વચન અને કાયાને બાહ્ય પદાર્થોના સંગથી ગુપ્ત કરીને ભગવાનના વચનાનુસાર સર્વત્ર પ્રવર્તાવે છે. તેથી જે સાધુઓ વચનાનુષ્ઠાન સેવનારા છે, તે સાધુઓમાં વચનના બળથી ક્ષમાદિ ચારેય ભાવો વર્તે છે; અને દીર્ઘકાળ સુધી વચનાનુષ્ઠાનના સેવનના બળથી જેઓની સહજ પ્રકૃતિ સમભાવના પરિણામવાળી થયેલી છે, તેઓ વચનના સ્મરણ વગર સમભાવમાં વર્તે છે અર્થાત્ નિર્વિકલ્પ ઉપયોગમાં વર્તે છે; અને નિર્વિકલ્પ ઉપયોગ સર્વસંગ વગરની જીવની પરિણતિરૂપ છે; તેથી સર્વસંગરહિત પરિણતિવાળા જે સાધુઓ અસંગઅનુષ્ઠાનને સેવે છે, તેઓમાં ધર્મક્ષમા વર્તે છે અર્થાત્ જીવના સહજભાવરૂપ ક્ષમા વર્તે છે, અને ઉપલક્ષણથી ધર્મમાર્દવાદિ ભાવો વર્તે છે; અને આ ક્ષમાદિભાવો પણ ક્ષયોપશમભાવવાળા હોવાથી અનુષ્ઠાનના બળથી ઉત્તરોત્તર અધિક-અધિક ક્ષયોપશમભાવવાળા થાય છે, અને પ્રકર્ષને પામીને ક્ષાયિકભાવમાં વિશ્રાંત પામે છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં ચાર પ્રકારના અનુષ્ઠાનોમાં પાંચ પ્રકારની ક્ષમા બતાવી. હવે તેમાં કઈ ક્ષમામાં કેવા અતિચારો થાય છે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सूक्ष्माश्च विरलाश्चैवातिचारा वचनोदये ।**
**स्थूलाश्चैव घनाश्चैव ततः पूर्वममी पुनः ।।९।।**

**અન્વયાર્થ :-**

**सूक्ष्माश्च विरलाश्चैव=સૂક્ષ્મ અને વિરલ अतिचाराः=અતિચારો वचनोदये= વચનના ઉદયમાં હોય છે. पुनः=વળી ततः=તેનાથી पूर्वम्=પૂર્વમાં=વચનક્ષમાથી પૂર્વની ત્રણ ક્ષમામાં अमी=આ=અતિચારો स्थूलाश्चैव घनाश्चैव=સ્થૂલ અને ઘન હોય છે. ।।૯।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**સૂક્ષ્મ અને વિરલ અતિચારો વચનના ઉદયમાં હોય છે. વળી તેનાથી પૂર્વમાં વચનક્ષમાથી પૂર્વની ત્રણ ક્ષમામાં આ અતિચારો સ્થૂલ અને ઘન હોય છે. ॥૯॥**

**ટીકા :-**

**सूक्ष्माश्चेति-सूक्ष्माश्च=लघवः, प्रायशः कादाचित्कत्वात्, विरलाश्चैव सन्तानाभावात्, अतिचारा अपराधाः वचनोदये भवन्ति । ततो=वचनोदयात्, पूर्वममी= अतिचाराः, पुनः स्थूलाश्च=बादराश्च, घनाश्च=निरन्तराश्च, भवन्ति । तदुक्तं –**

"चरमाद्यायां सूक्ष्मा अतिचाराः प्रायशोऽतिविरलाश्च ।
आद्यत्रये त्वमी स्युः स्थूलाश्च तथा घनाश्चैव" ।। **(षोड. १०/११) ।।९।।**

**ટીકાર્થ :-**

**सूक्ष्माश्च ..... भवन्ति । વચનના ઉદયમાં=વચનક્ષમામાં, સૂક્ષ્મ=લઘુ અતિચારો હોય છે=અપરાધો હોય છે.**

કેમ લઘુ અતિચારો હોય છે ? તેમાં હેતુ કહે છે –

**પ્રાયઃ કરીને કાદાચિત્કપણું છે=પ્રાયઃ ક્યારેક અતિચારો થાય છે, અને વિરલ અતિચારો છે.**

વિરલ અતિચારો કેમ છે ? તેમાં યુક્તિ આપે છે –

**સંતાનનો અભાવ છે=અતિચારોના પ્રવાહનો અભાવ છે. વળી તે વચનના ઉદયથી પૂર્વમાં=વચનક્ષમાથી પૂર્વની ત્રણ ક્ષમામાં, આ અતિચારો સ્થૂલ=બાદર, ઘન=નિરંતર થાય છે.**

**तदुक्तम् - તે કહેવાયું છે=શ્લોકમાં જે કહેવાયું છે, તે ષો. ૧૦/૧૧માં કહેવાયું છે –**

"चरम ..... घनाश्चैव" ।। "ચરમ આદ્યમાં=ચરમ એવી ધર્મક્ષમાથી પૂર્વની એવી વચનક્ષમામાં, અતિચારો પ્રાયઃ સૂક્ષ્મ અને અતિ વિરલ છે. વળી આદ્ય ત્રણમાં=ઉપકાર ક્ષમા, અપકારક્ષમા અને વિપાકક્ષમામાં, આ=અતિચાર, સ્થૂલ અને ઘન થાય છે." **॥૯॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**વચનક્ષમામાં સૂક્ષ્મ અતિચારો અને પ્રથમની ત્રણ ક્ષમામાં સ્થૂલ અતિચારો :-**

જે સાધુ ભગવાનના વચનના સ્મરણથી ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા છે, તેઓ જે કંઈ અનુષ્ઠાન સેવે છે, તે સર્વ અનુષ્ઠાન ક્ષમાદિભાવોની વૃદ્ધિનું કારણ છે; અને ભગવાનના વચનને પરતંત્ર રહીને ગુપ્તિના બળથી પોતાના ક્ષમાદિભાવોની વૃદ્ધિ કરવા માટે તેઓ સતત જે ઉદ્યમ કરે છે, તે ઉદ્યમમાં પ્રાયઃ સ્ખલના થતી નથી. આમ છતાં ક્યારેક અનાભોગથી કે સહસાત્કારથી થાય છે, ત્યારે સૂક્ષ્મ અતિચાર લાગે છે અર્થાત્ ક્ષમાદિભાવોની વૃદ્ધિ માટે કરાતો યત્ન કંઈક સ્ખલના પામે છે. વળી આ પ્રકારની સ્ખલના ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા મુનિને સતત હોતી નથી, પરંતુ ક્યારેક થાય છે, તેથી ક્ષમાદિભાવોને અનુકૂળ ઉદ્યમમાં સ્ખલના વિરલ હોય છે.

વળી વચનક્ષમાની પ્રાપ્તિ પૂર્વે જે સાધુઓ પ્રીતિઅનુષ્ઠાન કે ભક્તિઅનુષ્ઠાન સેવે છે, તે સાધુઓનો ઉદ્યમ, પ્રથમની ત્રણ ક્ષમામાં વર્તે છે, અને તે ક્ષમામાં કરાતો ઉદ્યમ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યથી યુક્ત નહિ હોવાને કારણે સતત સ્ખલના પામતો હોય છે, તેથી મોટા અતિચારો લાગે છે અને નિરંતર અતિચાર થાય છે.

આનાથી એ ફલિત થાય કે વચનઅનુષ્ઠાનવાળા મુનિઓ ત્રણ ગુપ્તિવાળા હોવાથી પ્રાયઃ સર્વ શક્તિથી સમભાવમાં ઉદ્યમ કરે છે અર્થાત્ ક્ષમાદિ ચાર ભાવોમાં યત્ન કરે છે, આમ છતાં કંઈક ઉપયોગની મ્લાનિ થાય ત્યારે ક્ષમાદિનો યત્ન કંઈક સ્ખલના પામેલો હોય છે. વળી આ સ્ખલના પામેલો યત્ન પણ ક્યારેક હોય છે, સતત હોતો નથી; અને જે સાધુ પ્રીતિઅનુષ્ઠાન કે ભક્તિઅનુષ્ઠાનની ભૂમિકામાં છે, તેઓ પણ ક્ષમાદિમાં ઉદ્યમ કરે છે, તોપણ વચનને પરતંત્ર થઈને ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા થઈ શકતા નથી, તેથી તેઓનો ક્ષમાદિમાં કરાતો યત્ન સતત અતિચારવાળો છે અને મોટા અતિચારવાળો છે. **॥૯॥**

**અવતરણિકા :-**

**દીક્ષાનું સ્વરૂપ શ્લોક-૧માં બતાવ્યું, અને દીક્ષા ગ્રહણ કર્યા પછી પ્રથમ વચનક્ષમા આવે છે અને પછી ધર્મક્ષમા આવે છે, તેમ શ્લોક-૬માં કહ્યું.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે વચનક્ષમા સેવનારા સાધુ ક્રમે કરીને ધર્મક્ષમા પ્રાપ્ત કરે છે, તેમાં ધર્મક્ષમાથી શું પ્રાપ્ત થાય છે, તે બતાવે છે –

**શ્લોક :-**

ततो निरतिचारेण धर्मक्षान्त्यादिना किल ।
सर्वं संवत्सरादूर्ध्वं शुक्लमेवोपजायते ।।१०।।

**અન્વયાર્થ :-**

ततो=તેનાથી=વચનના ઉદયથી=વચનક્ષમાદિના પ્રાદુર્ભાવથી, संवत्सरादूर्ध्वं=સંવત્સર પછી निरतिचारेण धर्मक्षान्त्यादिना=નિરતિચાર એવા ધર્મક્ષમાદિ દ્વારા सर्वं=સર્વ=ક્ષમાદિ સર્વભાવો, शुक्लमेवोपजायते=શુક્લ જ થાય છે=નિર્મલ જ થાય છે. ।।૧૦।।

**શ્લોકાર્થ :-**

**તેનાથી=વચનના ઉદયથી=વચનક્ષમાદિના પ્રાદુર્ભાવથી, સંવત્સર પછી, નિરતિચાર એવા ધર્મક્ષમાદિ દ્વારા, સર્વ=ક્ષાન્ત્યાદિ સર્વ ભાવો, શુક્લ જ થાય છે=નિર્મલ જ થાય છે. ।।૧૦।।**

**ટીકા :-**

तत इति-ततो=वचनोदयात्, किल निरतिचारेण धर्मक्षान्त्यादिना, आदिपदेन धर्ममार्दवशुद्धब्रह्मादिग्रहः, सर्वं=दशविधमपि क्षान्त्यादि, संवत्सरादूर्ध्वं क्रियामलत्यागाच्छुक्लमेवोपजायते ।।१०।।

**ટીકાર્થ :-**

ततो ..... उपजायते ।। તેનાથી=વચનના ઉદયથી=વચનક્ષમાદિના પાલનથી, સંવત્સર પછી ક્રિયામળનો ત્યાગ થવાને કારણે, નિરતિચાર એવા ધર્મક્ષમાદિ દ્વારા, સર્વ=દશે પ્રકારના ક્ષાન્ત્યાદિ, શુક્લ જ થાય છે. ।।૧૦।।

❖ धर्मक्षान्त्यादिना માં 'आदि' પદથી ધર્મમાર્દવ, શુદ્ધબ્રહ્મ આદિનું ગ્રહણ કરવું.

❖ दशविधमपि માં 'अपि' થી એ કહેવું છે કે ક્ષમાદિ એક ધર્મ તો સંવત્સર પછી શુક્લ થાય છે, પરંતુ ક્ષમાદિ દશેય ધર્મ પણ સંવત્સર પછી શુક્લ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**વચનક્ષમાના પ્રાદુર્ભાવથી એક વર્ષના પર્યાય પછી નિરતિચાર એવી ધર્મક્ષમા દ્વારા દશ યતિધર્મની શુક્લતા :-**

સંયમ ગ્રહણ કર્યા પછી જે મહાત્માઓ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા છે અને સતત અપ્રમાદભાવથી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા આદિમાં ઉદ્યમ કરે છે, તેઓ વચનક્ષમાદિના બળથી બાર મહિના પછી ક્રિયાના મળનો ત્યાગ થવાથી નિરતિચાર એવા ધર્મક્ષમાદિને પ્રાપ્ત કરે છે, અને વચનક્ષમાથી પ્રાપ્ત થતા નિરતિચાર ધર્મક્ષમાદિ દ્વારા તે મહાત્માઓ શુક્લપણાને પ્રાપ્ત કરે છે અર્થાત્ શુક્લ એવા દશ પ્રકારના યતિધર્મને પ્રાપ્ત કરે છે.

**વિશેષાર્થ :-**

અહીં વિશેષ એ છે કે જીવમાં અનાદિકાળથી મોહને અનુકૂળ પરિણામ વર્તે છે, જે આત્માને અસત્ ક્રિયાઓ કરાવે છે, તે મોહને અનુકૂળ એવો પરિણામ ક્રિયામળ છે અર્થાત્ અસત્ક્રિયા કરાવે એવો આત્મા ઉપર લાગેલો મળ છે, જે મળનો ત્યાગ વચનાનુષ્ઠાનથી ક્રમસર થાય છે. જ્યારે અસત્ક્રિયા કરાવનાર એવા ક્રિયામળનો ત્યાગ થાય ત્યારે જીવમાં સ્વભાવસિદ્ધ ક્રિયા પ્રગટે છે, અને આ સ્વભાવસિદ્ધ ક્રિયાને કારણે જીવ નિરતિચાર એવા ધર્મક્ષમાદિનું સેવન કરે છે, અને નિરતિચાર એવા ધર્મક્ષમાદિનું સેવન કરવાથી પરમ શુક્લ એવા ક્ષમાદિભાવો આત્મામાં પ્રગટે છે.

આથી એ ફલિત થાય છે કે આત્માની સત્ક્રિયા એટલે જીવનો પૂર્ણ શક્તિથી ક્ષમાદિભાવોને પૂર્ણ ભૂમિકા તરફ લઈ જવાને અનુકૂળ ધ્યાનમાં વર્તતો યત્ન. આવો યત્ન કરવામાં બાધક એવો જે ક્રિયામળ જીવમાં હતો, તે ક્રિયામળનો વચનાનુષ્ઠાનના સેવનથી ત્યાગ થવાથી નિરતિચાર એવા ધર્મક્ષમાદિ ભાવો પ્રગટ્યા, અને તેના કારણે નિર્મળ સમાધિભાવરૂપ આત્માનું સ્વરૂપ પ્રગટ્યું. તેથી દીક્ષા ક્રમે કરીને બાર મહિના પછી પરમ શુક્લ એવી આત્માની અવસ્થાનું કારણ બને છે. **॥૧૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

શ્લોક-૧૦માં કહ્યું કે વચનાનુષ્ઠાનના સેવનથી બાર મહિના પછી સાધુને શુક્લપણું પ્રાપ્ત થાય છે. તે કથનને શાસ્ત્રવચનના બળથી સ્પષ્ટ કરે છે –

**શ્લોક :-**

मासादौ व्यन्तरादीनां तेजोलेश्याव्यतिक्रमः ।
पर्याये युज्यते चेत्थं गुणश्रेणिप्रवृद्धितः ।।११।।

**અન્વયાર્થ :-**

चेत्थं=અને આ રીતે=શ્લોક-૧૦માં કહ્યું કે વચનાનુષ્ઠાનથી બાર મહિના પછી દશવિધ ક્ષમાદિ ધર્મો શુક્લ થાય છે એ રીતે, मासादौ पर्याये=માસાદિ પર્યાયમાં गुणश्रेणिप्रवृद्धितः=ગુણશ્રેણીની પ્રવૃદ્ધિ થવાને કારણે व्यन्तरादीनां तेजोलेश्याव्यतिक्रमः=વ્યંતર આદિની તેજોલેશ્યાનો વ્યતિક્રમ युज्यते=ઘટે છે. ।।૧૧।।

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે=શ્લોક-૧૦માં કહ્યું કે વચનાનુષ્ઠાનથી બાર મહિના પછી દશવિધ ક્ષમાદિ ધર્મો શુક્લ થાય છે એ રીતે, માસાદિ પર્યાયમાં ગુણશ્રેણિની પ્રવૃદ્ધિ થવાને કારણે વ્યંતરાદિની તેજોલેશ્યાનો વ્યતિક્રમ ઘટે છે. ।।૧૧।।**

**ટીકા :-**

मासादाविति-इत्थं च संवत्सरादूर्ध्वं सर्वशुक्लापत्तौ च मासादौ पर्याये व्यन्तरादीनां तेजोलेश्याव्यतिक्रमः प्रज्ञप्त्युक्तो युज्यते गुणश्रेणिप्रवृद्धितः ।।११।।

**ટીકાર્થ :-**

इत्थं च ..... प्रवृद्धितः ।। અને આ રીતે=શ્લોક-૧૦માં કહ્યું એ રીતે, સંવત્સર પછી સર્વ શુક્લત્વની પ્રાપ્તિ હોતે છતે, ગુણશ્રેણિની વૃદ્ધિને કારણે, પ્રજ્ઞપ્તિમાં કહેલ=ભગવતીમાં કહેલ, માસાદિના પર્યાયમાં વ્યન્તરાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દેવોની તેજોલેશ્યાનો વ્યતિક્રમ=સુખાસિકાનો વ્યતિક્રમ ઘટે છે. ।।૧૧।।**

✤ मासादौ માં 'आदि' પદથી બે માસાદિનું ગ્રહણ કરવું.

✤ व्यन्तरादीनां માં 'आदि' પદથી અન્ય દેવજાતિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

## દીક્ષાના માસાદિ પર્યાયમાં ગુણશ્રેણિની વૃદ્ધિના કારણે વ્યંતરાદિ દેવોની સુખાસિકારૂપ તેજોલેશ્યાનો વ્યતિક્રમ :-

શ્લોક-૧૦માં કહ્યું કે વચનાનુષ્ઠાનથી સાધુને બાર મહિના પછી ક્ષમાદિ સર્વ ભાવો શુક્લ થાય છે. આ પ્રકારનો નિયમ હોવાને કારણે ભગવતીમાં કહ્યું છે કે સંયમના પાલનથી ગુણશ્રેણિની વૃદ્ધિના કારણે સાધુ માસાદિ સંયમ પર્યાયમાં વ્યંતરાદિ દેવોની સુખાસિકારૂપ તેજોલેશ્યાનો વ્યતિક્રમ કરે છે.

આશય એ છે કે વ્યંતરાદિ દેવોને મનુષ્યના સુખ કરતાં ભૌતિક સુખો ઉત્તમ છે. વળી ત્યાં પણ જે સમ્યગ્દૃષ્ટિ દેવો છે, તેઓને ભોગમાં આવેગો અલ્પ હોય છે, અને દેવલોકમાં પુણ્યનો પ્રકર્ષ હોવાથી અલ્પ આયાસથી ભોગસુખની પ્રાપ્તિ થાય છે; કેમ કે મનુષ્યની જેમ ભોગ અર્થે વાણિજ્યાદિની પ્રવૃત્તિ કરવી પડતી નથી; અને જેમ જેમ આયાસ અને આવેગ અલ્પ હોય તેમ તેમ સુખનો અનુભવ અધિક હોય છે, તેથી સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને પણ ભોગસુખમાં તેવી સુખાસિકાનો અનુભવ થતો નથી, જેવો સુખાસિકાનો અનુભવ અલ્પ આયાસને કારણે દેવોમાં રહેલા સમ્યગ્દૃષ્ટિને થાય છે; તેમ મુનિ પણ સંયમ ગ્રહણ કર્યા પછી અપ્રમાદભાવથી સંયમયોગમાં યત્ન કરે ત્યારે અંદરમાં ઇન્દ્રિયોના આવેગોનું શમન થાય છે, અને શાસ્ત્રાનુસારી ક્રિયાઓ જેમ જેમ સુઅભ્યસ્ત થાય છે, તેમ તેમ અલ્પ આયાસથી તે ક્રિયાઓ સેવી શકાય છે, માટે સંયમ ગ્રહણ કર્યા પછી સાધુને સુખાસિકારૂપ તેજોલેશ્યાની વૃદ્ધિ થાય છે. તેથી જે સમ્યગ્દૃષ્ટિ વ્યંતરાદિ દેવોને સુખાસિકા છે, તે સુખાસિકા કરતાં પણ અધિક-અધિક સુખાસિકા માસાદિ પર્યાયમાં સાધુને પ્રાપ્ત થાય છે.

અહીં સમ્યગ્દૃષ્ટિ વ્યંતરાદિ ગ્રહણ કરવાથી એ પ્રાપ્ત થાય છે કે મિથ્યાદૃષ્ટિને વિપર્યય છે, તેથી ભોગમાં આવેગ ઘણો છે. માટે તેઓને તેવું સુખ થતું નથી, તેથી તેમને ગ્રહણ કરેલ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :-**

અહીં વિશેષ એ છે કે વ્યંતરાદિ દેવો કરતાં સર્વાર્થસિદ્ધમાં રહેલા દેવોને આવેગો અત્યંત ઓછા છે અને પુણ્યનો પ્રકર્ષ પણ વિશેષ છે, તેથી શ્રમ પણ અત્યંત અલ્પ છે. અત્યંત અલ્પ શ્રમ અને અત્યંત અલ્પ આવેગને કારણે જે સુખ સર્વાર્થસિદ્ધના દેવોને થાય છે, તેના કરતાં પણ અધિક સુખનું વેદન, આવેગનું અત્યંત શમન થવાને કારણે અને ક્રિયાઓ પણ અત્યંત સુઅભ્યસ્ત થવાથી સહજ રીતે તે ક્રિયાઓનું સેવન થતું હોવાને કારણે, બાર મહિનાના પર્યાય પછી સાધુને થાય છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**ભગવતીમાં કહેલું છે કે સાધુ માસાદિના પર્યાયથી ગુણશ્રેણિની વૃદ્ધિના કારણે વ્યંતરદેવોની તેજોલેશ્યાનો વ્યતિક્રમ કરે છે, તેને સામે રાખીને શ્લોક-૧૦માં કહ્યું કે સાધુ બાર મહિના પછી શુક્લ એવા ક્ષમાદિભાવોને પ્રાપ્ત કરે છે. ત્યાં પ્રશ્ન થાય કે સાધુના માસાદિ પર્યાયોની ગણના કઈ રીતે થાય છે ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**दिनानि पक्षा मासा वा गण्यन्ते शरदोऽपि च ।**
**नास्यां गुणाविघातस्य गण्यतेऽवसरः पुनः ।।१२।।**

**અન્વયાર્થ :-**

**अस्यां=આમાં=દીક્ષામાં, दिनानि पक्षा मासा वा शरदोऽपि=દિવસો, પક્ષો, માસો કે વર્ષો પણ गण्यन्ते न=ગણાતાં નથી, पुनः=પરંતુ गुणाविघातस्य अवसरः=ગુણના અવિઘાતનો અવસર=ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ ગુણના અવિઘાતની ક્ષણો गण्यते=ગણાય છે. ।।૧૨।।**

**શ્લોકાર્થ :-**

**આમાં=દીક્ષામાં દિવસો, પક્ષો, માસો કે વર્ષો પણ ગણાતાં નથી, પરંતુ ગુણના અવિઘાતનો અવસર=ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ ગુણના અવિઘાતની ક્ષણો ગણાય છે. ।।૧૨।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* शरदोऽपि માં 'अपि' થી એ કહેવું છે કે દીક્ષાપર્યાયના દિવસો તો ગણાતા નથી, પરંતુ વર્ષો પણ ગણાતાં નથી.

**અવતરણિકા :-**

**શ્લોક-૧૨માં કહ્યું કે દીક્ષામાં ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ ગુણના અવિઘાતની ક્ષણો ગણાય છે. હવે જે દીક્ષામાં ગુપ્તિનો લેશ પણ અંશ નથી, તેવી દીક્ષા અનર્થકારી છે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**नैहिकार्थानुरागेण यस्यां पापविषव्ययः ।**
**वसन्तनृपचेष्टेव सा दीक्षानर्थकारिणी ।।१३।।**

**અન્વયાર્થ :-**

**ऐहिकार्थानुरागेण=ઐહિક અર્થના અનુરાગથી=ઇન્દ્રિયોના વિષયોના અનુરાગથી, यस्याम्=જેમાં=જે દીક્ષામાં, पापविषव्ययः=પાપવિષનો વ્યય નથી= ઇન્દ્રિયોના વિષયોને અનુકૂળ જે કુસંસ્કારો છે તેનો વ્યય નથી, सा दीक्षा= તે દીક્ષા वसन्तनृपचेष्टेव=વસંતરાજાની ચેષ્ટા જેવી=ચૈત્ર માસના પરિહાસ માટે કરાયેલી રાજાની ચેષ્ટા જેવી, अनर्थकारिणी=અનર્થકારી છે. ।।૧૩।।**

**શ્લોકાર્થ :-**

**ઐહિક અર્થના અનુરાગથી=ઇન્દ્રિયોના વિષયોના અને માન-સન્માનાદિના અનુરાગથી, જેમાં=જે દીક્ષામાં, પાપવિષનો વ્યય નથી= ઇન્દ્રિયોના વિષયોને અનુકૂળ જે કુસંસ્કાર છે, તેનો વ્યય નથી, તે દીક્ષા વસંતરાજાની ચેષ્ટા જેવી=ચૈત્ર માસના પરિહાસ માટે કરાયેલી રાજાની ચેષ્ટા જેવી અનર્થકારી છે. ।।૧૩।।**

**ઉત્થાન :-**

શ્લોક-૧૨માં કહ્યું કે દીક્ષામાં ત્રણ ગુપ્તિના સામ્રાજ્યની ક્ષણો ગણાય છે, અને શ્લોક-૧૩માં કહ્યું કે જેમાં ગુપ્તિનું સામ્રાજ્ય લેશ પણ નથી, તે દીક્ષા અનર્થકારી છે. તેથી હવે ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળી દીક્ષા કેવી હોય છે, તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**શ્લોક :-**

**इन्द्रियाणां कषायाणां गृह्यते मुण्डनोत्तरम् ।**
**या शिरोमुण्डनव्यङ्ग्या तां सद्दीक्षां प्रचक्षते ।।१४।।**

**અન્વયાર્થ :-**

**इन्द्रियाणां कषायाणां=ઈન્દ્રિયોના અને કષાયોના मुण्डनोत्तरम्=મુંડનથી ઉત્તર એવા, शिरोमुण्डनव्यङ्ग्या=શિરમુંડનથી વ્યંગ્ય, या गृह्यते=જે ગ્રહણ કરાય છે तां सद्दीक्षां प्रचक्षते=તેને સદ્દીક્ષા મહાત્માઓ કહે છે. ॥૧૪॥**

**શ્લોકાર્થ :-**

**ઈન્દ્રિયોના અને કષાયોના મુંડનથી ઉત્તર એવા શિરમુંડનથી વ્યંગ્ય જે ગ્રહણ કરાય છે, તેને સદ્દીક્ષા મહાત્માઓ કહે છે. ॥૧૪॥**

**ટીકા :-**

दीनानीति श्लोकत्रयमदः कण्ठ्यम् ।।१२-१३-१४।।

**ટીકાર્થ :-**

**दीनानि ઈત્યાદિ શ્લોક ત્રણ=૧૨-૧૩-૧૪ શ્લોક સરળ હોવાથી આ ત્રણ શ્લોકની ટીકા ગ્રંથકારશ્રીએ રચેલ નથી. ॥૧૨-૧૩-૧૪॥**

**શ્લોક-૧૨-૧૩-૧૪નો ભાવાર્થ :-**

**ત્રણ ગુપ્તિના સામ્રાજ્યમાં સંવરરૂપ ગુણનો અવિઘાત :-**

સંયમ ગ્રહણ કરવાની ક્ષણોથી દીક્ષાના પર્યાયની ગણના થતી નથી, પરંતુ દીક્ષા ગ્રહણ કર્યા પછી જેટલી ક્ષણોમાં ત્રણ ગુપ્તિનું સામ્રાજ્ય વર્તે છે, જેટલી ક્ષણોમાં સંવરરૂપ ગુણનો અવિઘાત વર્તે છે, તેટલી ક્ષણોને દીક્ષાનો પર્યાય ગણાય છે. તેથી જે સાધુ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યના બળથી માસાદિના પર્યાયવાળા થાય, તેઓમાં ગુણશ્રેણિની વૃદ્ધિ થાય છે, અને તેના બળથી વ્યંતરાદિની તેજોલેશ્યાનો વ્યતિક્રમ થાય છે, તેમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ત્રણ ગુપ્તિના લેશ પણ સામ્રાજ્ય વગરની દીક્ષા અનર્થકારી :-**

વળી દીક્ષા ગ્રહણ કર્યા પછી જે સાધુ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યમાં લેશ પણ યત્ન કરી શકતા નથી, એટલું જ નહિ પણ તેને અભિમુખભાવને પણ પ્રાપ્ત કરી શકતા નથી, તેઓને સંયમમાં પણ ઐહિક અર્થનો અનુરાગ વર્તે છે અર્થાત્ પોતે લોકમાં ધર્મી તરીકે સારી રીતે જીવી શકે તેવી આકાંક્ષા વર્તે છે, શારીરિકાદિ અનુકૂળતા વર્તે તેવી આકાંક્ષાઓ વર્તે છે અને ઇન્દ્રિયોની ઉત્સુકતા શાંત થતી નથી. તેવા જીવોને સંયમની સર્વ ક્રિયાઓથી પણ પાપરૂપી વિષનો વ્યય થતો નથી અર્થાત્ અનાદિકાળથી અગુપ્તિને કારણે પાપના જે સંસ્કારો આત્મામાં પડ્યા છે કે જે પાપના સંસ્કારો આત્માને માટે વિષની જેમ વિનાશકારી છે, તે સંસ્કારોનો દીક્ષામાં લેશ પણ અપગમ થતો નથી. તે દીક્ષા વસંતરાજાની ચેષ્ટા જેવી અનર્થકારી છે; કેમ કે જેમ વિડંબના માટે વસંતરાજાની ચેષ્ટા છે, તેમ જીવની વિડંબના કરવા માટે તેને આ દીક્ષાની પ્રાપ્તિ થઈ છે.

**શિરમુંડન દ્વારા ઇંદ્રિયોનું અને કષાયોનું મુંડન :-**

દીક્ષા વખતે શિરમુંડન કરવામાં આવે છે. વસ્તુતઃ શિરમુંડન દ્વારા જીવના ઇન્દ્રિયોના અસંવરભાવનું મુંડન કરવામાં આવે છે, અને મોહધારાની વૃદ્ધિના કારણભૂત કષાયોના અસંવરભાવરૂપ મુંડન કરવામાં આવે છે; કેમ કે શિરમુંડનનો આશય એ છે કે સંયમને ઉપકારક ન હોય અને શોભાનું કારણ હોય એવા કેશ પણ સાધુને માટે ત્યાજ્ય છે. તેથી સંયમને ઉપકારક ન હોય એવી ઇન્દ્રિયો અને સંયમને ઉપષ્ટંભક ન હોય એવા કષાયો પણ ત્યાજ્ય છે. જોકે આ દ્રવ્યઇન્દ્રિયો જેમ વિષયોને ગ્રહણ કરીને મોહધારાની વૃદ્ધિનું કારણ છે, તેમ સમ્યક્ રીતે પ્રવર્તાવેલ દ્રવ્યઇન્દ્રિયો સંયમની વૃદ્ધિનું પણ કારણ છે. વળી આ કષાયો સંસારના વિષયોમાં પ્રવર્તાવવાથી સંસારની વૃદ્ધિનું કારણ છે, તેમ આ કષાયોને આત્મકલ્યાણમાં પ્રવર્તાવવાથી સ્વના જ=કષાયોના પોતાના જ વિનાશનું પણ કારણ છે. તેથી જેમ શિરમુંડન કરીને સંયમને ઉપષ્ટંભક દેહ સાધુ ધારણ કરે છે અને સંયમને ઉપષ્ટંભક દેહનું પાલન કરે છે, તેમ અસંવરભાવવાળી ઇન્દ્રિયોનું અને મોહધારાની વૃદ્ધિને અનુકૂળ કષાયોનું મુંડન કરીને સંયમને ઉપષ્ટંભક એવી ઇન્દ્રિયો અને સંયમને ઉપષ્ટંભક એવા પ્રશસ્ત કષાયોને મુનિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંયમયોગમાં પ્રવર્તાવે છે; એ સિવાય વિષયોમાં પ્રવર્તતી ઇન્દ્રિયોનું અને વિષયોમાં પ્રવર્તતા કષાયોનું મુંડન કરે છે, અને જેઓ શિરોમુંડનની ક્રિયાથી ઇન્દ્રિયો અને કષાયોનું મુંડન કરી શકે છે, તેઓની જ દીક્ષા સદ્દીક્ષા છે, એમ યોગીઓ કહે છે. **॥૧૨॥૧૩॥૧૪॥**

**શ્લોક-૧૫ :-**

**विहाय पूर्वसंयोगमस्यामुपशमं व्रजन् ।**
**मनाक् कायं प्रकर्षेण निश्चयेन च पीडयेत् ।।१५।।**

**અન્વયાર્થ :-**

अस्याम्=આમાં=સદ્દીક્ષામાં, पूर्वसंयोगं विहाय=પૂર્વસંયોગનો ત્યાગ કરીને=પૂર્વ સંયોગવાળા જીવો સાથેના પ્રતિબંધોનો ત્યાગ કરીને, उपशमं व्रजन्=ઉપશમને પામતા=સદનુષ્ઠાનના સેવનથી પૂર્વ-પૂર્વ કરતાં અધિક-અધિક ઉપશમભાવને પ્રાપ્ત કરતા સાધુ कायं=કાયાને मनाक् प्रकर्षेण निश्चयेन च पीडयेत्=મનાગ્, પ્રકર્ષથી અને નિશ્ચયથી પીડન કરે=ક્રમસર પીડન કરે. ॥૧૫॥

**શ્લોકાર્થ :-**

**આમાં=સદ્દીક્ષામાં પૂર્વસંયોગનો ત્યાગ કરીને=પૂર્વસંયોગવાળા જીવો સાથેના પ્રતિબંધોનો ત્યાગ કરીને, ઉપશમ પામતા=સદનુષ્ઠાનના સેવનથી પૂર્વ-પૂર્વ કરતાં અધિક-અધિક ઉપશમભાવને પ્રાપ્ત કરતા, સાધુ કાયાને મનાગ્, પ્રકર્ષથી અને નિશ્ચયથી પીડન કરે=ક્રમસર પીડન કરે. ॥૧૫॥**

**ટીકા :-**

विहायेति-अस्यां=सद्दीक्षायां, पूर्वसंयोगं=मातापित्रादिसंयोगं, विहायोपशमं व्रजन्=प्राप्नुवन्, कायं=स्वदेहं, मनागध्ययनादिकालेऽविकृष्टेन तपसा, प्रकर्षेण तदुत्तरं विकृष्टेन तपसा, निश्चयेन चान्त्येऽनशनादिरूपेण पीडयेत् ।।१५।।

**ટીકાર્થ :-**

विहाय ..... पीडयेत् ।। આમાં=સદ્દીક્ષામાં પૂર્વસંયોગનો=માતા-પિતાદિના સંયોગનો, ત્યાગ કરીને=પૂર્વના સર્વ સંબંધીઓ પ્રત્યે સ્નેહના પ્રતિબંધનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ત્યાગ કરીને, ઉપશમ પામતા=સદનુષ્ઠાનના સેવનથી પૂર્વ-પૂર્વ કરતાં અધિકતર ઉપશમના પરિણામને પામતા, કાયાને=સ્વદેહને, મનાક્ પીડે=અધ્યયનાદિ કાળે અવિકૃષ્ટ એવા તપ દ્વારા પીડે=શાસ્ત્રઅધ્યયનથી સંપન્ન થવામાં વ્યાઘાતક ન થાય, પરંતુ ઉપષ્ટંભક થાય, એમ તપથી કાયાને પીડે; ત્યાર પછી=શાસ્ત્રઅધ્યયન કરીને શાસ્ત્રથી ભાવિતમતિવાળા થયા પછી, પ્રકર્ષથી= વિકૃષ્ટ એવા તપ દ્વારા કાયાને પીડે=તપ કરવાની જે પોતાની શક્તિ છે તેના પ્રકર્ષથી કાયાને પીડે; અંત્યમાં=જીવનના પ્રાંત સમયે, અનશનાદિરૂપે નિશ્ચયથી પીડે=સર્વ આહારનો ત્યાગ કરીને એકાંતે કાયાનું પીડન કરે. ।।૧૫।।**

❖ अध्ययनादि માં 'आदि' પદથી દીક્ષાના અભ્યાસકાળનું ગ્રહણ કરવું.

❖ अनशनादि માં 'आदि' પદથી સંલેખણાનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**સદ્અનુષ્ઠાનના સેવનથી પૂર્વ પૂર્વ કરતાં અધિક અધિક ઉપશમભાવને પામતા સાધુ કાયાને મનાક્, પ્રકર્ષથી અને નિશ્ચયથી પીડન કરે :-**

સદ્દીક્ષાને ગ્રહણ કર્યા પછી પૂર્વના કુટુંબીઓ આદિ સાથે કે મિત્રો આદિ સાથે જે સ્નેહની લાગણીરૂપ સંયોગો હતા, તેનો સાધુ ત્યાગ કરે છે, અને ગુણવાન એવા પુરુષો સાથે સંયોગને કરીને, તેમના ગુણોનું અવલંબન લઈને, સર્વ ઉચિત ક્રિયાઓ કરવા દ્વારા, સંયમ ગ્રહણ કરતી વખતે પ્રાપ્ત થયેલા ઉપશમ કરતાં અધિકતર ઉપશમને સાધુ પામતા હોય છે. વળી સાધુ પોતાની શત્રુભૂત એવી આ કાયાને પીડન કરે છે, તેમાં પણ પ્રથમ ભૂમિકામાં અધ્યયનાદિ દ્વારા આત્માને તત્ત્વથી વાસિત કરવાનો છે. તેથી તે અધ્યયનાદિની પ્રવૃત્તિથી આત્માને વાસિત કરવામાં વ્યાઘાતક ન થાય તેટલા તપથી કાયાને પીડન કરે, તે બતાવવા માટે મનાક્ તપથી કાયાનું પીડન કરે, એમ કહેલ છે.

વળી શાસ્ત્રાધ્યયન કરીને સંપન્ન થયેલા સાધુ આત્માને તે શાસ્ત્રવચનોથી અત્યંત ભાવિત કરતા હોય છે, અને શક્તિ અનુસાર અન્યને પણ શાસ્ત્રના પરમાર્થનો બોધ કરાવતા હોય છે. તે ભૂમિકામાં શક્તિના પ્રકર્ષથી તપ કરવામાં આવે તોપણ શાસ્ત્રથી ભાવિત થવામાં વ્યાઘાત થતો નથી, તેથી તે ભૂમિકામાં પ્રકર્ષથી કાયાને પીડે તેમ કહેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી જ્યારે આ કાયા વયહાનિ આદિને કારણે સંયમના સુદૃઢ વ્યાપારમાં અસમર્થ જણાય ત્યારે અંત સમયમાં અનશનાદિ કરીને સાધુ નિશ્ચયથી કાયાને પીડે છે અર્થાત્ અત્યંત કાયાને પીડા કરે છે, તેથી કાયા પ્રત્યેનો પ્રતિબંધ તે પ્રકારે વિલય થાય કે જેથી અશરીરી અવસ્થાની પ્રાપ્તિ શીઘ્ર થાય. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૫માં કહ્યું કે સાધુ પૂર્વના કુટુંબી આદિની સાથેના સંબંધ છોડીને ઉપશમભાવની વૃદ્ધિ કરે છે અને કાયાને પીડે છે. આવું દુષ્કર કાર્ય કરવા માટે કેવા સાધુ સમર્થ બની શકે, તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**वीराणां दुश्चरः पन्था एषोऽनागमगामिनाम् ।**
**आदानीयाभिधानानां भिन्दतां स्वसमुच्छ्रयम् ।।१६।।**

**અન્વયાર્થ :-**

**अनागमगामिनाम्=અનાગમગામી=જ્યાંથી ફરી સંસારમાં આગમન નથી એવા મોક્ષ પ્રત્યે જનારા, आदानीयाभिधानानां=આદાનીયનામવાળા=મુમુક્ષુને ગ્રાહ્ય એવા નામવાળા, स्वसमुच्छ्रयं भिन्दतां=સ્વસમુચ્છ્રયને ભેદતા=સ્વની શત્રુતા છે જેમાં એવા દેહને ભેદતા, वीराणां दुश्चरः=વીરોનો દુશ્ચર=વીરો જ સેવી શકે અન્ય નહીં એવો દુશ્ચર, एषः पन्था=આ પંથ છે=શ્લોક-૧૫માં બતાવાયેલો એવો આ માર્ગ છે. ।।૧૬।।**

**શ્લોકાર્થ :-**

**અનાગમગામી=જ્યાંથી ફરી સંસારમાં આગમન નથી એવા મોક્ષ પ્રત્યે જનારા, આદાનીયનામવાળા=મુમુક્ષુને ગ્રાહ્ય એવા નામવાળા, સ્વસમુચ્છ્રયને ભેદતા=સ્વની શત્રુતા છે જેમાં એવા દેહને ભેદતા, વીરોનો દુશ્ચર આ પંથ છે=શ્લોક-૧૫માં બતાવાયેલો એવો આ માર્ગ છે. ।।૧૬।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**ઉપશમભાવની વૃદ્ધિ માટે દુષ્કર કાર્ય કરનારા સાધુનું સ્વરૂપ :-**

શ્લોક-૧૫માં બતાવ્યું કે સદ્દીક્ષામાં વર્તતા યોગીઓ પૂર્વના કુટુંબીઓ સાથેના પ્રતિબંધથી પર થઈને ઉપશમભાવ તરફ જતા હોય છે, અને ભૂમિકાને અનુસાર કાયાને પીડન કરતા હોય છે. આવો દુષ્કર માર્ગ કોણ સેવી શકે ? તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે –

**અનાગમગામિ=મોક્ષ પ્રત્યે જનારા, વીર પુરુષો :-**

જેઓ કર્મનો નાશ કરવા માટે મહાપરાક્રમ કરનારા છે તેવા વીરો આ માર્ગનું અનુસરણ કરે છે. વળી તે વીર પુરુષો જ્યાંથી ફરીથી આગમન ન થાય તેવા સ્થાનમાં જનારા છે.

આ કથનથી એ ફલિત થાય કે જેઓ અંતરંગ રીતે સંગના પરિણામવાળા છે, તેઓ ફરીથી કર્મોનો સંગ કરીને નવા ભવોને પ્રાપ્ત કરે છે. જે નવો ભવ સંગના પરિણામથી પ્રાપ્ત થાય છે, તે ભવ શાશ્વત હોતો નથી, તેથી તે ભવમાંથી અન્ય ભવમાં અવશ્ય જીવને જવું પડે છે; પરંતુ જ્યારે જીવ સર્વ સંગના પરિણામ વગરનો બને છે, ત્યારે તેને કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રત્યે પ્રતિબંધ રહેતો નથી, અને તેના કારણે ભાવથી અસંગભાવની પરિણતિ પ્રકર્ષવાળી થાય છે, જેના ફળરૂપે સર્વ દ્રવ્ય-ભાવના સંગ વગરની સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિ થાય છે, અને તે સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિથી ફરી કોઈ ભવોમાં આવવાનું બનતું નથી. તેથી જ્યાંથી અનાગમ છે તેવી સિદ્ધઅવસ્થામાં જનારા વીર પુરુષો અસંગભાવ તરફ જવાના પંથને સ્વીકારી શકે છે, અન્ય નહિ.

**મુમુક્ષુને ગ્રાહ્યનામવાળા વીર પુરુષો :-**

વળી તે વીર પુરુષો મુમુક્ષુને ગ્રાહ્યનામવાળા છે.

આશય એ છે કે મુમુક્ષુને કર્મથી મુક્ત થવું છે, અને કર્મથી મુક્ત થવા માટે આવા વીર પુરુષોનું નામગ્રહણ કરવામાં આવે તો તેમના નામગ્રહણથી પણ મોક્ષને અનુકૂળ એવી તીવ્ર શક્તિનો સંચય થાય છે. તેથી મુમુક્ષુને ગ્રાહ્યનામવાળા આ વીર પુરુષો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્વની શત્રુતાવાળા દેહને ભેદનારા વીર પુરુષો :-**

વળી તે વીર પુરુષો સ્વસમુચ્છ્રયને ભેદનારા છે.

સ્વસમુચ્છ્રય એટલે સ્વની શત્રુતા છે જેમાં એવું કાર્મણ અને ઔદારિક શરીર. આ કાર્મણ અને ઔદારિક શરીર જીવને સંસારમાં જકડી રાખે છે. ઔદારિક શરીરને વશ થયેલો જીવ સર્વ આરંભ-સમારંભ કરીને કાર્મણ શરીરને પુષ્ટ કરે છે, અને પુષ્ટ થયેલું કાર્મણ શરીર અનેક જન્મોની પ્રાપ્તિ કરાવીને ઔદારિક આદિ શરીરને આપે છે; અને તે ઔદારિક આદિ શરીરથી આરંભ-સમારંભ કરીને જીવ કાર્મણ શરીરને પુષ્ટ કરે છે. આ રીતે અનર્થોની પરંપરાનાં કારણ જીવ માટે આ બે શરીર છે, અને તે બે શરીરનો વિનાશ કરવામાં જેઓ મહાપરાક્રમવાળા છે, તેઓ વીર પુરુષો છે, અને તે વીર પુરુષોનો શ્લોક-૧૫માં કહેવાયેલ દુષ્કર પંથ છે.

**વીર પુરુષોનો દુષ્કર પંથ :-**

અહીં કહ્યું કે વીર પુરુષોનો આ દુષ્કર પંથ છે. તેથી એ પ્રાપ્ત થાય કે વીર પુરુષો જ આ પંથને સેવી શકે છે. જેઓમાં તેવું સત્ત્વ નથી, તેઓ દીક્ષા ગ્રહણ કરે તોપણ પૂર્વસંયોગનો ત્યાગ કરીને ઉપશમ તરફ જતા નથી, અને ભૂમિકા અનુસાર કાયાનું પીડન કરતા નથી. કદાચ બાહ્ય આચરણારૂપે કાયાનું પીડન કરે, તોપણ મોહનું ઉન્મૂલન થાય તે પ્રકારે કાયાનું પીડન કરી શકતા નથી. તેથી સામાન્ય જીવો માટે દીક્ષાના આ પંથનું સેવન દુષ્કર છે, માટે વીર પુરુષો જ આ દુષ્કર પંથને સેવી શકે છે. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૬માં કહ્યું કે વીરોનો આ દુષ્કર પંથ છે, અને વીર તે કહેવાય કે જે શત્રુના નાશ માટે મહાપરાક્રમ કરે. તેથી પ્રશ્ન થાય કે સદ્દીક્ષા ગ્રહણ કરનાર મહાત્માઓ કયા શત્રુના નાશ માટે ઉદ્યમવાળા છે કે જેથી તેઓને વીર કહેવામાં આવે છે ? તે બતાવવા અર્થે કહે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

**शरीरेणैव युध्यन्ते दीक्षापरिणतौ बुधाः ।**

**दुर्लभं वैरिणं प्राप्य व्यावृत्ता बाह्ययुद्धतः ।।१७।।**

**અન્વયાર્થ :-**

दीक्षापरिणतौ=દીક્ષાની પરિણતિ થયે છતે दुर्लभं वैरिणं प्राप्य=દુર્લભ વૈરીને પ્રાપ્ત કરીને बाह्ययुद्धतः=બાહ્ય યુદ્ધથી व्यावृत्ता बुधाः=વ્યાવૃત્ત થયેલા બુધપુરુષો= બુદ્ધિમાન પુરુષો, शरीरेणैव युध्यन्ते=શરીરની સાથે જ યુદ્ધ કરે છે. ॥૧૭॥

**શ્લોકાર્થ :-**

**દીક્ષાની પરિણતિ થયે છતે, દુર્લભ વૈરીને પ્રાપ્ત કરીને, બાહ્ય યુદ્ધથી વ્યાવૃત્ત થયેલા બુધ પુરુષો=બુદ્ધિમાન પુરુષો, શરીરની સાથે જ યુદ્ધ કરે છે. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

**બાહ્ય શત્રુ સાથે યુદ્ધથી વ્યાવૃત્ત થઈને દીક્ષાની પરિણતિવાળા બુદ્ધિમાન પુરુષોનું અંતરંગ શત્રુભૂત દેહ સાથે યુદ્ધ :-**

દીક્ષાનો અર્થ ગ્રંથકારે કરેલ કે "જે શ્રેયનું દાન કરે છે અને અશિવનું ક્ષપણ કરે છે," તે દીક્ષા છે. તેથી જે જીવમાં અશુભ એવા મોહના સંસ્કારના ક્ષપણની અને અશુભ એવાં કર્મોના ક્ષપણની પરિણતિ પ્રગટે, અને શ્રેયોભૂત એવા સંસ્કારોના આધાનની અને શ્રેયોભૂત એવા પુણ્યબંધની પરિણતિ પ્રગટે, તે જીવમાં દીક્ષાની પરિણતિ વર્તે છે; અને જેઓમાં દીક્ષાની પરિણતિ વર્તી રહી છે, તેવા બુધ પુરુષો સંસારના પારમાર્થિક સ્વરૂપને જોનારા છે. તેથી બાહ્ય શત્રુ પોતાના શત્રુ નથી, પરંતુ પોતાનો પરમ શત્રુ આ કાર્મણ દેહ છે અને આ ઔદારિક દેહ છે, તેવો સ્થિર નિર્ણય કરીને બાહ્ય યુદ્ધથી વ્યાવૃત્ત થાય છે, અને પોતાના શત્રુરૂપે ઓળખવો જેને દુર્લભ છે, એવા શત્રુભૂત દેહને શત્રુરૂપે પ્રાપ્ત કરીને તેની સાથે જ યુદ્ધ કરે છે અર્થાત્ અંતરંગ શત્રુભૂત કાર્મણ દેહના અને એના ઉપષ્ટંભક ઔદારિક દેહના વિનાશ માટે જ સર્વ ઉદ્યમ કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે કોઈ સાધુ સર્વ ઉદ્યમથી બાહ્ય તપમાં ઉદ્યમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતા હોય અને શાસ્ત્રનું અવલંબન લઈને આદ્ય ભૂમિકામાં દેહને મનાક્ પીડન કરતા હોય, અને પછીની ભૂમિકામાં પ્રકર્ષથી પીડન કરતા હોય, અને અંતિમ ભૂમિકામાં નિશ્ચયથી પીડન કરતા હોય; આમ છતાં શાસ્ત્રવચનોથી અત્યંત ભાવિત થઈને મોહના ઉન્મૂલનને અનુકૂળ યત્ન ન કરી શકે તો, કાર્મણ શરીરનું ઉન્મૂલન થતું નથી. તેથી મોક્ષના અર્થીએ જેમ આ બન્ને દેહ પ્રત્યે નિરપેક્ષ થવા અર્થે બન્ને દેહનું પીડન કરવું જોઈએ, એમ સંસારચક્રને ચલાવનાર કાર્મણદેહનો વિનાશ થાય તદ્અર્થે કાર્મણદેહના બીજભૂત મોહના સંસ્કારોનું ઉન્મૂલન કરવું જોઈએ. **॥૧૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૭માં કહ્યું કે દીક્ષાની પરિણતિ થયે છતે બુધપુરુષો દુર્લભ વૈરી એવા શરીરની સાથે યુદ્ધ કરે છે. ત્યાં પ્રશ્ન થાય કે શરીર કઈ રીતે આત્મા માટે વૈરી જેવું છે કે જેથી તેના નાશ માટે બુધપુરુષો ઉદ્યમ કરે છે ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**सर्वो यदर्थमारम्भः क्रियतेऽनन्तदुःखकृत् ।**
**सर्पलालनमङ्गस्य पालनं तस्य वैरिणः ।।१८।।**

**અન્વયાર્થ :-**

**अनन्तदुःखकृत् सर्वः आरम्भः यदर्थं क्रियते=અનન્ત દુઃખને કરનાર સર્વ આરંભ જેના માટે કરાય છે=જે ઔદારિકાદિ દેહ માટે કરાય છે, वैरिणः तस्य अङ्गस्य=વૈરી એવા તે અંગનું पालनं=પાલન, सर्पलालनम्=સર્પનું લાલન છે. ।।૧૮।।**

**શ્લોકાર્થ :-**

**અનન્ત દુઃખને કરનાર, સર્વ આરંભ જેના માટે કરાય છે=જે ઔદારિકાદિ દેહ માટે કરાય છે, વૈરી એવા તે અંગનું પાલન સર્પનું લાલન છે. ।।૧૮।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**સર્વ આરંભ જેના માટે કરાય છે તે ઔદારિક દેહનું પાલન સર્પના લાલન તુલ્ય :-**

સંસારી જીવો દેહની સાથે અભેદ બુદ્ધિવાળા છે, અને દેહની અનુકૂળતાથી જે સાતા થાય છે, તેનાથી જ પોતે સુખી છે તેવો ભ્રમ ધારણ કરે છે. પરંતુ આત્માનું પારમાર્થિક સુખ શું છે તે જાણતા, તેથી દેહનું પાલન કરવા અર્થે સંસારના સર્વ આરંભો કરે છે, અને તે સંસારના સર્વ આરંભોથી પોતાની મોહધારાની વૃદ્ધિ કરે છે, અને અન્ય જીવોને પીડા કરે છે; અને તત્કૃત પાપ બાંધે છે, પરિણામે દુર્ગતિની પરંપરાને પ્રાપ્ત કરે છે, તેથી દેહના પાલન માટે કરાતો સર્વ આરંભ અનંત દુઃખને કરનારો છે.

વળી આ દેહનું પાલન કરવાથી આત્માને અનંત દુઃખોની પ્રાપ્તિ થતી હોવાથી આ દેહ આત્માનો વૈરી છે. વળી આ દેહના પાલનથી બંધાયેલ કાર્મણ દેહના કારણે સંસારમાં જીવ પરવશ થઈને જન્મે છે, પરવશ રીતે જીવે છે અને પરવશ રીતે દુર્ગતિઓની પરંપરાઓને પ્રાપ્ત કરે છે. તેથી જીવને માટે આ દેહ શત્રુભૂત છે અને તેનું લાલન કરવું તે સર્પના લાલન તુલ્ય છે. જેમ સર્પનું લાલન કરવામાં આવે તો તે સર્પ ડંખ દઈને તે પાલન કરનારના મૃત્યુનું કારણ બને છે, તેમ આ દેહનું પાલન પણ અનંત અનર્થોની પરંપરાનું કારણ હોવાથી જીવના વિનાશનું કારણ છે. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં કહ્યું કે શરીરનું પાલન કરવું તે સર્પના લાલન જેવું છે. તેથી સાધુઓ પરમ વૈરી એવા શરીર સાથે યુદ્ધ કરે છે; અને જેઓને શરીર શત્રુરૂપ છે, તેવું જ્ઞાન થયું નથી, પરંતુ સુંદર શરીર ભોગનું સાધન છે માટે સુખનું સાધન છે તેવું જ્ઞાન છે, તેવા જીવો દીક્ષા ગ્રહણ કરે તોપણ તેમની દીક્ષા સંસારના ભાવો સાથે અવિનાભાવવાળી છે. તે બતાવવા અર્થે કહે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

**शरीराद्यनुरागस्तु न गतो यस्य तत्त्वतः ।**
**तेषामेकाकिभावोऽपि क्रोधादिनियतः स्मृतः ।।१९।।**

**અન્વયાર્થ :-**

तु=વળી, यस्य तत्त्वतः=જેમને તત્ત્વથી शरीराद्यनुरागः=શરીરનો અનુરાગ गतो न=ગયો નથી तेषाम्=તેઓનો एकाकिभावोऽपि=એકાકીભાવ પણ=દીક્ષા ગ્રહણ કરવાથી કુટુંબ-ધનાદિના ત્યાગથી થયેલો એકાકીભાવ પણ, क्रोधादि-नियतः स्मृतः=ક્રોધાદિનિયત કહેવાયો છે. ।।૧૯।।

**શ્લોકાર્થ :-**

**વળી જેમને તત્ત્વથી શરીરનો અનુરાગ ગયો નથી, તેઓનો એકાકીભાવ પણ=દીક્ષા ગ્રહણ કરવાથી કુટુંબ-ધનાદિના ત્યાગથી થયેલો એકાકીભાવ પણ, ક્રોધાદિનિયત કહેવાયો છે. ।।૧૯।।**

❖ शरीरादि માં 'आदि' પદથી ભોગસામગ્રીનું ગ્રહણ કરવું.

❖ तेषामेकादिभावोऽपि માં 'अपि' થી એ કહેવું છે કે જેઓને શરીરાદિનો અનુરાગ ગયો નથી, તેઓને કુટુંબાદિની સાથેનો સંબંધનો અભાવ તો ક્રોધાદિનિયત છે, પરંતુ કુટુંબાદિ સર્વના સંગના ત્યાગરૂપ એકાકીભાવ પણ ક્રોધાદિનિયત છે.

❖ क्रोधादि માં 'आदि' પદથી માનાદિ કષાયોનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**તત્ત્વથી શરીરનો અનુરાગ જેમને ગયો નથી, તેઓનો એકાકીભાવ ક્રોધાદિનિયત :-**

જે જીવોએ દીક્ષા સ્વીકારી છે, તેઓ જો ભાવથી સંયમના પરિણામવાળા હોય તો મોક્ષના ઉપાય સિવાય અન્યત્ર તેઓને ઇચ્છા હોતી નથી, અને મોક્ષના અનુપાય પ્રત્યે દ્વેષ હોય છે. તેથી મોક્ષના અનુપાયભૂત સર્વ બાહ્ય સામગ્રીનો ત્યાગ કરે છે અને સર્વ સંગનો ત્યાગ કરી એકાકીભાવ સ્વીકારે છે. વળી તેવા સાધુ દેહને ધારણ કરે છે, તે દેહનું ધારણ પણ સંગરૂપે નથી પણ ધર્મના ઉપકરણરૂપે છે; જે સહવર્તી સાધુઓ સાથે રહે છે, તેમની સાથે પણ સંગનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવ નથી, પરંતુ ગુણવૃદ્ધિના ઉપાયરૂપે સંગ છે, તેથી તેઓ એકાકીભાવવાળા છે.

વળી કોઈ સાધુને બાહ્ય પદાર્થોનો સંગ ન હોય, સહવર્તી સાધુઓ પ્રત્યે પણ સંગનો ભાવ ન હોય, પરંતુ શરીરની શાતા પ્રત્યે અનુરાગ હોય તો તેમને શરીરનો સંગ છે, અને ઉપકરણાદિનો અનુરાગ હોય તો તેનો પણ સંગ છે; અને તેવા સાધુઓ સાક્ષાત્ ક્રોધાદિમાં પ્રયત્ન કરતા ન હોય તોપણ તેઓનો એકાકીભાવ ક્રોધાદિનિયત જ છે; કેમ કે જ્યાં રાગ હોય તેના પ્રતિપક્ષ પ્રત્યે દ્વેષ હોય એવો નિયમ છે. તેથી રાગાદિથી આકુળ ચિત્તવાળા સાધુઓ ક્ષમાદિ દશ પ્રકારના યતિધર્મને વહન કરી શકે નહિ.

વળી અભવ્યાદિ જીવો સંપૂર્ણ અતિચાર વગરનું ચારિત્ર પાળે છે ત્યારે વ્યક્તરૂપે શરીરનો અનુરાગ નથી, શાતાનો અનુરાગ નથી, ભોગોનો અનુરાગ નથી, તોપણ ઉત્તમ શરીર ભોગનું સાધન છે અને શરીર વગરની મુક્ત અવસ્થા ભોગ-વિલાસ વગરની હોવાથી સુંદર નથી, તેવી બુદ્ધિ હોવાને કારણે શરીર પ્રત્યેનો અનુરાગ તેઓને ગયો નથી. તેથી તેવા જીવોનો એકાકીભાવ પણ ક્રોધાદિ ભાવોથી નિયત છે; કેમ કે ભોગના સાધનરૂપે શરીર પ્રત્યેનો અનુરાગ છે અને તેની વ્યાઘાતક સામગ્રી પ્રત્યે દ્વેષ છે. આમ છતાં ઉત્તમ ભોગની પ્રાપ્તિનો ઉપાય ત્યાગ છે, તેથી બાહ્ય ત્યાગ કરીને વર્તમાનમાં ભોગાદિની ઇચ્છા કરતા નથી, તોપણ તેવા જીવોને પરમાર્થથી શરીરાદિનો અનુરાગ ગયો નથી.

વળી જેઓ મોક્ષના અર્થી છે, તેથી સાધુપણું ગ્રહણ કરેલ છે; આમ છતાં સંવિગ્નપાક્ષિક છે, તેઓ પણ શાતાના અર્થી હોવાથી ક્યાંક શરીરને સંયમયોગમાં પ્રવર્તાવવામાં પ્રમાદ કરે છે. તેઓમાં પણ પરમાર્થથી શરીરાદિનો અનુરાગ સર્વથા ગયો નથી, તેથી તેઓમાં પણ ક્ષમાદિના વિરુદ્ધ એવા ક્રોધાદિ ભાવો છે; કેમ કે શરીરનો અનુરાગ હોય તેને તેના વ્યાઘાતક પ્રત્યે દ્વેષ હોય, એવો નિયમ છે છતાં સંવિગ્નપાક્ષિક તત્ત્વને જાણનારા હોવાથી પોતાના શરીર પ્રત્યેના અનુરાગને દૂર કરવાના ઉદ્યમવાળા પણ છે, તેથી આરાધક છે. ॥૧૯॥

**અવતરણિકા :-**

**શ્લોક-૧૯માં કહ્યું કે જેઓને શરીરાદિનો અનુરાગ ગયો નથી, તેઓનો એકાકીભાવ પણ ક્રોધાદિનિયત છે. ત્યાં શંકા થાય કે સાધુ પણ દેહનું**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાલન કરે છે, તેથી તેઓને પણ શરીરનો અનુરાગ છે. અને તેમ સ્વીકારીએ તો સાધુમાં પણ ક્ષમાદિ દશવિધ ધર્મ ઘટે નહિ. તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –

**શ્લોક :-**

**नन्वेवं तं विना साधोः कथं भिक्षाटनाद्यपि ।**

**न, तस्य मोहाजन्यत्वादसङ्गप्रतिपत्तितः ।।२०।।**

**અન્વયાર્થ :-**

**'ननु' થી કોઈ શંકા કરતાં કહે છે - एवं=આ રીતે=સાધુને શરીરાદિનો અનુરાગ ન હોય એ રીતે, तं विना=તેના વગર=શરીરાદિના અનુરાગ વગર, साधोः भिक्षाटनाद्यपि कथं=સાધુને ભિક્ષાઅટનાદિ પણ કઈ રીતે હોય ? અર્થાત્ ભિક્ષાઅટનાદિ સંભવે નહિ.**

તેને ગ્રંથકારશ્રી કહે છે –

**न=એમ ન કહેવું;**

કેમ એમ ન કહેવું ? તેમાં હેતુ કહે છે –

**तस्य=તેનું=ભિક્ષાઅટનાદિનું, मोहाजन्यत्वाद्=મોહઅજન્યપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે જો સાધુને શરીર પ્રત્યે મોહ ન હોય તો ભિક્ષા અટનાદિ કેમ કરે છે ? તેમાં હેતુ કહે છે –

**असङ्गप्रतिपत्तितः=અસંગની પ્રતિપત્તિથી ભિક્ષાટનાદિ કરે છે, એમ અન્વય છે. ॥૨૦॥**

**શ્લોકાર્થ :-**

**'ननु' થી કોઈ શંકા કરતાં કહે છે :**

**આ રીતે=સાધુને શરીરાદિનો અનુરાગ ન હોય એ રીતે, તેના વગર=શરીરાદિના અનુરાગ વગર સાધુને ભિક્ષાટનાદિ પણ કઈ રીતે હોય ? અર્થાત્ ભિક્ષાટનાદિ સંભવે નહિ.**

તેને ગ્રંથકારશ્રી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ન=એમ ન કહેવું;**

કેમ એમ ન કહેવું ? તેમાં હેતુ કહે છે –

**તેનું=ભિક્ષાટનાદિનું, મોહઅજન્યપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે જો સાધુને શરીર પ્રત્યે મોહ ન હોય તો ભિક્ષાટનાદિ કેમ કરે છે ? તેમાં હેતુ કહે છે –

**અસંગની પ્રતિપત્તિથી ભિક્ષાટનાદિ કરે છે, એમ અન્વય છે. ॥૨૦॥**

❖ भिक्षाटनाद्यपि માં आदि પદથી આહારને વાપરવાની ક્રિયાનું ગ્રહણ કરવું, અને 'अपि' થી એ કહેવું છે કે શરીરના અનુરાગ વગર ભોગવિલાસ તો સંભવે નહિ, પરંતુ સાધુની ભિક્ષાટનાદિ ક્રિયા પણ સંભવે નહિ.

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯માં કહ્યું કે મુનિને શરીરનો અનુરાગ હોય તો ક્ષમાદિ દશવિધ સાધુધર્મ સંભવે નહિ. ત્યાં શંકા કરતાં કહે છે – જો સાધુને શરીરનો અનુરાગ ન હોય તો દેહના પાલન અર્થે ભિક્ષા માટે ઉદ્યમ કેમ કરે છે ? અર્થાત્ ભિક્ષા અટનની પ્રવૃત્તિથી જણાય છે કે સાધુને શરીર પ્રત્યેનો કંઈક અનુરાગ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

સાધુ ભિક્ષાઅટનની પ્રવૃત્તિ શરીરના મોહથી કરતા નથી, પરંતુ અસંગભાવથી કરે છે; કેમ કે સાધુ ભિક્ષાઅટન માટે જાય છે, ત્યારે પણ વિચારે છે કે 'ભિક્ષા મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહિ મળે તો તપની વૃદ્ધિ થશે.'

આનાથી એ ફલિત થાય છે કે સાધુ ભિક્ષા દ્વારા સાતાના સાધનભૂત દેહનું પાલન કરતા નથી, પરંતુ સંયમવૃદ્ધિના ઉપાયભૂત દેહનું પાલન કરે છે; અને જો ભિક્ષા મળે તો ભિક્ષા પ્રત્યેના સંગ વગર અને દેહ પ્રત્યેના સંગ વગર, ભિક્ષા દ્વારા પુષ્ટ થયેલા દેહથી સ્વાધ્યાયાદિ કરીને અસંગભાવની વૃદ્ધિ કરે છે, અને જો ભિક્ષા ન મળે તો તપ દ્વારા અસંગભાવની વૃદ્ધિ કરે છે. અસંગભાવની વૃદ્ધિ તત્ત્વજ્ઞાનના સંસ્કાર દ્વારા થાય છે, અને તત્ત્વજ્ઞાન સર્વ ભાવો પ્રત્યેના મમત્વનો ત્યાગ કરીને સમભાવમાં વર્તતા ઉપયોગ સ્વરૂપ છે. તેથી મુનિ સમભાવના ઉપયોગથી અસંગભાવના સંસ્કારોનું આધાન કરીને સંગભાવોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિણામોનો નાશ કરે છે અને અસંગભાવના પરિણામોને અતિશયિત કરે છે. તેથી સાધુની ભિક્ષાઅટનની પ્રવૃત્તિ અને આહારસેવનની પ્રવૃત્તિ અસંગભાવના પરિણામને અતિશયિત કરવાના ઉપાયભૂત છે. માટે સાધુની ભિક્ષાઅટનાદિની પ્રવૃત્તિ શરીરના અનુરાગથી નથી, તેથી સાધુ ભિક્ષાઅટનાદિ કરવા છતાં ક્ષમાદિભાવોની વૃદ્ધિ કરે છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૦માં કહ્યું કે સાધુને અસંગપ્રતિપત્તિ હોવાને કારણે શરીરનો અનુરાગ નથી. તેથી શરીરના અનુરાગનું કારણ એવી સસંગપ્રતિપત્તિ અને અસંગપ્રતિપત્તિ શું છે ? અને અસંગપ્રતિપત્તિ દીક્ષાથી કઈ રીતે પ્રાપ્ત થાય છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**ससङ्गप्रतिपत्तिर्हि ममता वासनात्मिका ।**
**असङ्गप्रतिपत्तिश्च मुक्तिवाञ्छानुरोधिनी ।।२१।।**

**અન્વયાર્થ :-**

**ममता वासनात्मिका=મમતાની વાસનાસ્વરૂપ ससङ्गप्रतिपत्तिर्हि=સસંગપ્રતિપત્તિ છે च=અને मुक्तिवाञ्छानुरोधिनी=મુક્તિની ઇચ્છાને અનુરોધિની असङ्गप्रतिपत्तिः= અસંગપ્રતિપત્તિ છે. ।।૨૧।।**

**શ્લોકાર્થ :-**

**મમતાની વાસનાસ્વરૂપ સસંગપ્રતિપત્તિ છે=સસંગની પરિણતિ છે, અને મુક્તિની ઇચ્છાને અનુરોધિની અસંગપ્રતિપત્તિ છે=અસંગની પરિણતિ છે. ।।૨૧।।**

**શ્લોક :-**

**अनादिकालानुगता महती सङ्गवासना ।**
**तत्त्वज्ञानानुगतया दीक्षयैव निरस्यते ।।२२।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

अनादिकालानुगता=અનાદિકાળથી અનુગત, महती सङ्गवासना=મોટી સંગની વાસના, तत्त्वज्ञानानुगतया=તત્ત્વજ્ઞાન અનુગત, दीक्षयैव निरस्यते=દીક્ષા વડે જ નિરાસ કરાય છે. ।।૨૨।।

**શ્લોકાર્થ :-**

**અનાદિકાળથી અનુગત મોટી સંગની વાસના, તત્ત્વજ્ઞાન અનુગત દીક્ષા વડે જ નિરાસ કરાય છે. ।।૨૨।।**

**શ્લોક-૨૧-૨૨નો ભાવાર્થ :-**

**સસંગપ્રતિપત્તિ અને અસંગપ્રતિપત્તિનું સ્વરૂપ :-**

આત્માના શુદ્ધ ભાવોથી અતિરિક્ત કોઈપણ બાહ્ય પદાર્થ પ્રત્યે મમતાનો પરિણામ થાય એવી આત્મામાં રહેલી મમતાની વાસના પ્રવર્તતી હોય, તે સસંગપ્રતિપત્તિ છે=કોઈક બાહ્ય પદાર્થ સાથે સંગ કરવાનો પરિણામ વર્તે છે, તે સસંગપ્રતિપત્તિ છે.

મુક્તિની ઇચ્છાને અનુસરનારી એવી જીવની પરિણતિ તે અસંગપ્રતિપત્તિ છે.

આશય એ છે કે મોક્ષમાં ગયેલા આત્મા દ્રવ્યથી કોઈ પ્રકારના સંગવાળા નથી, અને કેવળજ્ઞાનમાં જગતનાં તમામ દ્રવ્યો અને તમામ પર્યાયો પ્રત્યક્ષથી દેખાય છે, તોપણ કોઈ પદાર્થ સાથે સંગ કરવાની પરિણતિ તેમને નથી, પરંતુ તે સર્વ ભાવોમાં સંપૂર્ણ સંગ વગરની જ્ઞાનની પરિણતિ વર્તે છે. મોક્ષનું આવું સ્વરૂપ જાણીને જે સાધુને તે મોક્ષ મેળવવાની ઇચ્છા થઈ છે, અને તે ઇચ્છાને અનુસરનાર સર્વ ઉદ્યમથી જે કંઈ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, તે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ અસંગભાવને અનુકૂળ એવા સંસ્કારનું આધાન કરે છે. મુક્તિની ઇચ્છાને અનુસરનારી જીવની આ અસંગપ્રતિપત્તિ છે.

**તત્ત્વજ્ઞાનથી અનુગત એવી દીક્ષાથી સંગની વાસનાનો નાશ :-**

વળી જીવમાં અનાદિકાળથી સંગની વાસના મહાન પડેલી છે અર્થાત્ જીવે અનાદિકાળથી સંગનું સેવન કર્યું છે, અને સંગ કરીને બાહ્ય પદાર્થોમાંથી આનંદનો અનુભવ કર્યો છે. તે સંગની વાસના અતિ ઘનિષ્ઠ સંસ્કારરૂપે આત્મામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેલી છે, તેથી વસ્ત્રની જેમ અલ્પ પ્રયત્નથી તેનો ત્યાગ થતો નથી, પરંતુ તત્ત્વજ્ઞાનથી અનુગત એવી દીક્ષાથી સંગની વાસનાનો નાશ થાય છે.

આશય એ છે કે જીવનું પારમાર્થિક સ્વરૂપ સિદ્ધાવસ્થા સદૃશ છે, અને સિદ્ધાવસ્થા સદૃશ જે જીવનું સ્વરૂપ એ તેને માટે તત્ત્વ છે, અન્ય સર્વ અતત્ત્વ છે. આવું જ્ઞાન થવાને કારણે તે સ્વરૂપને પ્રગટ કરવાના ઉપાયભૂત એવી ઉચિત આચરણાથી યુક્ત દીક્ષાની પ્રવૃત્તિથી સંગની વાસના ક્ષીણ-ક્ષીણતર થાય છે, અને તત્ત્વજ્ઞાનના સંસ્કારો અધિક-અધિકતર આધાન થાય છે. જેમ જેમ આત્મામાં દીક્ષાના પાલનથી તત્ત્વજ્ઞાનના સંસ્કારો દૃઢ-દૃઢતર બને છે, તેમ તેમ અનાદિકાળથી સ્થિર થયેલી એવી સંગની વાસના ક્ષીણ-ક્ષીણતર થાય છે, અને જ્યારે સંગની વાસનાના સર્વ સંસ્કારો નષ્ટ થાય છે, ત્યારે ક્ષાયિકભાવની અસંગની પરિણતિ પ્રગટે છે. ક્ષાયિકભાવની અસંગની પરિણતિ પ્રગટ્યા પૂર્વે તત્ત્વજ્ઞાનના ઉપયોગથી અસંગભાવના સંસ્કારો આધાન થયા હોય, અને ઘણા અસંગભાવના સંસ્કારો આત્મામાં સ્થિર થયા હોય, તોપણ સુષુપ્ત એવી સંગની વાસના નિમિત્તને પામીને પ્રજ્વલિત બને, તો ફરી સંગની પરિણતિનો પ્રવાહ પ્રગટે છે. જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિ ધ્યાનના બળથી અસંગભાવના સંસ્કારો દૃઢ કરી રહ્યા હતા ત્યારે, મહાયોગી હોવા છતાં દુર્મુખનાં વચનો સાંભળીને પુત્રની સાથેના સંગની વાસના જાગૃત થવાથી સંગની વાસના નીચે ઉપયુક્ત થઈને અંતરંગ રીતે મહાયુદ્ધનો આરંભ કરે છે.

વળી જેમ પ્રમાદથી સંગવાસના જાગૃત થાય છે, તેમ સંયમમાં યત્નથી સંગવાસનાનો નાશ પણ થાય છે. જે રીતે પ્રસન્નચંદ્ર રાજર્ષિને પોતાના મુનિભાવનું સ્મરણ થયું તેથી ફરી અસંગભાવનો ઉદ્યમ શરૂ થયો અને અસંગભાવની વાસનાના સંસ્કાર દૃઢ-દૃઢતર થવાથી અને વીર્યનો પ્રકર્ષ થવાથી સંગની વાસનાનું સર્વથા ઉન્મૂલન થયું, તેથી વીતરાગ સર્વજ્ઞ બન્યા. **॥૨૧-૨૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૨માં કહ્યું કે તત્ત્વજ્ઞાનથી યુક્ત એવી દીક્ષાથી અનાદિકાળની મોટી સંગવાસના નાશ પામે છે. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્લોક :-

यः समः सर्वभूतेषु त्रसेषु स्थावरेषु च ।
अत एव च तस्यैव दीक्षा सामायिकात्मिका ।।२३।।

અન્વયાર્થ :-

च अत एव=અને આથી જ=તત્ત્વજ્ઞાનથી યુક્ત દીક્ષા અસંગભાવનું કારણ છે આથી જ, यः=જે સાધુ त्रसेषु स्थावरेषु च सर्वभूतेषु=ત્રસ અને સ્થાવરરૂપ સર્વ જીવોમાં समः=સમપરિણામવાળા છે, तस्यैव=તેની જ सामायिकात्मिका=સામાયિકરૂપ દીક્ષા છે. ।।૨૩।।

શ્લોકાર્થ :-

**અને આથી જ=તત્ત્વજ્ઞાનથી યુક્ત દીક્ષા અસંગભાવનું કારણ છે આથી જ, જે સાધુ ત્રસ અને સ્થાવર સર્વ જીવોમાં સમપરિણામવાળા છે, તેની જ સામાયિકરૂપ દીક્ષા છે. ।।૨૩।।**

શ્લોક :-

नारत्यानन्दयोरस्यामवकाशः कदाचन ।
प्रचारो भानुमत्यभ्रे न तमस्तारकत्विषोः ।।२४।।

અન્વયાર્થ :-

अस्याम्=આમાં=સામાયિકસ્વરૂપ દીક્ષામાં, अरत्यानन्दयोः=અરતિ અને આનંદનો=બાહ્ય અનિષ્ટ પદાર્થોમાં અરતિ અને ઈષ્ટ પદાર્થોમાં આનંદનો, कदाचन अवकाशः न=ક્યારેય અવકાશ નથી. भानुमत्यभ्रे=આકાશ સૂર્યવાળું થયે છતે तमस्तारकत्विषोः=અંધકાર અને તારાની કાંતિનો प्रचारः=પ્રચાર નથી. ।।૨૪।।

શ્લોકાર્થ :-

**આમાં=સામાયિકસ્વરૂપ દીક્ષામાં, અરતિ અને આનંદનો ક્યારેય અવકાશ નથી. આકાશ સૂર્યવાળું થયે છતે અંધકાર અને તારાની કાંતિનો પ્રચાર નથી. ।।૨૪।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**वीराणामित्याद्यारभ्य नवश्लोकी प्रायो व्यक्तार्था ।।१६-१७-१८-१९-२०-२१-२२-२३-२४।।**

**ટીકાર્થ :-**

**'वीराणाम्' ઇત્યાદિથી માંડીને નવ શ્લોકો પ્રાયઃ સ્પષ્ટ અર્થવાળા છે. તેથી ગ્રંથકારશ્રીએ આ નવ શ્લોકોની ટીકા કરેલ નથી. ।।૧૬-૨૪।।**

**ભાવાર્થ :-**

**ત્રસ અને સ્થાવર સર્વ જીવોમાં સમપરિણામવાળા સાધુને સામાયિકરૂપ દીક્ષા :-**

જે જીવો ભાવથી દીક્ષાના પરિણામવાળા છે, તેઓ સદા પોતાનું અસંગભાવરૂપ જે સ્વરૂપ છે, તેને પ્રગટ કરવા માટે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, તેઓને સર્વ ભાવો પ્રત્યે સમભાવના પરિણામરૂપ સામાયિકનો પરિણામ વર્તે છે. તેથી જે સાધુ ત્રસ અને સ્થાવર સર્વ જીવોમાં સમભાવવાળા છે, તેઓ સામાયિકના પરિણામવાળા છે, અન્ય નહિ. માટે જેઓએ સાધુવેશને ગ્રહણ કરેલ છે અને સર્વવિરતિ સામાયિક ઉચ્ચરાવેલી છે, આમ છતાં ષટ્કાયના પાલનમાં સમ્યક્ ઉદ્યમ કરતા નથી અને અસંગભાવમાં જવા માટે સમ્યક્ ઉદ્યમ કરતા નથી, તેઓને સામાયિકસ્વરૂપ દીક્ષા નથી, પરંતુ સર્વ ઉદ્યમથી ષટ્કાયના પાલનમાં ઉદ્યમવાળા મુનિઓને સામાયિકસ્વરૂપ દીક્ષા છે.

**સામાયિકસ્વરૂપ દીક્ષામાં અરતિ અને આનંદનો અનવકાશ :-**

જે મુનિઓને સર્વ ભાવ પ્રત્યે સમભાવ છે, તેઓને બાહ્ય કોઈ પ્રતિકૂળ ભાવો પ્રાપ્ત થાય ત્યારે અરતિ થતી નથી કે બાહ્ય અનુકૂળ ભાવોની પ્રાપ્તિ થાય ત્યારે આનંદનો અવકાશ નથી. જેમ આકાશમાં સૂર્ય પ્રકાશમાન હોય ત્યારે અંધકારનો પ્રચાર નથી કે તારાના પ્રકાશનો પણ પ્રચાર નથી, તેમ આત્મામાં સમભાવના પરિણામનો પ્રચાર વર્તતો હોય ત્યારે સંગભાવના કાર્યરૂપ અરતિનો કે બાહ્ય પદાર્થોના આનંદનો પ્રચાર વર્તતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :-**

અહીં વિશેષ એ છે કે મુનિઓ સર્વ ઉદ્યમથી સમભાવની વૃદ્ધિ માટે યત્ન કરતા હોય છે, અને સમભાવમાં વ્યાઘાતક થાય તેવા કોઈ સંયોગો પ્રાપ્ત થતા હોય તો તેના નિવર્તન માટે યત્ન કરે છે, પરંતુ અરતિને વશ થઈને તેના નિવર્તન માટે યત્ન કરતા નથી.

વળી સમભાવની વૃદ્ધિનું કારણ હોય તેવી આહારાદિની પ્રવૃત્તિઓ મુનિ કરે છે, તોપણ આહારાદિમાંથી આનંદ લેવાની વૃત્તિથી સંસારી જીવોની જેમ મુનિઓ પ્રવૃત્તિ કરતા નથી; કેમ કે તેઓને જગતના બાહ્ય સર્વ પદાર્થો પ્રત્યે સમભાવ છે, તેથી ફક્ત સમભાવની વૃદ્ધિના ઉપાય પ્રત્યે તેઓનો પક્ષપાત છે. માટે સમભાવની વૃદ્ધિના ઉપાયોનું સેવન કરીને પોતાના અસંગભાવની પ્રાપ્તિના આનંદને અનુભવનારા છે, પરંતુ બાહ્ય પદાર્થોમાં આનંદને અનુભવનારા નથી. **॥૨૩-૨૪॥**

**અવતરણિકા :-**

**દીક્ષાનું અત્યાર સુધી વર્ણન કર્યું, તે વર્ણનથી દીક્ષા કેવા સ્વરૂપવાળી પ્રાપ્ત થઈ ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**शुद्धोपयोगरूपेयमित्थं च व्यवतिष्ठते ।**
**व्यवहारेऽपि नैवास्या व्युच्छेदो वासनात्मना ।।२५।।**

**અન્વયાર્થ :-**

**च इत्थं=અને આ રીતે=અત્યાર સુધી દીક્ષાનું વર્ણન કર્યું એ રીતે, शुद्धोपयोगरूपेयम्=મોહના સંશ્લેષ વગરના, આત્માના શુદ્ધ ભાવોને સ્ફુરણ કરવાના કારણભૂત એવા શુદ્ધઉપયોગરૂપ આ દીક્ષા व्यवतिष्ठते=રહેલી છે. व्यवहारेऽपि=વ્યવહારમાં પણ=આહાર-વિહારાદિ ક્રિયાકાળમાં પણ, अस्याः=આનો=શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો, वासनात्मना=વાસનારૂપે व्युच्छेदो नैव=વ્યુચ્છેદ નથી જ. ॥૨૫॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે=અત્યાર સુધી દીક્ષાનું વર્ણન કર્યું એ રીતે, મોહના સંશ્લેષ વગરના, આત્માના શુદ્ધ ભાવોને સ્ફુરણ કરવાના કારણભૂત એવા શુદ્ધઉપયોગરૂપ આ દીક્ષા રહેલી છે. વ્યવહારમાં પણ=આહાર-વિહારાદિ ક્રિયાકાળમાં પણ, આનો=શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો, વાસનારૂપે વ્યુચ્છેદ નથી જ. ।।૨૫।।**

**ટીકા :-**

**शुद्धेति-इत्थं च ममत्वारत्यानन्दाद्यनाक्रान्तसच्चिदानन्दमयशुद्धात्मस्वभावाचरण-रूपत्वे इयं दीक्षा शुद्धोपयोगरूपा व्यवतिष्ठते, कषायलेशस्याप्यशुद्धतापादकस्या-भावात् । व्यवहारेऽपि आहारविहारादिक्रियाकालेऽपि नैवास्याः=शुद्धोपयोगरूपाया दीक्षायाः, वासनात्मना व्युच्छेदः, न च वासनात्मनाऽविच्छिन्नस्य तत्फलविच्छेदो नाम यथा मतिश्रुतोपयोगयोरन्यतरकालेऽन्यतरस्येति ध्येयम् ।।२५।।**

**ટીકાર્થ :-**

**इत्थं च ..... भावात् । અને આ રીતે=અત્યાર સુધી દીક્ષાનું વર્ણન કર્યું એ રીતે, મમત્વ, અરતિ, આનંદ આદિથી અનાકાન્ત, સચ્ચિદ્આનંદમય, શુદ્ધ આત્મસ્વભાવમાં આચરણરૂપપણું હોતે છતે=બાહ્ય પદાર્થો પ્રત્યેના મમત્વનો અભાવ, બાહ્ય પ્રતિકૂળ ભાવોની પ્રાપ્તિમાં અરતિનો અભાવ, બાહ્ય અનુકૂળ ભાવોની પ્રાપ્તિમાં આનંદનો અભાવ છે જેમાં, એવા સત્=વાસ્તવિક ચૈતન્યના આનંદમય જે શુદ્ધ આત્માનો સ્વભાવ, એ સ્વભાવને સ્ફુરણ કરવારૂપ આચરણાપણું હોતે છતે, આ દીક્ષા શુદ્ધઉપયોગરૂપ અવસ્થિત છે; કેમ કે અશુદ્ધતાઆપાદક કષાયલેશનો પણ અભાવ છે=આત્માના ભાવોથી વિપરીત ભાવો પ્રત્યે રાગાદિનો સંશ્લેષ થાય તેવા અશુદ્ધતાઆપાદક કષાયના લેશનો પણ દીક્ષામાં અભાવ છે.**

અહીં પ્રશ્ન થાય કે સાધક આત્મા જ્યારે શાસ્ત્રવચનોથી આત્માને વાસિત કરવા માટે અધ્યયનઆદિની પ્રવૃત્તિઓ કરતા હોય ત્યારે તો શુદ્ધઉપયોગ સંભવે, પરંતુ આહારગ્રહણાદિના ક્રિયાકાળમાં કે વિહારાદિના ક્રિયાકાળમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધઉપયોગરૂપ દીક્ષા કઈ રીતે સંભવે ? તેથી કહે છે –

**व्यवहारेऽपि ..... व्युच्छेदः, વ્યવહારમાં પણ=આહાર-વિહારાદિક્રિયાકાળમાં પણ, આનો=શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો, વાસનાસ્વરૂપે વ્યુચ્છેદ નથી જ.**

અહીં પ્રશ્ન થાય કે એક કાળમાં બે ઉપયોગ હોય નહિ, અને આહારાદિ ક્રિયાકાળમાં આહારાદિવિષયક ઉપયોગ પ્રવર્તે છે, ત્યારે શુદ્ધઉપયોગરૂપ દીક્ષામાં ઉપયોગ પ્રવર્તતો નથી. તેથી તે ઉપયોગકાળમાં શુદ્ધ ઉપયોગરૂપ દીક્ષા વાસનારૂપે પડેલી હોય તોપણ તે દીક્ષાનું ફળ પ્રાપ્ત થાય નહિ; પરંતુ જે શરીરથી આહારાદિની ક્રિયા છે તે પુદ્ગલની ક્રિયાના ફળની પ્રાપ્તિ થાય. તેના નિરાકરણ અર્થે કહે છે –

**न च ..... ध्येयम् ।। અને વાસનારૂપે અવિચ્છિન્ન સંસ્કારના=શુદ્ધઉપયોગરૂપ દીક્ષામાં 'મારે સુદૃઢ યત્ન કરવો છે' એ પ્રકારની વાસનાસ્વરૂપે અવિચ્છિન્ન સંસ્કારના, તે ફળનો વિચ્છેદ નથી=શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનું જે નિર્જરારૂપ ફળ છે, તે ફળનો વિચ્છેદ નથી. જે પ્રમાણે મતિ-શ્રુતના ઉપયોગમાંથી અન્યતર કાળમાં=મતિ-શ્રુતના ઉપયોગમાંથી કોઈપણ એકના ઉપયોગના કાળમાં, અન્યતરનો=જેનો ઉપયોગ નથી તેના ફળનો, વિચ્છેદ નથી, એ પ્રમાણે જાણવું. ।।૨૫।।**

❖ ममत्वारत्यानन्दादि માં 'आदि' પદથી હર્ષ-શોકાદિનું ગ્રહણ કરવું.

❖ कषायलेशस्यापि માં 'अपि' થી એ કહેવું છે કે શુદ્ધઉપયોગરૂપ દીક્ષામાં ઘણા કષાયોનો તો અભાવ છે, પરંતુ અશુદ્ધતાઆપાદક એવા કષાયલેશનો પણ અભાવ છે.

❖ व्यवहारेऽपि માં 'अपि' થી એ કહેવું છે કે ધ્યાનકાળમાં તો શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો અવિચ્છેદ છે, પરંતુ આહાર-વિહારાદિક્રિયારૂપ વ્યવહારકાળમાં પણ વાસનારૂપે શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો અવિચ્છેદ છે.

❖ आहारविहारादि માં 'आदि' પદથી સંયમની અન્ય ક્રિયાઓનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :–**

**સચ્ચિદાનંદમય શુદ્ધ આત્માને પ્રગટ કરવાના ઉપયોગરૂપ હોવાથી દીક્ષા શુદ્ધઉપયોગરૂપ :–**

પૂર્વમાં દીક્ષાનું સ્વરૂપ બતાવ્યું. તે રીતે જો સાધક દીક્ષામાં ઉદ્યમ કરે તો તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધકને આત્માના શુદ્ધ સ્વરૂપથી અતિરિક્ત પોતાના શરીરથી માંડીને યાવત્ બાહ્ય પદાર્થોમાં મમત્વ રહે નહિ, અને તેથી શરીરને ઉપઘાતક કે ઇન્દ્રિયને ઉપઘાતક બાહ્ય પદાર્થોમાં અરતિ થાય નહિ, અને શરીરને ઉપગ્રહકારક કે ઇન્દ્રિયને ઉપગ્રહકારક પદાર્થના સાંનિધ્યમાં આનંદ થાય નહિ; પરંતુ સચ્ચિદાનંદમય એવું જે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, તેને પ્રગટ કરવા માટે સર્વ યત્નથી ઉદ્યમ થાય; અને દીક્ષા સચ્ચિદાનંદમય શુદ્ધ આત્માને પ્રગટ કરવાના ઉપાયમાં દૃઢ યત્નરૂપ હોવાથી શુદ્ધઉપયોગરૂપ છે; કેમ કે દીક્ષાપાલનકાળમાં જીવ વીતરાગ નહિ હોવા છતાં અશુદ્ધતાઆપાદક એવા કષાયલેશનો પણ સ્પર્શ નથી અર્થાત્ જે કંઈ કષાયનો ઉદય છે, તે કષાયનો ઉદય આત્માના શુદ્ધસ્વભાવને પ્રગટ કરવા માટે પ્રવૃત્ત છે, પરંતુ આત્માની અશુદ્ધતાની વૃદ્ધિ કરવામાં પ્રવૃત્ત નથી.

**આહારવિહારાદિક્રિયાકાળમાં શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો વાસનાસ્વરૂપે અવ્યુચ્છેદ :-**

અહીં પ્રશ્ન થાય કે જ્યારે સાધકયોગી શુદ્ધ આત્માના સ્વરૂપને અવલંબીને તે ભાવમાં તન્મય થવા ધ્યાનમાં ઉદ્યમ કરતા હોય ત્યારે શુદ્ધઉપયોગ પ્રવર્તે છે, પરંતુ સાધુ જ્યારે આહાર-વિહારાદિ પ્રવૃત્તિ કરે છે, ત્યારે સાધુનો ઉપયોગ આહાર-વિહારાદિ પ્રવૃત્તિમાં હોય છે. તેથી તે વખતે શુદ્ધઉપયોગરૂપ દીક્ષા સાધુમાં ઘટે નહિ. તેથી ગ્રંથકારશ્રી કહે છે –

સુસાધુઓ આહાર-વિહારાદિ પ્રવૃત્તિઓ કરતા હોય છે, ત્યારે પણ વાસનારૂપે શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો વ્યુચ્છેદ નથી અર્થાત્ સાક્ષાત્ ઉપયોગ આહારાદિની ક્રિયામાં છે, તોપણ આ ક્રિયા દ્વારા પોતાને શુદ્ધ આત્માનો આવિર્ભાવ કરવો છે, એ પ્રકારની વાસનાથી સંવલિત એવો આહારાદિ ક્રિયામાં ઉપયોગ વર્તે છે. તેથી આહારાદિક્રિયાકાળમાં પણ શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો અભાવ નથી.

અહીં પ્રશ્ન થાય કે સાધુ પોતાના શુદ્ધસ્વરૂપમાં ઉપયોગવાળા હોય ત્યારે સાધુના તે ઉપયોગથી શુદ્ધસ્વરૂપના આવારક કર્મનું વિગમન થાય છે. તેથી પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરમાં આત્માનું શુદ્ધસ્વરૂપ અતિશય-અતિશયતર પ્રગટ થાય છે; પરંતુ સાધુ આહાર-વિહારાદિ ક્રિયામાં ઉપયોગવાળા છે, ત્યારે વાસનારૂપે શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો અવિચ્છેદ હોવા છતાં પણ ઉપયોગરૂપે શુદ્ધઉપયોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવર્તતો નથી, તેથી દીક્ષાના ફળની પ્રાપ્તિ થાય નહિ. તેથી કહે છે.

જેમ કોઈ સાધકમાં માર્ગાનુસારી મતિ હોય તો તે સાધક શાસ્ત્રઅધ્યયન કરતી વખતે શ્રુતમાં ઉપયોગવાળા હોય, તોપણ વાસનારૂપે રહેલી માર્ગાનુસારી મતિથી નિયંત્રિત શ્રુતનો ઉપયોગ પ્રવર્તે છે, તેથી તે શ્રુતઅધ્યયનની ક્રિયાથી યથાર્થ બોધ થાય છે; અને જેઓની માર્ગાનુસારી મતિ નથી, તેઓ શ્રુતઅધ્યયન કરતા હોય ત્યારે પણ શ્રુતવચનોને યથા-તથા જોડીને શ્રુતનો વિપરીત બોધ કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે શ્રુતઅધ્યયનકાળમાં શ્રુતનો ઉપયોગ હોવા છતાં વાસનારૂપે રહેલી મતિના ફળનો વિચ્છેદ થતો નથી, તેથી જ શ્રુતઅધ્યયનથી યથાર્થ બોધની પ્રાપ્તિ થઈ. માટે શ્રુતના ઉપયોગકાળમાં માર્ગાનુસારી મતિના ફળનો વિચ્છેદ નથી.

વળી કોઈ સાધક શાસ્ત્રનો યથાર્થ બોધ ધરાવતા હોય, અને કોઈક કાળે મતિજ્ઞાનનો ઉપયોગ હોય તે વખતે પણ, વાસનારૂપે શ્રુતનો ઉપયોગ તે મતિનું નિયંત્રણ કરનાર હોય, તો તે શ્રુતનું ફળ મળે છે; કેમ કે શ્રુતથી નિયંત્રિત થઈને પ્રવર્તતો મતિનો ઉપયોગ આત્માના હિતને અનુકૂળ પ્રવૃત્તિનું કારણ બને છે. તેથી ઉપયોગરૂપે શ્રુતનો ઉપયોગ નહિ હોવા છતાં વાસનારૂપે રહેલા શ્રુતના પરિણામથી નિર્જરાફળની પ્રાપ્તિ થાય છે. આથી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોની મતિ કોઈપણ વિષયમાં પ્રવર્તતી હોય તોપણ, તે મતિના ઉપયોગકાળમાં શ્રુતનો ઉપયોગ નહિ હોવા છતાં, શ્રુતના નિયંત્રણથી પ્રવર્તતી મતિ હોવાના કારણે, વાસનારૂપે રહેલ શ્રુતના કાર્યરૂપ નિર્જરાફળની પ્રાપ્તિ થાય છે. તેની જેમ જેઓ શુદ્ધઉપયોગરૂપ દીક્ષામાં ઉદ્યમ કરનારા છે, તેઓ આહાર-વિહારાદિ ક્રિયાઓ કરતા હોય ત્યારે પણ શુદ્ધઉપયોગ પ્રત્યેના પક્ષપાતથી નિયંત્રિત આહાર-વિહારાદિની પ્રવૃત્તિ કરતા હોય છે, માટે આહાર-વિહારાદિની ક્રિયાકાળમાં ક્રિયાનો ઉપયોગ હોવા છતાં શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો વિચ્છેદ નથી અર્થાત્ તે ક્રિયાના સેવનકાળમાં પણ શુદ્ધઉપયોગથી નિયંત્રિત પ્રવૃત્તિ હોવાના કારણે આત્માના શુદ્ધ સ્વભાવના પ્રતિબંધક કર્મોનું વિગમન થાય છે. તેથી દીક્ષાના ફળનો વિચ્છેદ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :-**

અહીં વિશેષ એ છે કે શુદ્ધઉપયોગની વાસના બે પ્રકારની છે –

(૧) કેટલાક જીવોને બોધ હોય છે કે "મારા આત્માનું શુદ્ધ સ્વરૂપ આવા પ્રકારનું છે અને મારે તેને પ્રગટ કરવું છે" અને આ બોધ ઉપયોગરૂપે વર્તતો હોય ત્યારે કંઈક શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટ કરવાને અનુકૂળ ઉદ્યમ થાય છે; પરંતુ તે પ્રકારનો ઉપયોગ વર્તતો નથી અને આહાર-વિહારાદિની અન્ય ક્રિયાઓ કરે છે, ત્યારે પોતાના લક્ષ્યનું સ્મરણ હોતું નથી, પરંતુ જે આહાર-વિહારાદિની ક્રિયાઓ કરે છે, તે ક્રિયાઓમાં ઉપયોગ હોય છે તેવા સાધકોમાં શુદ્ધઉપયોગ વાસનારૂપે પડેલ હોવા છતાં સુષુપ્ત છે, તેથી આહારાદિની કરાતી ક્રિયા સાથે સંલગ્ન થઈને શુદ્ધઉપયોગની વાસના શુદ્ધ આત્મતત્ત્વના વિશેષ પ્રકારના આવિર્ભાવનું કારણ બનતી નથી. માટે આહાર-વિહારાદિ ક્રિયાકાળમાં સુષુપ્ત વાસનારૂપે રહેલ શુદ્ધઉપયોગથી શુદ્ધઉપયોગરૂપ દીક્ષાના ફળની પ્રાપ્તિ થતી નથી; પરંતુ જે આહારાદિની ક્રિયા કરે છે, તે ક્રિયાકાળમાં જે પ્રકારનો મોહનો પરિણામ વર્તે છે, તેને અનુરૂપ ફળની પ્રાપ્તિ થાય છે.

(૨) વળી જે સાધકો શુદ્ધઉપયોગરૂપ દીક્ષાને સેવનારા છે અને શુદ્ધ આત્માના આવિર્ભાવના લક્ષ્યના વિસ્મરણ વગર દરેક ઉચિત ક્રિયા કરે છે, તેઓને આહારાદિની ક્રિયાઓ કરતા હોય ત્યારે પણ પોતાના લક્ષ્યનું વિસ્મરણ નથી. તેથી આત્માના શુદ્ધ સ્વરૂપનો મારે આવિર્ભાવ કરવો છે, એ પ્રકારની વાસનાથી નિયંત્રિત આહારાદિની પ્રવૃત્તિ કરે છે માટે આહારાદિની પ્રવૃત્તિ પણ મોહ ન સ્પર્શે તે રીતે કરે છે, તેથી આહારાદિની પ્રવૃત્તિમાં ઉપયોગ હોવા છતાં વાસનારૂપે રહેલ શુદ્ધઉપયોગરૂપ દીક્ષાના ફળરૂપ મોહનું ઉન્મૂલન આહારાદિના પ્રવૃત્તિકાળમાં પણ તેઓને થાય છે. તેથી આહારાદિના ક્રિયાકાળમાં પણ તેઓને શુદ્ધઉપયોગરૂપ દીક્ષાના ફળની પ્રાપ્તિ છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૫માં કહ્યું કે દીક્ષા શુદ્ધઉપયોગરૂપ છે, અને આહારાદિના પ્રવૃત્તિકાળમાં પણ વાસનારૂપે શુદ્ધઉપયોગરૂપ દીક્ષાનો વિચ્છેદ નથી. ત્યાં દિગંબર કહે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શુદ્ધ આત્માના ધ્યાનમાં જેઓ વર્તે છે, તેઓની દીક્ષા શુદ્ધઉપયોગરૂપ છે, અને તે દીક્ષા મોક્ષનું કારણ છે; પરંતુ જેઓ શુદ્ધ આત્માના ધ્યાનમાં વર્તતા નથી, પણ આહાર-વિહાર કે આવશ્યકાદિ ક્રિયાઓ કરે છે, તેઓને ભગવાનના વચન પ્રત્યેનો રાગ વર્તે છે, અને ભગવાનના વચનના રાગથી તે તે ક્રિયાઓ કરે છે, તેથી તેઓ શુદ્ધઉપયોગમાં નથી પરંતુ શુભઉપયોગમાં છે; અને શુભઉપયોગરૂપ દીક્ષા મોક્ષનું સાક્ષાત્ કારણ નથી, પરંતુ સ્વર્ગનું કારણ છે", આમ કહીને શુદ્ધઉપયોગ અને શુભઉપયોગ બન્ને સમાન રીતે મોક્ષફળસાધક નથી, તેમ દિગંબર કહે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**फले न तुल्यकक्षत्वं शुभशुद्धोपयोगयोः ।**
**येषामन्त्यक्षणे तेषां शैलेश्यामेव विश्रमः ।।२६।।**

**અન્વયાર્થ :-**

शुभशुद्धोपयोगयोः फले=શુભઉપયોગ અને શુદ્ધઉપયોગના ફળમાં येषाम्= જેઓને, तुल्यकक्षत्वं न=તુલ્યકક્ષપણું નથી तेषाम्=તેઓને शैलेश्याम् अन्त्यक्षणे एव विश्रमः=શૈલેશીઅવસ્થાવર્તી અન્ત્ય ક્ષણમાં જ મોક્ષના કારણનો વિશ્રામ છે=શૈલેશી અવસ્થાની અન્ત્ય ક્ષણને જ મોક્ષનું કારણ માનવું પડે. ॥૨૬॥

**શ્લોકાર્થ :-**

**શુભઉપયોગ અને શુદ્ધઉપયોગના ફળમાં જેઓને તુલ્યકક્ષપણું નથી, તેઓને શૈલેશીઅવસ્થાવર્તી અન્ત્ય ક્ષણમાં જ મોક્ષના કારણનો વિશ્રામ છે=શૈલેશી અવસ્થાની અન્ત્ય ક્ષણને જ મોક્ષનું કારણ માનવું પડે. ॥૨૬॥**

**ટીકા :-**

**फल इति-येषां वादिनां फले मोक्षलक्षणे शुभशुद्धोपयोगयोर्न तुल्यकक्षत्वं साधारण्येन प्रधानहेतुत्वं तेषां शैलेश्यामन्त्यक्षण एव विश्रमः स्यात्, तदैव**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सर्वसंवरोपपत्तेः, तदुपकारकत्वस्य चोभयत्राविशेषात्, तत्सन्निहितोपकारकत्वस्य च शुद्धोपयोगमात्राविश्रान्तत्वात्, आपेक्षिकस्य च तस्य शुद्धोपयोगे (शुभोपयोगे) ऽप्यबाधाद्, उचितगुणवृत्तित्वेन न्याय्यत्वाच्चेति ।।२६।।

**ટીકાર્થ :-**

**येषां ..... उपपत्तेः, જે વાદીઓને મોક્ષરૂપ ફળમાં શુભઉપયોગનું અને શુદ્ધઉપયોગનું તુલ્યકક્ષપણું નથી=સાધારણપણાથી પ્રધાનહેતુપણું નથી અર્થાત્ મોક્ષ પ્રત્યે બન્ને પ્રધાન કારણ તરીકે સમાન નથી, તેઓને શૈલેશીઅવસ્થાવર્તી અન્ત્ય ક્ષણમાં જ વિશ્રામ થાય; કેમ કે ત્યારે જ= શૈલેશીની અન્ત્ય ક્ષણમાં જ, સર્વસંવરની ઉપપત્તિ છે.**

અહીં પ્રશ્ન થાય કે શૈલેશીનો ચરમ સમય મોક્ષનું સાક્ષાત્ કારણ ભલે હોય, તોપણ એ અવસ્થાની પ્રાપ્તિ પ્રત્યે શુદ્ધઉપયોગ ઉપકારક છે; કેમ કે આત્માના શુદ્ધભાવોમાં જવાના ઉદ્યમસ્વરૂપ છે; જ્યારે શુભઉપયોગ તેનો ઉપકારક નથી; કેમ કે પ્રશસ્ત રાગાદિના વિકલ્પોથી આત્માની શુદ્ધ અવસ્થાને દૂષિત કરનાર છે. આ પ્રકારની દિગંબરની માન્યતાને સામે રાખીને તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી અન્ય હેતુ કહે છે –

**ટીકાર્થ :-**

**तदुपकारकत्वस्य ..... विशेषात्, તદુપકારકપણાનો=શૈલેશીની ચરમક્ષણના ઉપકારકપણાનો, બંને સ્થાનમાં=શુભઉપયોગમાં અને શુદ્ધઉપયોગમાં, અવિશેષ છે=દૂર-આસન્નતાકૃત ભેદ હોવા છતાં સર્વસંવરરૂપ ચરમક્ષણની પ્રાપ્તિ પ્રત્યે સમાન રીતે કારણપણું છે.**

અહીં દિગંબર કહે છે કે "શુભઉપયોગ કરતાં શુદ્ધઉપયોગ સર્વસંવર પ્રત્યે સન્નિહિત છે. તેથી શુદ્ધઉપયોગમાં સન્નિહિત ઉપકારકતા છે, શુભઉપયોગમાં સન્નિહિત ઉપકારકતા નથી. તેથી મોક્ષ પ્રત્યે શુદ્ધઉપયોગ અને શુભઉપયોગ સમાન રીતે પ્રધાન હેતુ નથી." તેના નિરાકરણ અર્થે અન્ય હેતુ કહે છે.

**तत्सन्निहित ..... विश्रान्तत्वात्, તત્સન્નિહિત ઉપકારકત્વનું=સર્વસંવરને સન્નિહિત ઉપકારકપણાનું, શુદ્ધઉપયોગમાત્રમાં અવિશ્રાન્તપણું છે અર્થાત્ શુદ્ધઉપયોગ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કરતાં પણ કેવળજ્ઞાન સર્વસંવરને સન્નિહિત હોવાથી, તત્સન્નિહિત ઉપકારકપણું માત્ર શુદ્ધઉપયોગમાં છે, તેમ કહી શકાય નહીં.**

અહીં દિગંબર કહે છે કે "શુદ્ધઉપયોગ કરતાં સર્વસંવર પ્રત્યે કેવળજ્ઞાન સન્નિહિત હોવા છતાં શુભઉપયોગની અપેક્ષાએ સન્નિહિતતા શુદ્ધઉપયોગમાં છે. તેથી સર્વસંવરના અર્થીએ શુદ્ધઉપયોગમાં યત્ન કરવો જોઈએ, શુભઉપયોગમાં નહિ." તેના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી અન્ય હેતુ કહે છે –

**आपेक्षिकस्य ..... अबाधाद्, આપેક્ષિક એવા તેનો=આપેક્ષિક એવા સન્નિહિત ઉપકારકપણાનો, શુભઉપયોગમાં પણ અબાધ છે=નિર્વિકલ્પરૂપ શુદ્ધઉપયોગની અપેક્ષાએ સાધુનો સવિકલ્પરૂપ શુભઉપયોગ સર્વસંવરને અસન્નિહિત હોવા છતાં દેશવિરતિ આદિનું પાલન કરતા શ્રાવકના શુભઉપયોગ કરતાં દીક્ષામાં ઉદ્યમ કરતાં સાધકના શુભઉપયોગમાં સર્વસંવરને સન્નિહિતપણું છે. તેથી આપેક્ષિક સન્નિહિતપણાનો શુભઉપયોગમાં પણ અબાધ છે.**

અહીં દિગંબર કહે છે કે "શુદ્ધઉપયોગમાં કરાતો ઉદ્યમ આત્માના શુદ્ધભાવોને આવિર્ભાવ કરીને વીતરાગ થવાનું કારણ છે, જ્યારે શુભઉપયોગમાં તો પ્રશસ્ત રાગાદિથી આત્માને મલિન કરવાનો પ્રયત્ન છે, પરંતુ આત્માના શુદ્ધભાવોને પ્રગટ કરવાનો પ્રયત્ન નથી. માટે શુદ્ધઉપયોગ ઉપાદેય છે, શુભઉપયોગ નહિ. તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી અન્ય હેતુ કહે છે –

**उचितगुण ..... न्याय्यत्वाच्चेति । ઉચિતગુણવૃત્તિપણું હોવાને કારણે=પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત ગુણોમાં વર્તન હોવાને કારણે, ન્યાય્યપણું છે=તે ભૂમિકામાં મોક્ષના અર્થીએ શુભઉપયોગમાં યત્ન કરવાનું ન્યાય્યપણું છે.**

**इति શબ્દ ટીકાના કથનની સમાપ્તિ માટે છે. ॥૨૬॥**

✤ "शुद्धोपयोगेऽप्यबाधात्" ના સ્થાને "शुभोपयोगेऽप्यबाधाद्" એમ સંદર્ભથી જણાય છે. પાઠશુદ્ધિ મળેલ નથી.

✤ शुभोपयोगेऽपि માં 'अपि' થી એ કહેવું છે કે શુદ્ધઉપયોગમાં તો આપેક્ષિક એવા સન્નિહિત ઉપકારકત્વનો અબાધ છે, પરંતુ શુભઉપયોગમાં પણ આપેક્ષિક સન્નિહિત ઉપકારકત્વનો અબાધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**શુદ્ધઉપયોગ અને શુભઉપયોગનું તુલ્યકક્ષપણું નથી, એમ કહેનાર દિગંબરના મતનું ગ્રંથકારશ્રી દ્વારા નિરાકરણ :-**

દિગંબરો કહે છે કે "આદ્ય ભૂમિકામાં મુનિઓ ભગવાનના વચન પ્રત્યે રાગવાળા છે, અને ભગવાનના વચનના રાગથી સંયમયોગની પ્રવૃત્તિ કરે છે તેઓ શુભઉપયોગવાળા છે; અને જેઓ સર્વકર્મના કલંકથી રહિત એવા શુદ્ધ આત્માના ધ્યાનમાં ઉદ્યમવાળા છે, તેઓ શુદ્ધઉપયોગવાળા છે; અને મોક્ષ એ શુદ્ધ આત્માનું સ્વરૂપ છે, તેથી મોક્ષપ્રાપ્તિ પ્રત્યે શુદ્ધ આત્માનું ધ્યાન પ્રધાન હેતુ છે, પરંતુ પ્રશસ્ત એવો પણ ભગવાનના વચનનો રાગ જેમાં વર્તે છે એવું મુનિપણું મોક્ષ પ્રત્યે પ્રધાન કારણ નથી. તેથી શુદ્ધઉપયોગ અને શુભઉપયોગ મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ પ્રત્યે સમાન કારણ નથી." તે દિગંબરના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જો આ રીતે ઉપરની ભૂમિકાવાળા યોગીઓથી સેવાતો શુદ્ધઉપયોગરૂપ માર્ગ, અને તેની પૂર્વભૂમિકાના મુનિઓથી સેવાતો શુભઉપયોગરૂપ માર્ગ, દૂર-આસન્નભાવથી ભિન્ન હોવા છતાં મોક્ષ પ્રત્યેના ગમનની પ્રવૃત્તિરૂપે સમાન છે, તેમ ન સ્વીકારવામાં આવે; અને એમ કહેવામાં આવે કે રાગાંશથી આકુળ ચિત્ત શુભઉપયોગમાં છે અને નિર્વિકલ્પ ઉપયોગવાળું ચિત્ત શુદ્ધઉપયોગમાં છે, માટે શુદ્ધઉપયોગ મોક્ષનું પ્રધાન કારણ છે, રાગાંશથી આક્રાન્ત એવો શુભઉપયોગ મોક્ષનું પ્રધાન કારણ નથી, તો તે દિગંબરોએ મોક્ષ પ્રત્યે અતિઆસન્ન એવી શૈલેશીની ચરમ ક્ષણને જ મોક્ષ પ્રત્યે પ્રધાન કારણ સ્વીકારવી જોઈએ, અને શુદ્ધઉપયોગ પણ મોક્ષનો પ્રધાન હેતુ નથી, એમ કહેવું જોઈએ; કેમ કે જેમ શુભઉપયોગમાં રાગાંશની આકુળતા છે, માટે મોક્ષનું કારણ નથી, એમ કહેવામાં આવે, તેમ શુદ્ધઉપયોગકાળમાં પણ સર્વસંવર નથી, માટે શુદ્ધઉપયોગ પણ મોક્ષનું પ્રધાન કારણ નથી, એમ દિગંબરોને માનવું પડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સર્વસંવરનું ઉપકારકપણું શુદ્ધઉપયોગમાં છે, શુભઉપયોગમાં નથી; માટે મોક્ષનું પ્રધાન કારણ શુદ્ધઉપયોગ છે, એ પ્રકારના દિગંબરના મતનું ગ્રંથકારશ્રી દ્વારા નિરાકરણ :-**

અહીં દિગંબરો કહે કે શુદ્ધઉપયોગ એ આત્મામાં જવાના ઉદ્યમસ્વરૂપ છે અને શુભઉપયોગ એ ભગવાન પ્રત્યે રાગાંશ પ્રવર્તાવવા સ્વરૂપ છે. તેથી સર્વસંવરનું ઉપકારકપણું શુદ્ધઉપયોગમાં છે, શુભઉપયોગમાં નથી, માટે મોક્ષનું પ્રધાન કારણ શુદ્ધઉપયોગ છે, શુભઉપયોગ નથી. તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી અન્ય હેતુ આપે છે –

સર્વસંવરનું ઉપકારકપણું શુદ્ધઉપયોગમાં અને શુભઉપયોગમાં સમાન છે.

આશય એ છે કે શુદ્ધ આત્માના સ્વરૂપમાં જેઓ મગ્ન રહી શકે છે, તેઓ શુદ્ધ આત્માના ધ્યાનના બળથી સર્વસંવર તરફ જઈ રહ્યા છે. તેમ જેઓ સંસારના ઉચ્છેદના અર્થી છે અને મોક્ષપ્રાપ્તિ પ્રત્યે બદ્ધલક્ષ્યવાળા છે, તેવા મુનિઓ વીતરાગ પ્રત્યે રાગવાળા છે; અને વીતરાગના વચનાનુસાર ઉદ્યમ કરીને સમભાવનો પ્રકર્ષ કરવો એ વીતરાગ થવાનો ઉપાય છે, એવો સ્થિર નિર્ણય તેમને છે. તેથી વીતરાગના વચનનું સ્મરણ કરીને સમભાવની વૃદ્ધિને અનુકૂળ ઉદ્યમ કરી રહ્યા છે, તેઓ પણ સર્વસંવરને અભિમુખ જઈ રહ્યા છે. તેથી જેમ શુદ્ધઉપયોગમાં સર્વસંવરને અભિમુખભાવ છે, તેમ શુભઉપયોગમાં પણ સર્વસંવરને અભિમુખ ભાવ છે. માટે સર્વસંવરનું ઉપકારકપણું શુદ્ધઉપયોગ અને શુભઉપયોગમાં સમાન છે.

અહીં પૂર્વપક્ષી કહે છે કે મોક્ષની પ્રાપ્તિ સર્વસંવરથી થાય છે અને સર્વસંવરને સન્નિહિત ઉપકારક શુદ્ધઉપયોગ છે; કેમ કે શુદ્ધ આત્માના ધ્યાનમાં તન્મય થયેલા યોગીઓ શક્તિના પ્રકર્ષથી સર્વસંવરને પ્રાપ્ત કરે છે. માટે મોક્ષ પ્રત્યે પ્રધાન હેતુ શુદ્ધઉપયોગ છે, અને શુભઉપયોગ તો રાગાદિના સંશ્લેષવાળો હોવાથી સર્વસંવરને અભિમુખ નથી માટે સર્વસંવરની સન્નિહિત ઉપકારકતા શુદ્ધઉપયોગમાં છે. તેથી મોક્ષના અર્થીએ શુદ્ધઉપયોગમાં ઉદ્યમ કરવો ઉચિત છે. આ પ્રકારની દિગંબરની માન્યતાનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

સર્વસંવરના સન્નિહિત ઉપકારકપણાનો વિશ્રામ શુદ્ધઉપયોગમાં નથી, પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલજ્ઞાનમાં છે. તેથી જો સર્વસંવરના અર્થીએ સન્નિહિતમાં જ ઉદ્યમ કરવો જોઈએ, એમ કહેવામાં આવે તો સર્વસંવરને સન્નિહિત એવા કેવળજ્ઞાનમાં ઉદ્યમ કરવો જોઈએ, તેમ સ્વીકારવું પડે; અને દિગંબર જો એમ કહે કે સર્વસંવરને સન્નિહિત કેવળજ્ઞાન હોવા છતાં કેવળજ્ઞાનમાં સાક્ષાત્ ઉદ્યમ થઈ શકતો નથી, તેથી સર્વસંવરના અર્થી જીવોએ કેવળજ્ઞાનના ઉપાયભૂત શુદ્ધઉપયોગમાં ઉદ્યમ કરવો જોઈએ; વળી જો મોહવાળી અવસ્થામાં કેવળજ્ઞાન માટે સાક્ષાત્ ઉદ્યમનો અસંભવ છે, તેથી મોહવાળી અવસ્થામાં કેવલજ્ઞાનના ઉપાયભૂત એવા શુદ્ધઉપયોગમાં ઉદ્યમ દિગંબરને ઇષ્ટ છે; તો જે મુનિઓ શુદ્ધઉપયોગમાં સાક્ષાત્ ઉદ્યમ કરી શકે તેવા નથી, તેવા મુનિઓ શુભઉપયોગમાં ઉદ્યમ કરીને સર્વસંવર તરફ જાય છે, તેમ સ્વીકારવામાં શું વાંધો છે ?

અહીં દિગંબર કહે કે કેવળજ્ઞાનની અપેક્ષાએ સર્વસંવરનું સન્નિહિત ઉપકારકપણું શુદ્ધઉપયોગમાં ભલે ન હોય તોપણ શુભઉપયોગની અપેક્ષાએ સન્નિહિત ઉપકારકપણું શુદ્ધઉપયોગમાં છે. તેથી મોક્ષના અર્થીએ શુદ્ધઉપયોગમાં ઉદ્યમ કરવો જોઈએ.

પૂર્વપક્ષીનો આશય એ છે કે વીતરાગતાની પ્રાપ્તિ અસંગભાવથી થાય છે, અને શુદ્ધઉપયોગ એ અસંગભાવમાં જવા માટેના તન્મયતાથી કરાતા યત્નસ્વરૂપ છે, અને શુભઉપયોગ એ ભગવાનના ગુણો પ્રત્યેના રાગના પરિણામસ્વરૂપ છે; અને રાગનો પરિણામ સાક્ષાત્ વીતરાગતાનું કારણ નથી, પરંતુ અસંગભાવનો પરિણામ સાક્ષાત્ વીતરાગતાનું કારણ છે, અને વીતરાગતા કેવળજ્ઞાન પ્રત્યે કારણ છે, અને કેવળજ્ઞાનથી સર્વસંવર આવે છે, તેથી સર્વસંવરના અર્થીએ અસંગભાવની પરિણતિના અનન્ય કારણભૂત શુદ્ધઉપયોગમાં ઉદ્યમ કરવો ઉચિત છે, પરંતુ શુભઉપયોગમાં ઉદ્યમ કરવો ઉચિત નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે -

આપેક્ષિક સન્નિહિત ઉપકારકપણું જેમ શુદ્ધઉપયોગમાં છે, તેમ આપેક્ષિક સન્નિહિત ઉપકારકપણું શુભઉપયોગમાં પણ છે. માટે જેમ કેવળજ્ઞાન માટે અસમર્થ સાધક તેના ઉપાયભૂત શુદ્ધઉપયોગમાં ઉદ્યમ કરે તે ઉચિત છે, તેમ શુદ્ધઉપયોગ માટે અસમર્થ સાધક શુભઉપયોગમાં ઉદ્યમ કરે તે પણ ઉચિત છે.

આશય એ છે કે અપેક્ષાએ જેમ શુદ્ધઉપયોગમાં સર્વસંવરનું સન્નિહિતપણું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તેમ જેઓ દેશવિરતિનું પાલન કરે છે, તેઓમાં વર્તતા શુભઉપયોગની અપેક્ષાએ સર્વવિરતિનું પાલન કરનારા મુનિના શુભઉપયોગમાં સર્વસંવરનું સન્નિહિતપણું છે. તેથી આપેક્ષિક સન્નિહિત ઉપકારકપણાને ગ્રહણ કરીને શુદ્ધઉપયોગને ઉપાદેય કહી શકાય તો દેશવિરતિના શુભઉપયોગ કરતાં સર્વવિરતિના શુભઉપયોગમાં આપેક્ષિત સન્નિહિત ઉપકારકપણું હોવાથી તેને પણ ઉપાદેય સ્વીકારી શકાય.

તાત્પર્ય એ છે કે જેમ વીતરાગતા પ્રત્યે શુદ્ધઉપયોગ કારણ છે, તેમ કંઈક દૂરવર્તીપણાથી શુભઉપયોગ પણ વીતરાગતા પ્રત્યે કારણ છે, અને દેશવિરતિના શુભઉપયોગ કરતાં સર્વવિરતિનો શુભઉપયોગ વીતરાગતા પ્રત્યે આસન્ન કારણ છે; કેમ કે દેશવિરતિમાં ભગવાનના ગુણોના પક્ષપાતથી ભગવાન પ્રત્યેની ભક્તિને અભિવ્યક્ત કરે તેવી દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ છે, અને સર્વવિરતિના પાલનમાં ભગવાનના વચનનું અવલંબન લઈને સર્વ ઉદ્યમથી વીતરાગતાને અનુકૂળ ઉચિત આચરણાઓ છે. તેથી દેશવિરતિ દૂરવર્તી વીતરાગતાનું કારણ છે, સર્વવિરતિ તેની અપેક્ષાએ આસન્ન રીતે વીતરાગતાનું કારણ છે. તેથી જેમ વીતરાગતાના અર્થી માટે સ્વભૂમિકા અનુસાર શુદ્ધઉપયોગ ઉપાદેય છે, તેમ વીતરાગતાના અર્થી માટે સ્વભૂમિકા અનુસાર શુભઉપયોગ પણ ઉપાદેય છે.

**શુદ્ધઉપયોગમાં ઉચિત ગુણોમાં વર્તવા સ્વરૂપ ઉદ્યમ છે, શુભઉપયોગમાં નથી, એ પ્રકારના દિગંબરના કથનનું ગ્રંથકારશ્રી દ્વારા નિરાકરણ :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે આપેક્ષિક સન્નિહિત ઉપકારકપણું જેમ શુદ્ધઉપયોગમાં છે, તેમ આપેક્ષિક સન્નિહિત ઉપકારકપણું શુભઉપયોગમાં પણ છે, માટે મોક્ષના અર્થીને જેમ શુદ્ધઉપયોગ ઉપાદેય છે, તેમ શુભઉપયોગ પણ ઉપાદેય છે. ત્યાં દિગંબર કહે કે "શુદ્ધઉપયોગમાં જીવનો ઉદ્યમ ઉચિત ગુણોમાં વર્તવા સ્વરૂપ છે માટે શુદ્ધઉપયોગ ઉપાદેય છે, અને શુભઉપયોગમાં તો જીવને માટે અનુચિત એવા રાગાદિ ભાવોમાં યત્ન કરાય છે, માટે શુભઉપયોગ હેય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે :

શુભઉપયોગમાં પણ સ્વભૂમિકા અનુસાર ઉચિત ગુણોમાં યત્ન વર્તે છે. તેથી મોક્ષના અર્થી માટે શુભઉપયોગમાં યત્ન કરવો એ પણ ન્યાય્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશય એ છે કે કર્મથી તિરોહિત રહેલા આત્માના શુદ્ધસ્વરૂપને જે યોગીઓ બાહ્ય અવલંબન વગર શ્રુતચક્ષુથી અવલોકન કરીને તેમાં તન્મય થવા માટે ધ્યાનમાં ઉદ્યમ કરી શકે છે, તેવા યોગીઓ શુદ્ધઉપયોગમાં ઉદ્યમ કરે તે ઉચિત છે; પરંતુ જેઓ તે ભૂમિકાને પામ્યા નથી, તેઓ પણ પોતાનાથી ભિન્ન એવા વીતરાગના ગુણોનું સ્મરણ કરીને, અને વીતરાગના ગુણો પ્રત્યે બદ્ધરાગવાળા થઈને, તે વીતરાગતાની પ્રાપ્તિના અનન્ય ઉપાયભૂત એવા વીતરાગના વચનનું અવલંબન લઈને, ઉચિત ક્રિયાઓમાં યત્ન કરવા દ્વારા પોતાનામાં વર્તતા મોહના ભાવોનું ઉન્મૂલન કરીને, સ્વભૂમિકા અનુસાર ઉચિત ગુણોમાં ઉદ્યમ કરતા હોય, એવા યોગીઓ માટે વીતરાગના ગુણોનો રાગ અને વીતરાગના વચનનો રાગ, શુદ્ધઉપયોગમાં જવા માટેના અનન્ય ઉપાયરૂપ હોવાથી ન્યાય્ય છે. માટે મોક્ષ પ્રત્યે શુભઉપયોગનું અને શુદ્ધઉપયોગનું સાધારણરૂપે પ્રધાનહેતુપણું છે, એમ માનવું ઉચિત છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=પૂર્વગાથામાં કહ્યું કે મોક્ષ પ્રત્યે શુભઉપયોગનું અને શુદ્ધઉપયોગનું સાધારણપણાથી પ્રધાનહેતુપણું છે, એને જ, ભાવન કરે છે –**

**શ્લોક :-**

**अध्यात्मादिकयोगानां ध्यानेनोपक्षयो यदि ।**
**हन्त वृत्तिक्षयेण स्यात्तदा तस्याप्युपक्षयः ।।२७।।**

**અન્વયાર્થ :-**

**ध्यानेन=ધ્યાન વડે=ધ્યાનને મોક્ષના કારણરૂપે સ્વીકારવા વડે, यदि=જો अध्यात्मादिकयोगानाम् उपक्षयः हन्त=અધ્યાત્માદિ યોગોનો ઉપક્ષય થાય=મોક્ષના કારણરૂપે અસ્વીકાર થાય, तदा=તો वृत्तिक्षयेण=વૃત્તિક્ષય દ્વારા=વૃત્તિક્ષયને મોક્ષના કારણરૂપે સ્વીકારવા દ્વારા, तस्यापि=તેનો પણ=શુદ્ધઉપયોગરૂપ ધ્યાનનો પણ, उपक्षयः स्यात्=ઉપક્ષય થાય=મોક્ષના કારણરૂપે અસ્વીકાર થાય. ॥૨૭॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**ધ્યાન વડે=ધ્યાનને મોક્ષના કારણરૂપે સ્વીકારવા વડે, જો અધ્યાત્માદિ યોગોનો ઉપક્ષય થાય=મોક્ષના કારણરૂપે અસ્વીકાર થાય, તો વૃત્તિક્ષય દ્વારા=વૃત્તિક્ષયને મોક્ષના કારણરૂપે સ્વીકારવા દ્વારા, તેનો પણ= શુદ્ધઉપયોગરૂપ ધ્યાનનો પણ, ઉપક્ષય થાય=મોક્ષના કારણરૂપે અસ્વીકાર થાય. ॥૨૭॥**

❖ अध्यात्मादि માં 'आदि' પદથી ભાવનાનું ગ્રહણ કરવું.

❖ तस्यापि માં 'अपि' થી એ કહેવું છે કે વૃત્તિક્ષય દ્વારા અધ્યાત્માદિ યોગોનો તો ઉપક્ષય છે, પરંતુ ધ્યાનનો પણ ઉપક્ષય છે.

**ટીકા :-**

**अध्यात्मादिकेति-भावितार्थः ।।२७।।**

**ટીકાર્થ :-**

अध्यात्मादि ..... भावितार्थः । "अध्यात्मादिकः" એ પ્રકારનો શ્લોક, પૂર્વના ૨૬મા શ્લોકથી ભાવિત અર્થવાળો છે અર્થાત્ પૂર્વના શ્લોકમાં કહ્યું કે "શુભઉપયોગનું અને શુદ્ધઉપયોગનું સાધારણપણાથી પ્રધાનહેતુપણું ન સ્વીકારવામાં આવે, પરંતુ મોક્ષને આસન્ન શુદ્ધઉપયોગ છે, માટે મોક્ષનું પ્રધાન કારણ શુદ્ધઉપયોગ છે, એમ માનવામાં આવે, તો મોક્ષનું આસન્ન કારણ યોગનિરોધની ચરમ ક્ષણ છે, માટે તેને જ મોક્ષનું કારણ સ્વીકારાય, અન્યને નહિ." તે પૂર્વશ્લોકના વચનથી પ્રસ્તુત શ્લોકનું વચન ભાવિત છે. ॥૨૭॥

**ભાવાર્થ :-**

**ધ્યાનને મોક્ષના કારણરૂપે સ્વીકારવા દ્વારા અધ્યાત્માદિ યોગોને મોક્ષના કારણ ન સ્વીકારાય તો, વૃત્તિસંક્ષયને મોક્ષના કારણરૂપે સ્વીકારવા દ્વારા શુદ્ધઉપયોગરૂપ ધ્યાનને પણ મોક્ષના કારણરૂપે અસ્વીકારની દિગંબરને આપત્તિ :-**

મોક્ષને અનુકૂળ મન-વચન-કાયાનો સુદૃઢ વ્યાપાર અધ્યાત્માદિ પાંચ યોગોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિભક્ત છે. પ્રથમ ભૂમિકામાં મુમુક્ષુ સર્વ ઉદ્યમથી અધ્યાત્મને પ્રગટ કરે, જિવાડે અને વૃદ્ધિ કરે, તેવી સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. તેનાથી સંપન્ન થયેલા યોગીઓ તે અધ્યાત્માદિ ભાવોને આત્મામાં અતિભાવિત કરવા માટે ભાવનામાં ઉદ્યમ કરે છે, અને ભાવનાથી સંપન્ન થયેલા યોગીઓ ધ્યાનમાં યત્ન કરે છે, ત્યારે તે યોગીઓનું ચિત્ત સર્વ વિકલ્પોથી પર શુદ્ધઆત્મતત્ત્વને અવલંબીને પ્રવર્તે છે. આ ધ્યાનથી સમતાની વૃદ્ધિ થાય છે, અને વૃદ્ધિ પામેલી સમતા ધ્યાનમાં સુદૃઢ વ્યાપાર કરાવે છે, અને તે સમતાના પ્રકર્ષથી યોગી વીતરાગ સર્વજ્ઞ બને છે ત્યારે વૃત્તિસંક્ષય નામનો પાંચમો યોગ પ્રગટે છે, અને અંતે યોગનિરોધ કાળમાં સર્વ વૃત્તિઓનો સંક્ષય કરે છે. તેથી તેરમા ગુણસ્થાનકથી પ્રગટ થનારો વૃત્તિસંક્ષય નામનો યોગ મોક્ષને અતિઆસન્ન છે, અને અધ્યાત્માદિ પ્રારંભિક ભૂમિકામાં હોવા છતાં મોક્ષને અભિમુખ છે.

હવે જો મોક્ષને અભિમુખ એવા અધ્યાત્માદિ યોગો મોક્ષના કારણ નથી; કેમ કે શુભઉપયોગરૂપ છે, અને ધ્યાન મોક્ષનું કારણ છે; કેમ કે શુદ્ધઉપયોગરૂપ છે, એમ કહેવામાં આવે તો વૃત્તિસંક્ષય મોક્ષનું કારણ છે, શુદ્ધઉપયોગરૂપ ધ્યાન મોક્ષનું કારણ નથી તેમ કહેવું જોઈએ; કેમ કે વૃત્તિસંક્ષય સંસારના કારણભૂત સર્વ વૃત્તિઓના અભાવભૂત છે, અને ધ્યાન સંસારના કારણભૂત સર્વ વૃત્તિઓના અભાવરૂપ નથી માટે મોક્ષના કારણ અધ્યાત્માદિ સર્વ ભાવો છે, એમ સ્વીકારવું ઉચિત છે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**एतच्च व्यवहारे ध्यानाभावमभिप्रेत्योक्तं वस्तुतस्तदा ध्यानमप्यनपायमेवेत्याह -**

**અવતરણિકાર્થ :-**

**અને આ=શ્લોક-૨૭માં કહ્યું કે ધ્યાન દ્વારા અધ્યાત્માદિ યોગોનો ઉપક્ષય છે, તો વૃત્તિક્ષયથી ધ્યાનનો પણ ઉપક્ષય છે એ, વ્યવહારમાં=દીક્ષાગ્રહણ કર્યા પછી સંયમની સર્વ ઉચિત પ્રવૃત્તિરૂપ આચરણામાં, ધ્યાનના અભાવને આશ્રયીને કહેવાયું=નિર્વિકલ્પદશાકાળમાં ધ્યાન છે, તેની પૂર્વે અધ્યાત્માદિ યોગો છે, તે પ્રકારની નયવિશેષદૃષ્ટિથી ધ્યાનના અભાવને સ્વીકારીને કહેવાયું. વસ્તુતઃ ત્યારે=સંયમની સર્વ ઉચિત પ્રવૃત્તિરૂપ વ્યવહારની**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આચરણાકાળમાં, ધ્યાન પણ=મોહના ઉન્મૂલનને અનુકૂળ ત્રણેય યોગોના સુદૃઢ વ્યાપારરૂપ ધ્યાન પણ, અનપાય જ છે=અનપગમન જ છે=વિદ્યમાન જ છે. એ પ્રમાણે કહે છે –**

❖ ध्यानमपि અહીં 'अपि' થી એ કહેવું છે કે વ્યવહારમાં અધ્યાત્માદિ યોગોનો તો અનપાય છે, પરંતુ ધ્યાનનો પણ અનપાય છે.

**શ્લોક :-**

**व्यवहारेऽपि च ध्यानमक्षतप्रसरं सदा ।**
**मनोवाक्काययोगानां सुव्यापारस्य तत्त्वतः ।।२८।।**

**અન્વયાર્થ :-**

**च=અને, व्यवहारेऽपि=વ્યવહારમાં પણ=સંયમયોગની ઉચિત આચરણારૂપ વ્યવહારમાં પણ, सदा=સદા=દીક્ષાની પ્રારંભિક ભૂમિકા હોય કે દીર્ઘ પર્યાયવાળી ભૂમિકા હોય, દીક્ષાની સર્વ ભૂમિકામાં, ध्यानमक्षतप्रसरं=ધ્યાન અક્ષતપ્રસરવાળું છે=બાધરહિત પ્રસરવાળું છે; કેમ કે मनोवाक्काययोगानां=મન, વચન, કાયાના યોગોના, सुव्यापारस्य तत्त्वतः=સુવ્યાપારનું તત્પણું છે=ધ્યાનપણું છે. ।।૨૮।।**

**શ્લોકાર્થ :-**

**અને વ્યવહારમાં પણ=સંયમયોગની ઉચિત આચરણારૂપ વ્યવહારમાં પણ, સદા ધ્યાન અક્ષતપ્રસરવાળું છે; કેમ કે મન, વચન, કાયાના યોગોના સુવ્યાપરનું તત્પણું છે=ધ્યાનપણું છે. ।।૨૮।।**

❖ व्यवहारेऽपि માં 'अपि' થી એ કહેવું છે કે નિર્વિકલ્પદશામાં તો ધ્યાન અક્ષતપ્રસરવાળું છે, પરંતુ વ્યવહારમાં પણ ધ્યાન અક્ષતપ્રસરવાળું છે.

**વ્યવહારમાં ધ્યાન અક્ષત કેમ છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ટીકા :-**

**व्यवहारेऽपि चेति-न हि चित्तनिरोधमात्रमेव ध्यानमभ्युपेमः, किन्तु करणदृढसुव्यापारमपीति तदापि तदक्षतमिति तात्पर्यम् ।।२८।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**न हि ..... तात्पर्यम् ।। ચિત્તનિરોધમાત્રને જ ધ્યાન અમે સ્વીકારતા નથી, પરંતુ કરણોના દૃઢ સુવ્યાપારને પણ અમે ધ્યાન સ્વીકારીએ છીએ. એથી ત્યારે પણ=વ્યવહારકાળમાં પણ, તે અક્ષત છે=ધ્યાન અક્ષત છે, એ પ્રકારના શ્લોકનું તાત્પર્ય છે. ।।૨૮।।**

❖ करणदृढसुव्यापारमपि માં 'अपि' થી એ કહેવું છે કે ચિત્તનિરોધને તો અમે ધ્યાન સ્વીકારીએ છીએ, પરંતુ કરણોના દૃઢ સુવ્યાપારને પણ અમે ધ્યાન સ્વીકારીએ છીએ.

❖ तदापि માં 'अपि' થી એ કહેવું છે કે નિર્વિકલ્પદશામાં તો ધ્યાન અક્ષત છે, પરંતુ ત્યારે પણ=વ્યવહારમાં પણ, ધ્યાન અક્ષત છે.

**ભાવાર્થ :-**

પ્રસ્તુત દીક્ષાનો પ્રસ્તાવ છે, અને સાધુ દીક્ષા ગ્રહણ કરે ત્યારે પ્રથમ ભૂમિકામાં શુભઉપયોગવાળા હોય છે, અને અસંગઅવસ્થાની ભૂમિકા પામે ત્યારે શુદ્ધઉપયોગવાળા હોય છે; અને શુભઉપયોગવાળા સાધુને આશ્રયીને દિગંબરો કહે છે કે "સાધુનો શુભઉપયોગ પ્રધાનરૂપે મોક્ષનું કારણ નથી, પરંતુ શુદ્ધઉપયોગમાં વર્તતા મુનિઓની આચરણા પ્રધાનરૂપે મોક્ષનું કારણ છે." તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકાર શુભઉપયોગ અને શુદ્ધઉપયોગ બંને સાધારણપણાથી મોક્ષરૂપ કાર્ય પ્રત્યે પ્રધાન હેતુ છે, તે બતાવવા અર્થે કહે છે –

**સંયમની સર્વ ઉચિત આચરણારૂપ વ્યવહારમાં પણ મોહના ઉન્મૂલનને અનુકૂળ ત્રણેય કરણોના દૃઢ સુવ્યાપારરૂપ ધ્યાન :-**

જે સાધુઓ સંયમ ગ્રહણના પ્રારંભકાળમાં પણ મન-વચન-કાયાથી ગુપ્ત થઈને સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે, તેઓમાં મન-વચન-કાયારૂપ ત્રણેય કરણોનો મોહના ઉન્મૂલનને અનુકૂળ દૃઢ સુવ્યાપાર વર્તે છે અર્થાત્ સંયમના ક્રિયાકાળમાં વધતી જતી શ્રદ્ધા-મેધા-ધૃતિ-ધારણા અને અનુપ્રેક્ષાથી સંવલિત કરણોનો દૃઢ સુવ્યાપાર છે. તેથી તેઓ શુદ્ધઉપયોગમાં નહિ હોવા છતાં મોહના ઉન્મૂલનને અનુકૂળ ધ્યાનવાળા છે જ અને અમે ચિત્તનિરોધમાત્રને ધ્યાન સ્વીકારતા નથી; પરંતુ કરણોના દૃઢ સુવ્યાપારને પણ ધ્યાન સ્વીકારીએ છીએ, તેથી જે સાધુ અધ્યાત્માદિ પાંચ યોગમાંથી ધ્યાનયોગમાં નથી, પરંતુ અધ્યાત્મયોગ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનાયોગમાં છે, તેઓ પણ સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ ભગવાનના વચનના સ્મરણથી સમ્યગ્ રીતે કરતા હોય તો તેઓમાં પણ ધ્યાન અક્ષત છે.

**વિશેષાર્થ :-**

અહીં વિશેષ એ છે કે ચિત્તનિરોધમાત્રને ધ્યાન સ્વીકારીએ ત્યારે જે યોગી ધ્યાન અને સમતામાં વર્તતા હોય તે યોગીમાં ધ્યાન છે, અધ્યાત્મયોગ અને ભાવનાયોગમાં વર્તતા યોગીઓમાં ધ્યાન નથી, એવો અર્થ થાય; અને કરણોનો દૃઢ સુવ્યાપાર ધ્યાન છે એમ સ્વીકારીએ ત્યારે, જે યોગીઓ અધ્યાત્મયોગ કે ભાવનાયોગમાં છે, અને લક્ષ્યવેધી એવો કરણોનો સુદૃઢ વ્યાપાર કરતા હોય તેવા શુભઉપયોગવાળા મુનિઓમાં પણ ધ્યાન છે અને તે ધ્યાન મોક્ષનો હેતુ છે માટે જેમ નિર્વિકલ્પદશારૂપ શુદ્ધઉપયોગમાં મોક્ષનો હેતુ એવું ધ્યાન છે, તેમ કરણોના દૃઢ યત્નથી યુક્ત સંયમના સુવ્યાપારમાં પણ મોક્ષનો હેતુ એવું ધ્યાન છે.

આનાથી એ ફલિત થાય કે સંયમની આદ્ય ભૂમિકાવાળા મુનિઓ શુભઉપયોગમાં હોય છે ત્યારે, તેઓનો શુભઉપયોગ માત્ર શુભઉપયોગ નથી, પરંતુ કંઈક અંશથી મોહના સ્પર્શ વગરના શુદ્ધઉપયોગથી સંવલિત શુભઉપયોગ છે; અને જે મહાત્માઓ નિર્વિકલ્પ ઉપયોગમાં વર્તે છે, તેઓ પણ જ્યાં સુધી ૧૧મા અને ૧૨મા ગુણસ્થાનકને પામ્યા નથી, ત્યાં સુધી માત્ર શુદ્ધઉપયોગવાળા નથી, પરંતુ જે વિદ્યમાન રાગાદિ છે, તે પ્રશસ્ત રાગાદિરૂપ શુભઉપયોગથી સંવલિત શુદ્ધઉપયોગવાળા છે. તેથી નિર્વિકલ્પદશામાં પ્રધાન શુદ્ધઉપયોગ છે અને સવિકલ્પદશામાં પ્રધાન શુભઉપયોગ છે; તોપણ જેમ નિર્વિકલ્પદશાના શુદ્ધઉપયોગકાળમાં વર્તતો શુભઉપયોગ શુદ્ધઉપયોગની વૃદ્ધિનું કારણ છે, તેમ સવિકલ્પદશામાં વર્તતો શુભઉપયોગ પણ શુદ્ધઉપયોગની વૃદ્ધિનું કારણ છે. માટે શુભઉપયોગ અને શુદ્ધઉપયોગ મોક્ષરૂપ ફળ પ્રત્યે તુલ્યકક્ષ છે, એમ જે શ્લોક-૨૬માં કહ્યું, તેની સિદ્ધિ થાય છે. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૬માં કહ્યું કે શુભઉપયોગ પ્રશસ્ત રાગાદિરૂપ હોવાથી દિગંબર મતાનુસાર શુભઉપયોગમાં અને શુદ્ધઉપયોગમાં મોક્ષરૂપ ફળ પ્રત્યે તુલ્યકક્ષપણું નથી. તેથી હવે શુભઉપયોગમાં પણ મોક્ષને અનુકૂળ એવો શુદ્ધઉપયોગ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તે બતાવીને મોક્ષપ્રાપ્તિ પ્રત્યે શુદ્ધઉપયોગ અને શુભઉપયોગ તુલ્યકક્ષ છે, તે બતાવવા અર્થે કહે છે –

**શ્લોક :-**

**शुभं योगं प्रतीत्यास्यामनारम्भित्वमागमे ।**
**व्यवस्थितमितश्चांशात् स्वभावसमवस्थितिः ।।२९।।**

**અન્વયાર્થ :-**

**आगमे**=આગમમાં **शुभं योगं**=શુભયોગને **प्रतीत्य**=આશ્રયીને **अस्याम्**=આમાં= સદ્દીક્ષામાં, **अनारम्भित्वम्**=અનારંભીપણું **व्यवस्थितम्**=વ્યવસ્થિત છે= અનારંભીપણું કહેલ છે, **इतश्चांशात्**=એ અંશથી=સદ્દીક્ષામાં વર્તતા અનારંભીપણારૂપ અંશથી, **स्वभावसमवस्थितिः**=સ્વભાવસમવસ્થિતિ છે= સદ્દીક્ષામાં સ્વભાવની સમવસ્થિતિ છે. ॥૨૯॥

**શ્લોકાર્થ :-**

**આગમમાં શુભયોગને આશ્રયીને સદ્દીક્ષામાં અનારંભીપણું વ્યવસ્થિત છે=અનારંભીપણું કહેલ છે, એ અંશથી=સદ્દીક્ષામાં વર્તતા અનારંભીપણારૂપ અંશથી સ્વભાવસમવસ્થિત છે. ॥૨૯॥**

**ટીકા :-**

**शुभमिति-शुभं योगं प्रतीत्य, अस्यां=सद्दीक्षायाम्, आगमे=प्रज्ञप्त्यादिरूपे, अनारम्भित्वं व्यवस्थितं** "तत्थ णं जे ते पमत्तसंजया ते सुहं जोगं पडुच्च णो आयारंभा" **(भग. १-१-१७) इत्यादिवचनात्, इतश्चांशात् स्वभावसमवस्थितिः, अनारम्भित्वस्य चरणगुणस्वभावत्वात्, ज्ञानाद्यप्रकर्षो(र्षे)ऽपि ज्ञानवत्पारतन्त्र्ययोग्यतया तदुपपत्तेः, अप्रमादेन विशुद्धत्वाच्चेति ।।२९।।**

**ટીકાર્થ :-**

शुभं ..... स्वभावत्वात्, **આગમમાં=પ્રજ્ઞપ્તિઆદિરૂપ આગમમાં, શુભયોગને આશ્રયીને આમાં=સદ્દીક્ષામાં, અનારંભીપણું વ્યવસ્થિત છે=અનારંભીપણું કહેલ છે;** કેમ કે "ત્યાં જે પ્રમત સંયત છે, તે શુભયોગને આશ્રયીને આત્મારંભવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી" **ઈત્યાદિ વચન છે; અને આ અંશથી=સદ્દીક્ષામાં વર્તતા શુભયોગરૂપ અંશથી, સ્વભાવસમવસ્થિતિ છે; કેમ કે અનારંભીપણાનું ચરણગુણ-સ્વભાવપણું છે=શુદ્ધ આત્મભાવમાં ગમનકરવારૂપ ગુણસ્વભાવપણું છે.**

પૂર્વમાં કહ્યું કે અનારંભીપણારૂપ ગુણના કારણે સદ્દીક્ષામાં સ્વભાવસમવસ્થિતિ છે. તેથી જે મહાત્માઓ શાસ્ત્રના અધ્યયનથી ગીતાર્થ થયા નથી, તેઓમાં પણ અનારંભીપણું છે, તે બતાવવા અર્થે હેતુ કહે છે –

**ज्ञानादि ..... तदुपपत्तेः, જ્ઞાનાદિના અપ્રકર્ષમાં પણ, જ્ઞાનવાળા પુરુષના પારતંત્ર્યમાં યોગ્યતા હોવાને કારણે=જ્ઞાની પુરુષના પારતંત્ર્યમાં સંયમની નિષ્પત્તિની યોગ્યતા હોવાને કારણે, તેની ઉપપત્તિ છે=અનારંભીપણાની ઉપપત્તિ છે.**

અહીં પ્રશ્ન થાય કે જ્ઞાનના અપ્રકર્ષવાળા સાધુ જ્ઞાનીને પરતંત્ર હોય તોપણ અનારંભીપણાની નિષ્પત્તિ તેઓમાં કઈ રીતે થઈ શકે ? તેથી બીજો હેતુ કહે છે કે –

**अप्रमादेन ..... विशुद्धत्वाच्चेति ।। અપ્રમાદથી વિશુદ્ધપણું છે=જ્ઞાનીના વચનાનુસાર ઉચિત ક્રિયાઓમાં અંતરંગ અને બહિરંગ વ્યાપાર કરવાના વિષયમાં અપ્રમાદ હોવાને કારણે વિશુદ્ધપણું છે. 'इति' શબ્દ ટીકાની સમાપ્તિસૂચક છે. ।।૨૯।।**

❖ प्रज्ञप्त्यादि માં 'आदि' પદથી પિંડનિર્યુક્તિ આદિનું ગ્રહણ કરવું.

❖ इत्यादिवचनात् માં 'आदि' પદથી સાક્ષીપાઠનો અવશિષ્ટ ભાગ ગ્રહણ કરવાનો છે, અને તે આ પ્રમાણે છે - "तत्थ णं जे ते पमत्तसंजया ते सुहं जोगं पडुच्च नो आयारंभा, नो परारंभा, नो तदुभयारंभा, अणारंभा"

❖ ज्ञानाद्यप्रकर्षेऽपि માં ज्ञानादि માં 'आदि' પદથી સમ્યગ્દર્શનનો અપ્રકર્ષ ગ્રહણ કરવો, અને 'अपि' થી એ કહેવું છે કે જ્ઞાનાદિનો અપ્રકર્ષ ન હોય, પરંતુ પ્રકર્ષ હોય તો તો અનારંભીપણાની ઉપપત્તિ છે, પરંતુ જ્ઞાનાદિના અપ્રકર્ષમાં પણ જ્ઞાનવાળા પુરુષની પરતંત્રતામાં યોગ્યતાના કારણે અનારંભીપણાની ઉપપત્તિ છે.

**નોંધ :-** ज्ञानाद्यप्रकर्षोऽपि ના સ્થાને ज्ञानाद्यप्रकर्षेऽपि એ પ્રકારનો પાઠ હોવો જોઈએ, હસ્તપ્રતમાં ઉપલબ્ધ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**આગમમાં શુભયોગને આશ્રયીને સદ્દીક્ષામાં અનારંભીપણું અને અનારંભીપણારૂપ અંશથી સ્વભાવસમવસ્થિતિરૂપ શુદ્ધઉપયોગથી અનુવિદ્ધ શુભઉપયોગરૂપ દીક્ષા મોક્ષનું કારણ :-**

સદ્દીક્ષા ગ્રહણ કર્યા પછી પ્રત્યેકબુદ્ધાદિ કે તીર્થંકરો વગેરે પ્રાયઃ પ્રારંભથી જ શુદ્ધઉપયોગવાળા થાય છે, પરંતુ સામાન્યથી સંયમ ગ્રહણ કરનારા સાધુઓ શક્તિના પ્રકર્ષથી સંયમની ઉચિત ક્રિયાઓ કરતા હોય તો શુભઉપયોગવાળા હોય છે, અને સદ્દીક્ષાકાળમાં વર્તતા શુભયોગને આશ્રયીને પ્રજ્ઞપ્તિ આદિ આગમમાં તેઓને અનારંભી કહ્યા છે; કેમ કે પ્રજ્ઞપ્તિમાં પ્રશ્ન કર્યો છે કે "જે પ્રમત્ત સંયત છે, તે આરંભી છે કે અનારંભી છે ? તેના ઉત્તરમાં, જે પ્રમત્ત સંયત છે, તે જ્યારે શુભયોગમાં વર્તે છે ત્યારે આત્મારંભી નથી, પરારંભી નથી, ઉભયારંભી નથી, પરંતુ અનારંભી છે; તેમ કહેલ છે" અને જેઓ અનારંભી છે, તેઓ નિયમા સમભાવના પરિણામવાળા છે; કેમ કે બાહ્ય આરંભના ત્યાગમાત્રથી આત્મા અનારંભી બનતો નથી, પરંતુ જગતના બાહ્ય વિષયોથી મન-વચન-કાયાને ગુપ્ત કરીને આત્માના સ્વભાવમાં આત્માને વિશ્રાંત કરવા માટે જેઓ ઉદ્યમવાળા છે, તેઓ અનારંભી છે; અને પ્રમત્તગુણસ્થાનકવાળા મુનિ પણ અપ્રમાદભાવથી સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ કરતા હોય, તો તે ક્રિયાના બળથી તેઓ પોતાના સ્વભાવમાં વિશ્રાંતિ પામી રહ્યા છે, માટે અનારંભી છે; અને આ અનારંભી ગુણને કારણે જે સ્વભાવમાં સમવસ્થિતિ છે, તે આત્માનો શુદ્ધ પરિણામ છે, તેથી તે મહાત્માઓનો શુભઉપયોગ પણ ચારિત્રના પરિણામરૂપ શુદ્ધઉપયોગથી અનુવિદ્ધ હોવાને કારણે શુદ્ધઉપયોગની જેમ મોક્ષનું કારણ છે.

**જ્ઞાનાદિના અપ્રકર્ષમાં જ્ઞાની પુરુષના પારતંત્ર્યમાં ચારિત્રની નિષ્પત્તિની યોગ્યતા હોવાને કારણે અનારંભીપણાની સંગતિ :-**

અહીં પ્રશ્ન થાય કે અનારંભીપણારૂપ ગુણને સ્ફુરણ કરવા માટે વિશિષ્ટ જ્ઞાન અને વિશિષ્ટ શ્રદ્ધા આવશ્યક છે, અને માષતુષાદિ મુનિઓ તેવા વિશિષ્ટ જ્ઞાનવાળા અને તેવી વિશિષ્ટ શ્રદ્ધાવાળા નથી, તેથી તેઓને અનારંભીપણારૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ કઈ રીતે સંભવે ? તેના સમાધાન અર્થે કહે છે –

માષતુષાદિ જેવા મુનિઓને કે જેઓએ સદ્દીક્ષા ગ્રહણ કરેલ છે, પરંતુ શાસ્ત્ર ભણીને જે મહાત્માઓ હજુ સંપન્ન થયા નથી, તેવા મહાત્માઓને જ્ઞાનાદિનો અપ્રકર્ષ હોવા છતાં પણ ગુણવાનનું પરતંત્રપણું છે અને તેઓમાં વર્તતા ગુણવાનના પરતંત્રપણામાં ચારિત્રની નિષ્પત્તિની યોગ્યતા છે, માટે તેઓમાં ચરણગુણની નિષ્પત્તિ છે.

આશય એ છે કે દીક્ષાની આદ્ય ભૂમિકામાં પણ જે મહાત્માઓ સંસારથી વિરક્ત છે, તેથી "મારે સર્વ શક્તિથી અસંગભાવની શક્તિનો સંચય કરવો છે" તેવું લક્ષ્ય સ્થિર કરીને સંસારના ભાવોથી મન-વચન-કાયાની સંવૃતિપૂર્વક અસંગભાવના ઉપાયરૂપ સર્વ સંયમની ઉચિત ક્રિયાઓ ગુણવાનને પરતંત્ર થઈને કરે છે. ગુણવાન ગુરુ પણ વીતરાગભાવને અનુકૂળ અસંગભાવની શક્તિનો સંચય થાય તે પ્રકારે ઉચિત ક્રિયાઓ યોગ્ય શિષ્યને બતાવે છે, જેના બળથી અસંગભાવના અર્થી એવા યોગ્ય શિષ્ય પણ ગુરુના વચનના મર્મને જાણવા માટે સર્વ ઉદ્યમથી યત્ન કરે છે, અને તે પ્રકારે તેને અવધારણ કરીને અપ્રમાદભાવથી તે પ્રકારે ક્રિયા કરે છે. તેથી ગુરુના જ્ઞાનના બળથી શિષ્યની ક્રિયા પણ લક્ષ્યની નિષ્પત્તિનું કારણ બને તે પ્રકારે થાય છે. તેથી તેવા સાધુમાં પણ અનારંભીપણું છે.

અહીં પ્રશ્ન થાય કે આદ્ય ભૂમિકામાં કોઈની બુદ્ધિ તેવી પટુ ન હોય તો ગુરુ જે ક્રિયાથી જે પ્રકારનો અંતરંગ અને બહિરંગ ઉદ્યમ બતાવે છે, તે ક્રિયાના મર્મને તે રીતે ગ્રહણ ન કરી શકે તો કંઈક તદ્વિષયક અનાભોગ પણ થઈ શકે છે, અને કોઈક સ્થાનમાં સંશય પણ થઈ શકે છે, તેથી તેઓની ક્રિયા કઈ રીતે અનારંભીપણાનું કારણ બની શકે ? તેથી ટીકામાં બીજો હેતુ કહે છે –

જ્ઞાનાદિના અપ્રકર્ષવાળા મુનિ ગુરુના વચનના પરમાર્થને જાણવા માટે અપ્રમાદથી યત્ન કરતા હોય, અને જાણીને સ્વગુણને અનુરૂપ અપ્રમાદથી ઉદ્યમ કરતા હોય, તો તેઓમાં વિશુદ્ધિ હોવાથી અનારંભીપણું છે; કેમ કે લક્ષ્યને અનુરૂપ સુદૃઢ વ્યાપરમાં અપેક્ષિત ક્રિયાઓને વ્યત્યય કરાવનારું કર્મ તે મહાત્માઓને ક્ષયોપશમભાવવાળું છે. તેથી તેઓની ક્રિયા ગુણનિષ્પત્તિને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુકૂળ સર્વ ઉદ્યમથી વર્તે છે.

અહીં વિશેષ એ છે કે વિશિષ્ટ જ્ઞાન ન હોય ત્યાં સુધી મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમ હોય તો સમ્યગ્દર્શન અવશ્ય હોય, પરંતુ શાસ્ત્ર અધ્યયન કરીને વિશિષ્ટ બોધ થયા પછી જેવું નિર્મળ સમ્યગ્દર્શન હોય એવું સમ્યગ્દર્શન અલ્પ બોધવાળા મુનિઓને હોતું નથી. આથી માષતુષ મુનિને દ્રવ્યસમ્યગ્દર્શન કહ્યું છે અને સ્વદર્શન-પરદર્શનને જાણનાર ગીતાર્થને ભાવસમ્યગ્દર્શન કહ્યું છે. તેને સામે રાખીને જ્ઞાનાદિ અપ્રકર્ષમાં આદિ પદથી સમ્યગ્દર્શનના અપ્રકર્ષનું ગ્રહણ છે. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૮માં ગ્રંથકારે વ્યવહારદશામાં પણ ધ્યાન અક્ષત છે, તેમ યુક્તિથી સ્થાપન કર્યું અને શ્લોક-૨૯માં કહ્યું કે શુભયોગને આશ્રયીને પણ સદ્દીક્ષામાં અનારંભીપણું છે. માટે એ અંશથી સ્વભાવસમવસ્થિતિરૂપ આત્મામાં શુદ્ધ પરિણામ અક્ષત છે; અને તેના દ્વારા એ સ્થાપન કર્યું કે શુભઉપયોગ અને શુદ્ધઉપયોગ બન્ને મોક્ષ પ્રત્યે તુલ્ય કક્ષાવાળું કારણ છે. ત્યાં મોક્ષ પ્રત્યે શુદ્ધઉપયોગને કારણ સ્વીકારનાર અને શુભઉપયોગને શુદ્ધઉપયોગ સમાન મોક્ષ પ્રત્યે તુલ્ય કક્ષાવાળું કારણ નહિ સ્વીકારનાર દિગંબર કહે છે કે "ધ્યાનથી મોક્ષ છે, અને વ્યવહારમાં વ્યુત્થાનદશા છે." તે બતાવીને તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**व्युत्थानं व्यवहारश्चेन्न ध्यानाप्रतिबन्धतः ।**
**स्थितं ध्यानान्तरारम्भ एकध्यानान्तरं पुनः ।।३०।।**

**નોંધ :-** 'व्यवहारश्चेन्न' ના સ્થાને 'व्यवहारे चेन्न' એ પ્રમાણે પાઠ સંદર્ભથી જણાય છે. હસ્તપ્રતમાં પાઠ ઉપલબ્ધ નથી.

**અન્વયાર્થ :-**

**व्यवहारे=વ્યવહારમાં=વ્યવહારનયને અભિમત સાધ્વાચારની ક્રિયાના સેવનમાં, व्युत्थानं=વ્યુત્થાન છે=આત્મભાવમાં વિશ્રાંતિના લક્ષ્યને અનુરૂપ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવૃત્તિથી જે આત્મભાવમાં વિશ્રાંતિનો યત્ન થાય છે તેનાથી વિપરીત યત્નરૂપ વ્યુત્થાન છે, चेत्=એ પ્રમાણે દિગંબર કહે, તો ગ્રંથકાર કહે છે, न= એમ ન કહેવું. ध्यानाप्रतिबन्धतः=કેમ કે ધ્યાનનો અપ્રતિબંધ છે=સંયમયોગના સુદૃઢ વ્યાપારમાં લક્ષ્યને અનુરૂપ યત્નનો અપ્રતિબંધ છે.

વળી વ્યવહારમાં વ્યુત્થાન નથી, તેને દૃઢ કરવા માટે કહે છે –

पुनः=વળી, ध्यानान्तरारम्भे=ધ્યાનાન્તરના આરંભમાં, एकध्यानान्तरं स्थितं=એક ધ્યાનનું અંતર રહેલું છે. ॥૩૦॥

**શ્લોકાર્થ :-**

**વ્યવહારમાં વ્યુત્થાન છે, એમ જો દિગંબર કહે તો ગ્રંથકાર કહે છે, વ્યવહારમાં વ્યુત્થાન નથી; કેમ કે ધ્યાનનો અપ્રતિબંધ છે. વળી, ધ્યાનાન્તરના આરંભમાં એક ધ્યાનનું અંતર રહેલું છે. ॥૩૦॥**

**ટીકા :-**

**व्युत्थानमिति-व्यवहारे आत्ममात्रप्रतिबन्धलक्षणं(ण)ध्यानप्रतिबन्धेन व्युत्थानं चेत्, न, ध्यानाप्रतिबन्धतः, सुव्यापारलक्षणस्य तस्य करणनिरोधेऽनुकूलत्वादेव, चित्तविक्षेपाणामिव(मेव) तत्प्रतिबन्धकत्वात्, एकध्यानान्तरं पुनः ध्यानान्तरारम्भे मैत्र्यादिपरिकर्मणि स्थितं, तथा च तावन्मात्रेण व्युत्थानत्वे समाधिप्रारम्भस्यापि व्युत्थानत्वापत्तिरिति न किञ्चिदेतत् ।।३०।।**

**નોંધ :-** 'आत्ममात्रप्रतिबन्धलक्षणं ध्यानप्रतिबन्धेन' ના સ્થાને 'आत्ममात्रप्रतिबन्धलक्षण-ध्यानप्रतिबन्धेन' અને 'चित्तविक्षेपाणामिव' ના સ્થાને 'चित्तविक्षेपाणामेव' આ બન્ને પાઠો સંદર્ભથી જણાય છે. હસ્તપ્રતમાં ઉપલબ્ધ નથી.

**ટીકાર્થ :-**

व्यवहारे ..... अप्रतिबन्धतः, વ્યવહારમાં=વ્યવહારનયને અભિમત સંયમયોગની આચરણામાં, આત્મમાત્રપ્રતિબંધરૂપ ધ્યાનનો પ્રતિબંધ હોવાને કારણે=આત્માના શુદ્ધ સ્વરૂપમાં વિશ્રાંતિને અનુકૂળ દૃઢ યત્નરૂપ ધ્યાનનો વ્યાઘાત હોવાને કારણે, વ્યુત્થાન છે=આત્માના ભાવમાં વિશ્રાંતિથી વિપરીત ઉદ્યમ છે, એમ જો દિગંબર કહે તો તેને ગ્રંથકાર કહે છે, એમ નથી=વ્યવહારમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વ્યુત્થાન નથી; કેમ કે ધ્યાનનો અપ્રતિબંધ છે=વ્યવહારની આચરણામાં ધ્યાનનો અભાવ નથી.**

વ્યવહારની આચરણામાં ધ્યાનનો અભાવ નથી, તે સ્પષ્ટ કરે છે –

**सुव्यापार ..... अनुकूलत्वादेव, સુવ્યાપારરૂપ તેનું=વ્યવહારનું અર્થાત્ મોહના ઉન્મૂલનને અનુકૂળ સંયમયોગનાં ઉચિત કૃત્યોનું, કરણનિરોધમાં=મોહમાં પ્રવર્તતા મન-વચન-કાયાના યોગોરૂપ કરણના નિરોધમાં, અનુકૂળપણું હોવાથી જ વ્યવહારની ક્રિયામાં ધ્યાનનો પ્રતિબંધ નથી, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે શુદ્ધ આત્મભાવ તરફ જવામાં સુદૃઢ યત્ન કરાવે તેવી પ્રવૃત્તિરૂપ ધ્યાનથી સંયમની બાહ્ય ક્રિયાઓમાં થતો વ્યાપાર કેમ પ્રતિબંધક થતો નથી. તેમાં હેતુ કહે છે –

**चित्तविक्षेपाणाम् ..... प्रतिबन्धकत्वात्, ચિત્તના વિક્ષેપોનું જ તત્પ્રતિબંધકપણું છે=આત્મભાવમાં જવાને અનુકૂળ ધ્યાનનું પ્રતિબંધકપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે શુદ્ધ આત્મભાવ તરફ જવામાં સુદૃઢ યત્ન કરાવે તેવી પ્રવૃત્તિરૂપ ધ્યાનથી વિરોધી એવી સંયમની બાહ્ય ક્રિયાઓમાં થતો વ્યાપાર પ્રતિબંધક નથી તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

**एकध्यानान्तरं ..... किञ्चिदेतत् ।। વળી, મૈત્રી આદિ પરિકર્મવાળા ધ્યાનાન્તરના આરંભમાં=નિર્વિકલ્પદશાસ્વરૂપ શુદ્ધઉપયોગરૂપ ધ્યાન કરતાં પૂર્વના ધ્યાનરૂપ મૈત્રી આદિ પરિકર્મવાળા ધ્યાનાન્તરના આરંભમાં, એક ધ્યાનનું અંતર રહેલું છે=નિર્વિકલ્પઉપયોગરૂપ ધ્યાનથી પૂર્વમાં થતા ધ્યાનમાં એક ધ્યાન અને બીજા ધ્યાનની વચમાં અંતર રહેલું છે, અને તે રીતે= ધ્યાનાન્તરના આરંભકાળમાં એક ધ્યાનનું અંતર રહેલું છે તે રીતે, તેટલા માત્રથી=વ્યવહારનયને અભિમત ક્રિયામાં આત્મમાત્રપ્રતિબંધરૂપ ધ્યાન નથી પરંતુ ભિન્ન ક્રિયામાં ચિત્તના ગમનરૂપ વ્યાપાર છે તેટલા માત્રથી, વ્યુત્થાનપણામાં, સમાધિના પ્રારંભના પણ વ્યુત્થાનપણાની આપત્તિ છે. એથી આ=વ્યવહારમાં વ્યુત્થાન છે એ, દિગંબરનું વચન, ન કિંચિત્=કોઈ અર્થવાળું નથી. ॥૩૦॥**

❖ समाधिप्रारम्भस्यापि માં 'अपि' થી એ કહેવું છે કે વ્યવહારનયને અભિમત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાઓને તો વ્યુત્થાનદશારૂપે સ્વીકારવાની આપત્તિ આવે, પરંતુ સમાધિના પ્રારંભમાં પણ વ્યુત્થાનદશા સ્વીકારવાની આપત્તિ આવે.

❖ मैत्र्यादिपरिकर्मणि અહીં 'आदि' થી પ્રમોદભાવના, કરુણાભાવના વગેરેનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**દિગંબરો શુભઉપયોગવાળી ક્રિયામાં વ્યુત્થાનદશા કહે છે, તેનું ગ્રંથકારશ્રી દ્વારા નિરાકરણ :-**

દિગંબરો શુદ્ધઉપયોગને મોક્ષનું કારણ કહે છે, અને શુભઉપયોગને મોક્ષનું કારણ સ્વીકારતા નથી; અને કહે છે - શુદ્ધઉપયોગમાં જવા માટે અસમર્થ સાધુ શુભઉપયોગની ક્રિયા કરે છે, તોપણ તે શુભઉપયોગની ક્રિયા શુદ્ધઉપયોગરૂપ ધ્યાન માટે વિઘ્નભૂત છે, માટે શુભઉપયોગવાળી ક્રિયામાં વ્યુત્થાનદશા છે; કેમ કે આત્મમાત્રમાં પ્રતિબંધને ધારણ કરવારૂપ ધ્યાન થતું નથી.

દિગંબરોનો આશય એ છે કે સર્વદ્રવ્ય, સર્વક્ષેત્ર, સર્વકાળ અને સર્વભાવ પ્રત્યે પ્રતિબંધનો ત્યાગ કરીને જેઓ આત્મભાવમાત્રમાં પ્રતિબંધને ધારણ કરે છે, તેઓ સદા શુદ્ધ આત્મભાવમાં મગ્ન રહે છે; અને શુદ્ધ આત્મભાવમાં મગ્ન રહેવારૂપ ધ્યાન મોક્ષનું કારણ છે, અને વ્યવહારનયને અભિમત સંયમની ક્રિયાઓ તો ધ્યાનમાં વિઘ્નભૂત છે, તેથી વ્યુત્થાનદશા છે અર્થાત્ શુદ્ધ આત્માના ભાવમાં જવાને અનુકૂળ ક્રિયા નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

વ્યવહારની ક્રિયામાં ધ્યાનનો અપ્રતિબંધ છે અર્થાત્ વ્યવહારની ક્રિયાઓ ધ્યાનમાં વિઘ્ન કરનારી નથી, પરંતુ ધ્યાનને અનુકૂળ છે. માટે વ્યવહારનયને અભિમત સંયમની ક્રિયાઓમાં વ્યુત્થાનદશા નથી.

અહીં પ્રશ્ન થાય કે સંયમની ક્રિયા ધ્યાનનો પ્રતિબંધ કરતી નથી, એમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

સંયમની ક્રિયા સુવ્યાપારરૂપ છે, તેથી તે ક્રિયાઓ મન-વચન-કાયાના યોગોરૂપ કરણના, નિરોધને અનુકૂળ છે. આશય એ છે કે ધ્યાન મન-વચન-કાયાના યોગોરૂપ કરણના, નિરોધરૂપ છે, અને સંયમની આચરણાઓ કરણના નિરોધને અનુકૂળ છે, તેથી ધ્યાનની વ્યાઘાતક નથી, પરંતુ ધ્યાનની પ્રાપ્તિમાં સહાયક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પ્રશ્ન થાય કે ધ્યાનની પ્રવૃત્તિમાં સંયમની ક્રિયાઓ વ્યાઘાતક નથી, તો શું વ્યાઘાતક છે ? તેથી કહે છે –

ચિત્તના વિક્ષેપો જ ધ્યાનના પ્રતિબંધક છે=વ્યાઘાતક છે.

આનાથી એ ફલિત થાય કે જેઓ અપ્રમાદભાવથી સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે, તેઓ સંયમની ક્રિયાના કાળમાં ભગવાનના વચનનું સ્મરણ કરે છે, અને ભગવાનનું વચન સર્વ ઉદ્યમથી વીતરાગ થવા માટે સર્વ ઉચિત ક્રિયાઓ બતાવે છે; અને તે સર્વ ઉચિત ક્રિયાઓ જે રીતે ભગવાને બતાવેલ છે, તે પ્રમાણે કરવા ધૃતિપૂર્વક જે સાધુઓ યત્ન કરે છે, તે સાધુઓના મન-વચન-કાયાના યોગો સંસારભાવથી નિરોધ પામીને શુદ્ધ આત્મભાવ તરફ જવાને અનુકૂળ યત્નવાળા છે. તેથી તેઓની તે સંયમની ક્રિયા શુદ્ધ આત્મભાવના ધ્યાનની પ્રાપ્તિને અનુકૂળ છે, અને જે સાધુઓના ચિત્તમાં સંયમની ક્રિયાના કાળમાં પણ વિક્ષેપો વર્તે છે અર્થાત્ ભગવાનના વચનાનુસાર વિધિમાં સુદૃઢ વ્યાપાર થતો નથી, અને તેથી ચિત્ત શુદ્ધ આત્મભાવને અભિમુખ જતું નથી, પરંતુ બાહ્ય પદાર્થોનાં નિમિત્તોથી ચિત્ત વિક્ષેપવાળું છે. તે ચિત્તના વિક્ષેપો જ શુદ્ધ આત્મભાવમાં જવા માટે પ્રતિબંધક છે.

આ રીતે વ્યવહારનયને અભિમત સંયમની શુદ્ધ ક્રિયા વ્યુત્થાનદશારૂપ નથી, એમ ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું. હવે તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

**ધ્યાનાંતરના આરંભમાં એક ધ્યાનનું અંતર :-**

જે સાધકો નિર્વિકલ્પ દશારૂપ ધ્યાનમાં સદા સંસ્થિત રહી શકતા નથી, તેવા સાધકો પણ નિર્વિકલ્પ દશામાં જવાને અનુકૂળ ધ્યાનની શક્તિનો સંચય કરવા અર્થે કોઈક વખતે ધ્યાનમાં યત્ન કરે, ત્યારપછી ફરી ધ્યાનાન્તરનો આરંભ કરે, તે વખતે એક ધ્યાનનું અંતર રહે છે; તોપણ પ્રથમ ધ્યાન કર્યા પછી બીજા ધ્યાનના આરંભને અનુકૂળ એવો શક્તિસંચય કરવા માટે અનુપ્રેક્ષા કરે છે. તે અનુપ્રેક્ષા પણ નવા ધ્યાનના આરંભમાં સહાયક છે, તેથી જો વ્યવહારનયને અભિમત શાસ્ત્રાનુસારી ક્રિયાને વ્યુત્થાનદશા સ્વીકારવામાં આવે, તો જેઓ એક ધ્યાન કર્યા પછી ફરી ધ્યાનાન્તરમાં જવા માટે યત્ન કરતા હોય, તેઓના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાનાંતરમાં જવાના કરાતા યત્નરૂપ સમાધિના પ્રારંભને પણ વ્યુત્થાનદશા સ્વીકારવાની આપત્તિ આવે.

વસ્તુતઃ જેમ સમાધિની પ્રારંભની ભૂમિકા સમાધિમાં જવાને અનુકૂળ છે, પરંતુ સમાધિમાં જવાને પ્રતિકૂળ નથી, તેથી વ્યુત્થાનદશા છે, તેમ કહી શકાય નહિ; તેમ વ્યવહારનયની ક્રિયા પણ સમાધિમાં જવાને અનુકૂળ છે, પરંતુ સમાધિમાં જવાને પ્રતિકૂળ નથી, તેથી વ્યુત્થાનદશા છે તેમ કહી શકાય નહિ.

જેમ આદ્યભૂમિકાના સાધકો સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ સુદૃઢ વ્યાપારથી કરે છે, તેમ જે સાધકો તે ક્રિયાઓથી કંઈક સંપન્ન થયા છે અને તે ક્રિયાઓના અત્યંત સેવનને કારણે મૈત્રી આદિ ચાર ભાવોથી પરિકર્મિત જેઓની બુદ્ધિ થઈ છે, તેવા યોગીઓ આત્મમાત્રમાં પ્રતિબંધરૂપ નિર્વિકલ્પ સમાધિને પ્રગટ કરવા અર્થે અવસરે ધ્યાનાન્તરનો આરંભ કરે છે અર્થાત્ નિર્વિકલ્પ ધ્યાન કરતાં પૂર્વ ભૂમિકાના ધ્યાનનો આરંભ કરે છે, અને તે ધ્યાનાન્તરકાળમાં ધ્યાનની સંતતિ વર્તતી નથી, પરંતુ એક ધ્યાન કર્યા પછી કંઈક અંતરથી અન્ય ધ્યાનનો પ્રારંભ થાય છે. તેથી આ ધ્યાનાન્તરના આરંભની ક્રિયા પણ નિર્વિકલ્પ ધ્યાન સદૃશ આત્મમાત્રમાં પ્રતિબંધરૂપ નથી, આમ છતાં, આત્મમાત્રમાં પ્રતિબંધરૂપ નિર્વિકલ્પ ધ્યાનને અનુકૂળ છે, માટે આ ધ્યાનની ક્રિયાને વ્યુત્થાનદશા કહેવાય નહિ. તે રીતે વ્યવહારનયને અભિમત સંયમની ક્રિયાને પણ વ્યુત્થાનદશા કહેવાય નહિ.

વળી જો વ્યવહારનયને સંમત સંયમની ક્રિયા ક્રમસર તે તે આચારોમાં પ્રવર્તતા ચિત્તરૂપ હોવાથી ધ્યાનના પ્રતિબંધકરૂપે સ્વીકારવામાં આવે તો, સમાધિના પ્રારંભરૂપ ધ્યાનાન્તરના આરંભમાં પણ વ્યુત્થાનદશા સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે સમાધિના પ્રારંભરૂપ ધ્યાનાન્તરના આરંભમાં પણ શુદ્ધ આત્મભાવમાં વિશ્રાંતિરૂપ ધ્યાનની સંતતિ નથી; પરંતુ એક ધ્યાન કર્યા પછી બીજા ધ્યાનનો પ્રારંભ કરવા માટે તદ્અભિમુખ અનુપ્રેક્ષાદિમાં યત્ન થાય છે. માટે જ્યાં ચિત્ત ક્રમસર વિષયાન્તરને સ્પર્શતું હોય ત્યાં વ્યુત્થાનદશા છે, તેમ સ્વીકારીને ધ્યાનને અનુકૂળ એવી સંયમની ક્રિયાને પણ વ્યુત્થાન છે તેમ કહેવામાં આવે અને ધ્યાનની વિરોધી છે તેમ કહેવામાં આવે તો સમાધિમાં જવાને અનુકૂળ ધ્યાનાન્તરના આરંભમાં પણ વ્યુત્થાનદશા છે તેમ સ્વીકારવાની આપત્તિ આવે અને ધ્યાનાન્તરના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરંભને ધ્યાનનો વિરોધી માનવો પડે, માટે વ્યવહારનયને અભિમત ક્રિયામાં વ્યુત્થાનદશા છે, એ પ્રકારનું દિગંબરનું વચન અકિંચિત્કર છે.

**સારાંશ :-**

❖ અસંગઅનુષ્ઠાનવાળા યોગીઓ નિર્વિકલ્પદશામાં વર્તતા હોય છે ત્યારે, આત્મમાત્રમાં પ્રતિબંધરૂપ ધ્યાનની સંતતિ ચાલે છે, અને તે વખતના તેમના ચિત્તમાં મૈત્રી આદિ ભાવોનો નાશ છે અર્થાત્ મૈત્રી આદિ ભાવોથી રહિત તેમનું ચિત્ત છે.

❖ નિર્વિકલ્પ ભૂમિકાને નહિ પામેલા અને તે ભૂમિકામાં જવા તત્પર થયેલા યોગીઓ અવસરે ધ્યાનમાં યત્ન કરે છે ત્યારે, તેઓને ધ્યાનની સંતતિ વર્તતી નથી, પરંતુ એક ધ્યાન પછી અન્ય ધ્યાનનું અંતર વર્તે છે; અને તેઓનું ચિત્ત મૈત્રી આદિ ભાવોથી પરિકર્મિત છે, તેથી મૈત્રી આદિ ભાવોથી અન્યથા ભાવોનો ચિત્તમાં લેશથી પણ સ્પર્શ નથી.

❖ બીજા પ્રકારના યોગીઓ કરતાં તેની પૂર્વની ભૂમિકાવાળા સાધુઓ સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ ચિત્તના વિક્ષેપના પરિહારપૂર્વક શાસ્ત્રવચનથી નિયંત્રિત થઈને કરે છે. તેઓનું ચિત્ત મૈત્રી આદિ ભાવોથી વાસિત છે, તોપણ મૈત્રી આદિ ભાવોથી પરિકર્મિત થયેલું નથી.

આ ત્રણે પ્રકારના સાધકો વ્યુત્થાનદશાવાળા નથી, પરંતુ જેઓની સંયમની ક્રિયામાં ચિત્તના વિક્ષેપો વર્તે છે, તેઓ વ્યુત્થાનદશાવાળા છે. **॥૩૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૬માં કહેલું કે શુભઉપયોગ અને શુદ્ધઉપયોગનું મોક્ષરૂપ ફળ પ્રત્યે તુલ્યકક્ષપણું નથી, એ પ્રમાણે દિગંબરો કહે છે, તે ઉચિત નથી; અને તેનું અત્યાર સુધી નિરાકરણ કર્યું. હવે તેઓનું કથન ભ્રાંતરૂપ છે, તે સ્પષ્ટ બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**विचित्रत्वमनालोच्य बकुशत्वादिना श्रुतम् ।**
**दीक्षाशुद्धैकरूपेण वृथा भ्रान्तं दिगम्बरैः ।।३१।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

बकुशत्वादिना=બકુશપણાદિ સ્વરૂપે श्रुतम्=સંભળાયેલા विचित्रत्वम्=વિચિત્રપણાનું अनालोच्य=અનાલોચન કરીને, दिगम्बरैः=દિગંબરો दीक्षाशुद्धैकरूपेण वृथा भ्रान्तं=દીક્ષાનાં શુદ્ધ એકરૂપથી વૃથા ભ્રાંત છે=દીક્ષા શુદ્ધ એકરૂપ છે, પરંતુ તરતમતાથી અનેક ભૂમિકાવાળી નથી, એ પ્રકારની વૃથા ભ્રાન્તિને ધારણ કરે છે. ॥૩૧॥

**શ્લોકાર્થ :-**

**બકુશપણાદિ સ્વરૂપે સંભળાયેલા વિચિત્રપણાનું અનાલોચન કરીને દિગંબરો દીક્ષાના શુદ્ધએકરૂપથી વૃથા ભ્રાંત છે=દીક્ષા શુદ્ધ એકરૂપ છે, પરંતુ તરતમતાથી અનેક ભૂમિકાવાળી નથી, એ પ્રકારની વૃથા ભ્રાન્તિને ધારણ કરે છે. ॥૩૧॥**

**ટીકા :-**

विचित्रत्वमिति-बकुशत्वादिना श्रुतं=प्रवचनादाकर्णितं, विचित्रत्वमनालोच्य दीक्षाया यच्छुद्धमेकं रूपं परमोपेक्षामात्रलक्षणं तेन वृथा दिगम्बरैर्भ्रान्तं, यैः प्रतिक्षिप्यते व्यवहारकाले दीक्षापारम्यं । शुद्धदीक्षाकारणावलम्बने उपरितनोत्कर्षाभावेऽपि दीक्षामात्राप्रतिक्षेपे च धर्मोपकरणधरणेऽपि तेषां तदव्याघातः स्यात्, बुद्धिपूर्वक-ममत्वपरिहारस्याप्याहारादिग्रहणवदुपपत्तेरित्यन्यत्र विस्तरः ॥३१॥

**ટીકાર્થ :-**

बकुशत्वादिना ..... पारम्यम् । **બકુશત્વાદિથી વિચિત્રપણું પ્રવચનથી સંભળાયેલું છે, તેનું અનાલોચન કરીને દીક્ષાનું પરમઉપેક્ષામાત્રરૂપ જે શુદ્ધએકરૂપ છે તેનાથી દિગંબરો વૃથા ભ્રાંત છે. જેઓ વડે વ્યવહારકાળમાં દીક્ષાનું પરમપણું પ્રતિક્ષેપ કરાય છે.**

પૂર્વમાં સ્થાપન કર્યું કે દિગંબરો દીક્ષાને શુદ્ધએકરૂપ માને છે, તે તેઓની માન્યતા ભ્રાંતિરૂપ છે. વળી તેઓ શુદ્ધઉપયોગરૂપ દીક્ષાને મોક્ષનું કારણ સ્વીકારે છે અને શુભઉપયોગરૂપ દીક્ષાને મોક્ષનું કારણ સ્વીકારતા નથી, તે ઉચિત નથી. હવે તેઓ શુદ્ધઉપયોગરૂપ દીક્ષાને મોક્ષનું કારણ સ્વીકારીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુભઉપયોગરૂપ દીક્ષાને શુદ્ધ દીક્ષાનું કારણ સ્વીકારે છે, તે રીતે શુભઉપયોગમાં પણ દીક્ષામાત્રનો અપ્રતિક્ષેપ દિગંબરના મતે પ્રાપ્ત થાય છે, તેથી જે રીતે શુભઉપયોગમાં તેઓ દીક્ષાનો સ્વીકાર કરે છે, તે રીતે ધર્મનાં ઉપકરણોનો પણ તેઓએ દીક્ષાનો સ્વીકાર કરવો જોઈએ, તે યુક્તિથી બતાવે છે –

**शुद्धदीक्षा ..... विस्तरः ।। શુદ્ધ દીક્ષાના કારણના અવલંબનમાં=પરમ ઉપેક્ષારૂપ શુદ્ધ દીક્ષાના કારણભૂત શુભઉપયોગરૂપ દીક્ષા છે એ પ્રકારના અવલંબનમાં, ઉપરિતન ઉત્કર્ષનો અભાવ હોવા છતાં પણ=શુભઉપયોગ-કાલીન દીક્ષામાં શુદ્ધઉપયોગકાલીન એવો ઉપરિતન ઉત્કર્ષનો અભાવ હોવા છતાં પણ, દીક્ષામાત્રનો અપ્રતિક્ષેપ હોતે છતે=શુદ્ધઉપયોગ અને શુભઉપયોગ એ બન્નેમાં દીક્ષામાત્રનો અપ્રતિક્ષેપ હોતે છતે, ધર્મઉપકરણના ધારણમાં પણ તેઓને=દિગંબરોને, તેનો અવ્યાઘાત થાય=દીક્ષાનો અવ્યાઘાત થાય; કેમ કે બુદ્ધિપૂર્વક મમત્વના પરિહારની પણ=ધર્મઉપકરણમાં બુદ્ધિપૂર્વક મમત્વના પરિહારની પણ, આહારાદિગ્રહણની જેમ ઉપપત્તિ છે, એ પ્રકારે અન્યત્ર વિસ્તાર છે=અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથમાં વિસ્તાર છે. ॥૩૧॥**

✤ बकुशत्वादि માં 'आदि' પદથી કુશીલપણાદિનું ગ્રહણ કરવું.

✤ उपरितनोत्कर्षाभावेऽपि दीक्षामात्राप्रतिक्षेपे માં 'अपि' થી એ કહેવું છે કે શુભઉપયોગરૂપ દીક્ષામાં શુદ્ધઉપયોગ સદૃશ ઉત્કર્ષનો અભાવ ન હોય તો તો દીક્ષાનો અપ્રતિક્ષેપ છે, પરંતુ શુભઉપયોગરૂપ દીક્ષામાં શુદ્ધઉપયોગ સમાન ઉત્કર્ષનો અભાવ હોવા છતાં પણ દીક્ષામાત્રનો અપ્રતિક્ષેપ છે.

✤ धर्मोपकरणेऽपि માં 'अपि' થી એ કહેવું છે કે દિગંબરોના મતાનુસાર ધર્મઉપકરણના અધારણમાં તો દીક્ષામાત્રનો અવ્યાઘાત છે, પરંતુ જો તેઓ શુદ્ધ દીક્ષાના કારણરૂપે શુભઉપયોગને સ્વીકારતા હોય તો શુદ્ધ દીક્ષાના કારણરૂપે ધર્મઉપકરણના ધારણમાં પણ દીક્ષામાત્રનો અવ્યાઘાત પ્રાપ્ત થાય.

✤ बुद्धिपूर्वकममत्वपरिहारस्याप्याहारादिग्रहणवदुपत्तेः માં 'अपि' થી એ કહેવું છે કે ધર્મઉપકરણના ધારણમાં મમત્વના અપરિહારની તો ઉપપત્તિ છે, પરંતુ બુદ્ધિપૂર્વક મમત્વના પરિહારની પણ આહારાદિગ્રહણની જેમ ઉપપત્તિ છે.

✤ आहारादिग्रहणवदुपपत्तेः માં 'आदि' પદથી શરીરનું ગ્રહણ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**શુદ્ધઉપયોગ અને શુભઉપયોગરૂપ દીક્ષાનું તુલ્યકક્ષપણું નથી, એ પ્રમાણે કહેનાર દિગંબરની ભ્રાંતિનું ગ્રંથકારશ્રી દ્વારા નિરાકરણ :-**

પ્રવચનમાં પાંચ પ્રકારના નિર્ગ્રંથ કહેવાયા છે. તેથી એ પ્રાપ્ત થાય કે સાધુ રાગ-દ્વેષની ગ્રંથિનો ઉચ્છેદ કરનારા હોવાથી નિર્ગ્રંથ છે અર્થાત્ રાગ-દ્વેષની ગ્રંથિને ભેદી રહ્યા છે. માટે જે ભેદાતું હોય તે ભેદાયેલું છે, તેથી રાગ-દ્વેષની ગ્રંથિ વગરના છે; આમ છતાં રાગ-દ્વેષના ત્યાગરૂપ સમતાનો પરિણામ તરતમતાથી અનેક પરિણામવાળો છે, જેને આશ્રયીને શાસ્ત્રમાં બકુશાદિ પાંચ નિર્ગ્રંથો કહ્યા છે; આ શાસ્ત્રવચનનું આલોચન કર્યા વગર દિગંબરો દીક્ષાને પરમ ઉપેક્ષારૂપ માત્ર સ્વીકારે છે, તે તેમની ભ્રાંતિ છે.

દિગંબરોનો આશય એ છે કે વીતરાગ સંસારના સર્વ ભાવો પ્રત્યે પરમ ઉપેક્ષાવાળા હોય છે, તેથી જેઓને વીતરાગ થવું હોય તેણે જગતના તમામ ભાવો પ્રત્યે પરમ ઉપેક્ષાવાળા થઈને આત્મમાત્રમાં પ્રતિબંધ ધારણ કરવારૂપ શુદ્ધઉપયોગમાં વર્તવું જોઈએ. તેથી જેઓ તે પ્રકારના શુદ્ધઉપયોગમાં વર્તે છે, તેઓ સર્વ યત્નથી મોક્ષને અનુકૂળ ઉદ્યમ કરનારા છે; અને દીક્ષા એ સર્વ યત્નથી મોક્ષને અનુકૂળ ઉદ્યમ કરવા સ્વરૂપ છે, માટે શુદ્ધઉપયોગરૂપ દીક્ષા મોક્ષનું કારણ છે, શુભઉપયોગરૂપ દીક્ષા નહિ. આમ કહીને દિગંબરો શુદ્ધઉપયોગને અને શુભઉપયોગને મોક્ષ પ્રત્યે તુલ્ય કક્ષાવાળા સ્વીકારતા નથી.

વસ્તુતઃ ભગવાનના પ્રવચનમાં મોક્ષનું કારણ સર્વ ભાવો પ્રત્યે સમભાવનો પરિણામ માન્ય છે, અને સમભાવનો પરિણામ જેઓમાં હોય તેઓ નિર્ગ્રંથ છે; પરંતુ સમભાવના પરિણામને ધારણ કરનાર નિર્ગ્રંથો પણ તરતમતાના પરિણામથી પાંચ ભેદવાળા શ્રુતમાં પ્રસિદ્ધ છે. તેથી જેઓ આદ્ય ભૂમિકાવાળા બકુશ, કુશીલ છે, તેઓ પિશાચિકી વાર્તાને સાંભળીને કે કુળવધૂના દૃષ્ટાંતને સાંભળીને અપ્રમાદભાવથી ભગવાનના વચનાનુસાર ક્રિયાઓમાં યત્ન કરે છે, તેઓ પરમ ઉપેક્ષારૂપ સંયમને પામ્યા નથી અર્થાત્ અસંગઅનુષ્ઠાનને પામ્યા નથી, તોપણ સમભાવના પરિણામને ધારણ કરીને વીતરાગતા તરફ જનાર છે. તેથી પરમ ઉપેક્ષામાં જેઓ વર્તે છે, તેઓમાં મોક્ષને અનુકૂળ દીક્ષા છે, આદ્ય ભૂમિકાવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવહારની આચરણાકાળમાં જેઓ ઉદ્યમ કરે છે, તેઓમાં દીક્ષાનું પરમપણું નથી, એમ જો દિગંબર કહે છે, તે તેમનો ભ્રમ છે.

વસ્તુતઃ જેઓ સંસારથી વિરક્ત છે અને સર્વ ઉદ્યમથી મોહના ઉન્મૂલનને અર્થે શાસ્ત્રાનુસારી ક્રિયા કરે છે, તેઓમાં દીક્ષાનું પારમ્ય છે. ફક્ત પ્રારંભિક કક્ષામાં તે દીક્ષાનું પારમ્ય ઉપરિતન ભૂમિકાની અપેક્ષાએ ન્યૂન છે; પરંતુ તેટલામાત્રથી દીક્ષાનું પારમ્ય ન સ્વીકારીએ તો પરમ ઉપેક્ષાવાળા મુનિઓમાં કેવળીના વીતરાગભાવથી ન્યૂનતા છે, માટે શુદ્ધઉપયોગવાળા મુનિમાં પણ મોક્ષને અનુકૂળ પરમ દીક્ષા નથી, તેમ માનવાનો પ્રસંગ આવે.

આનાથી એ ફલિત થાય કે સર્વ ઉદ્યમથી સ્વભૂમિકા અનુસાર ધર્મમાં ઉદ્યમ કરનાર શ્રાવકમાં પરમ દીક્ષા નથી; કેમ કે પ્રતિમાધારણકાળમાં પણ તે શ્રાવકે આજીવન સંસારના ભોગોનો ત્યાગ કરીને માત્ર સમભાવની વૃદ્ધિમાં ઉદ્યમ કરવાનો સ્વીકાર કર્યો નથી; જ્યારે દીક્ષા લેનાર વિવેકી સાધુ તો દીક્ષાના પ્રારંભકાળથી જ સુખ-દુઃખ, જીવન-મૃત્યુ, શત્રુ-મિત્ર સર્વ પ્રત્યે સમભાવને ધારણ કરીને સમભાવની વૃદ્ધિના એકમાત્ર ઉપાયભૂત જિનવચનાનુસાર સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે. તેથી તેવા સાધુને તો મોક્ષને અનુકૂળ દીક્ષાનું પારમ્ય છે જ.

**શુભઉપયોગરૂપ દીક્ષા શુદ્ધદીક્ષાનું કારણ છે તેમ વસ્ત્રાદિ ધર્મોપકરણ પણ શુદ્ધદીક્ષાનું કારણ હોવાથી વસ્ત્રાદિ ધારણમાં દીક્ષાનો અવ્યાઘાત :-**

આ રીતે શુદ્ધઉપયોગ અને શુભઉપયોગ બન્નેમાં દીક્ષાનું પારમ્ય સમાન છે, તેમ ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યુ. હવે દિગંબરો કહે છે કે શુદ્ધઉપયોગરૂપ જે દીક્ષા છે, તે દીક્ષાનું કારણ શુભઉપયોગરૂપ દીક્ષા છે. દિગંબરની તે માન્યતાને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

શુદ્ધઉપયોગરૂપ દીક્ષાના કારણભૂત શુભઉપયોગરૂપ દીક્ષા છે એમ સ્વીકારીને, શુભઉપયોગરૂપ દીક્ષામાં શુદ્ધઉપયોગરૂપ દીક્ષા જેવો ઉત્કર્ષ નહિ હોવા છતાં પણ દીક્ષામાત્ર બન્નેમાં સમાન છે=શુદ્ધઉપયોગમાં પણ દીક્ષા છે અને શુભઉપયોગમાં પણ દીક્ષા છે, એ પ્રકારે દીક્ષામાત્રનો જો દિગંબરો અપ્રતિક્ષેપ કરતા હોય, તો ધર્મના ઉપકરણમાં પણ તેઓને શુદ્ધ દીક્ષાનો કારણભાવ સ્વીકારવામાં અવ્યાઘાત થાય; કેમ કે જેમ દીક્ષામાં વર્તતા શુભઉપયોગના બળથી સાધક ક્રમે કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધઉપયોગને પ્રાપ્ત કરે છે, તેમ દિગંબરો સ્વીકારે છે; તેની જેમ ધ્યાનાદિમાં યત્ન કરનારા સાધુ શીતાદિ પરિષહથી ધર્મધ્યાનમાં વ્યાઘાત પામતા હોય ત્યારે, ધર્મ ઉપકરણના બળથી શીતાદિનો પરિહાર કરીને ધર્મધ્યાનાદિમાં ઉદ્યમ કરી શકે છે. તેથી એ ફલિત થાય કે જેમ શુભઉપયોગરૂપ દીક્ષા શુદ્ધ દીક્ષાનું કારણ છે, માટે શુભઉપયોગવાળી દીક્ષાને પણ દીક્ષા કહી શકાય; તેમ શુદ્ધઉપયોગરૂપ દીક્ષાની પ્રાપ્તિમાં વસ્ત્રાદિ ધર્મઉપકરણ કારણ છે, માટે વસ્ત્રાદિ ધારણ કરનારને પણ દીક્ષા છે, તેમ સ્વીકારી શકાય.

**આહારાદિગ્રહણમાં બુદ્ધિપૂર્વક મમત્વના પરિહારની જેમ ધર્મોપકરણમાં બુદ્ધિપૂર્વક મમત્વના પરિહારની ઉપપત્તિ :-**

અહીં દિગંબરો કહે કે વસ્ત્રને ગ્રહણ કરવામાં મમત્વ થવાનો સંભવ છે; અને મમત્વનો પરિણામ સમભાવનો વિરોધી છે, તેથી વસ્ત્રાદિગ્રહણમાં દીક્ષાનો સ્વીકાર કરી શકાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે કે જેમ દિગંબર સાધુ આહારને ગ્રહણ કરે છે અને શરીરને ધારણ કરે છે, છતાં આહારમાં અને શરીરમાં બુદ્ધિપૂર્વક મમત્વનો પરિહાર કરે છે; તેમ ધર્મધ્યાનમાં સહાયક એવાં ધર્મ ઉપકરણ ગ્રહણ કરવામાં વિવેકી સાધુ બુદ્ધિપૂર્વક મમત્વનો પરિહાર કરી શકે છે માટે ધર્મઉપકરણ દીક્ષામાં વિરોધી નથી, તેમ દિગંબરોએ સ્વીકારવું જોઈએ. આ વિષયમાં ગ્રંથકારશ્રીએ અધ્યાત્મમતપરીક્ષામાં ઘણો વિસ્તાર કર્યો છે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૪ સુધી ગ્રંથકારશ્રીએ દીક્ષાનું સ્વરૂપ બતાવ્યું અને શ્લોક-૨૫માં કહ્યું કે આ દીક્ષા શુદ્ધઉપયોગરૂપ છે અર્થાત્ શુદ્ધ આત્માના સ્વરૂપમાં વર્તતા જીવના ઉપયોગસ્વરૂપ છે. ત્યાં શુદ્ધઉપયોગરૂપ દીક્ષા જુદી છે અને શુભઉપયોગરૂપ દીક્ષા જુદી છે, એ પ્રકારના દિગંબરના વચનનું સ્મરણ થયું, અને દિગંબરો શુદ્ધઉપયોગરૂપ દીક્ષાને મોક્ષનું કારણ કહે છે અને શુભઉપયોગરૂપ દીક્ષાને શુદ્ધઉપયોગરૂપ દીક્ષાતુલ્ય મોક્ષનું કારણ સ્વીકારતા નથી, તેનું ઉદ્‌ભાવન કરીને શ્લોક-૨૬થી અત્યાર સુધી સ્થાપન કર્યું કે શુભઉપયોગરૂપ દીક્ષા કે શુદ્ધઉપયોગરૂપ દીક્ષા પરમાર્થથી શુદ્ધ આત્માના**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગસ્વરૂપ જ છે, તેથી બન્ને મોક્ષનું કારણ છે. હવે તે સર્વ કથનનું નિગમન કરતાં કહે છે –

**શ્લોક :-**

**चित्रा क्रियात्मना चेयमेका सामायिकात्मना ।**

**तस्मात् समुच्चयेनार्यैः परमानन्दकृन्मता ।।३२।।**

**અન્વયાર્થ :-**

च=અને इयम्=આ=સદ્દીક્ષા, क्रियात्मना चित्रा=ક્રિયાત્મના ચિત્ર છે. सामायिकात्मना एका=સામાયિકાત્મના એક છે तस्मात्=તે કારણથી=ક્રિયા અને સમભાવના પરિણામરૂપ જ્ઞાનસ્વરૂપ દીક્ષા હોવાથી, समुच्चयेन= સમુચ્ચયથી=જ્ઞાન-ક્રિયાના તુલ્યબળથી, आर्यैः=આર્યો વડે=શિષ્ટ પુરુષો વડે, परमानन्दकृन्मता=પરમાનંદને કરનારી મનાઈ છે=સદ્દીક્ષા પરમાનંદરૂપ મોક્ષને કરનારી મનાઈ છે. ।।૩૨।।

**શ્લોકાર્થ :-**

**અને આ=સદ્દીક્ષા, ક્રિયાત્મના ચિત્ર છે, સામાયિકાત્મના એક છે. તે કારણથી=ક્રિયા અને સમભાવના પરિણામરૂપ જ્ઞાનસ્વરૂપ દીક્ષા હોવાથી, સમુચ્ચયથી=જ્ઞાન-ક્રિયાના તુલ્યબળથી, આર્યો વડે=શિષ્ટ પુરુષો વડે પરમાનંદને કરનારી મનાઈ છે=સદ્દીક્ષા પરમાનંદરૂપ મોક્ષને કરનારી મનાઈ છે. ।।૩૨।।**

**ટીકા :-**

चित्रेति-क्रियात्मना चेयं=सद्दीक्षा, चित्रा=नानाप्रकारा, सामायिकात्मना= समतापरिणामेन, एका, तस्मात्समुच्चयेन=ज्ञानक्रिययोस्तुल्यबलत्वेन, आर्यैः=शिष्टैः, परमानन्दकृन्मता ।।३२।।

**ટીકાર્થ :-**

क्रियात्मना ..... परमानन्दकृन्मता ।। અને આ=સદ્દીક્ષા, ક્રિયાત્મના ચિત્ર છે=અનેક પ્રકારની છે, અને સામાયિકાત્મના=સમતાના પરિણામથી એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**છે. તે કારણથી=ક્રિયા અને સમભાવના પરિણામરૂપ જ્ઞાનસ્વરૂપ દીક્ષા હોવાથી, સમુચ્ચયથી=જ્ઞાન-ક્રિયાના તુલ્યબળથી, આર્યો વડે=શિષ્ટ પુરુષો વડે પરમાનંદને કરનારી મનાઈ છે=સદ્દીક્ષા મોક્ષસુખને કરનારી મનાઈ છે. ॥૩૨॥**

**ભાવાર્થ :-**

**સામાયિકના પરિણામરૂપ સદ્દીક્ષા એકરૂપ હોવા છતાં ભૂમિકાના ભેદથી સદ્દીક્ષા ચિત્ર પ્રકારની ક્રિયાસ્વરૂપ :-**

શાસ્ત્રમાં, દીક્ષા બકુશપણાદિરૂપ ચિત્ર પ્રકારે છે, તેમ પૂર્વશ્લોકમાં કહેવાયેલ છે. તેથી એ ફલિત થાય કે દીક્ષા લેનારા નિર્ગ્રંથો છે અર્થાત્ સમભાવના પરિણામવાળા છે; કેમ કે નિર્ગ્રંથ શબ્દની વ્યુત્પત્તિ એ છે કે ચાલ્યો ગયો છે ગ્રંથ જેમાંથી=રાગ-દ્વેષનો પરિણામ જેમાંથી, તે નિર્ગ્રંથ છે, અને તેઓ બકુશપણાદિ પાંચ ભેદોવાળા છે.

આ કથનથી એ ફલિત થાય કે પાંચ પ્રકારના નિર્ગ્રંથો કહેવાથી તેઓ પાંચેય રાગ-દ્વેષના પરિણામ વગરના છે, માટે સામાયિકના પરિણામવાળા છે, તેથી નિર્ગ્રંથ છે; અને બકુશના આચારાદિ, કુશીલના આચારાદિ દરેકના આચારોથી ચિત્ર પ્રકારે નિર્ગ્રંથો છે. તેથી દરેક જીવ પોતપોતાની ભૂમિકા પ્રમાણે જુદી જુદી ક્રિયાઓ કરનારા સદ્દીક્ષાવાળા છે, અને સદ્દીક્ષાવાળા સર્વ જીવો સમતાના પરિણામરૂપ એક સામાયિકના પરિણામવાળા છે. આમ છતાં દરેકની સમતાનો પરિણામ ક્ષયોપશમભાવની તરતમતાથી જુદો હોવા છતાં, સમતાના પરિણામરૂપે એક છે. આથી દીક્ષાના પ્રારંભકાળમાં જે સાધુઓ શાસ્ત્રવચનના ઉપયોગથી સર્વ પ્રવૃત્તિ કરે છે, તેઓ શત્રુ-મિત્ર, સુખ-દુઃખ, જીવન-મૃત્યુ પ્રત્યે સમભાવવાળા છે. ફક્ત તે સમભાવ તરતમતાના ભેદથી પ્રકૃતિરૂપે સ્થિર થયેલ છે, તેથી નિર્ગ્રંથોના ભેદ છે, અને સમભાવ સ્થિર કરવા માટે અને અતિશયિત કરવા માટે તે તે સાધુઓ સ્વ-સ્વ ભૂમિકા અનુસાર ક્રિયાઓ કરે છે. તેથી સદ્દીક્ષાવાળા સર્વ સાધુ એક ક્રિયા કરતા નથી.

આ કથનથી દિગંબરો જે કહે છે કે "શુદ્ધઉપયોગરૂપ દીક્ષા પરમદીક્ષા છે અને તે દીક્ષા આત્મમાત્રમાં પ્રતિબંધરૂપ ધ્યાનમાં ઉદ્યમ કરનારા સાધુઓને છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને શુભઉપયોગવાળા સાધુઓને પરમદીક્ષા નથી," તેનું નિરાકરણ થઈ જાય છે; કેમ કે સામાયિકના પરિણામરૂપ સદ્દીક્ષા એક હોવા છતાં ભૂમિકાના ભેદથી સદ્દીક્ષા ચિત્ર પ્રકારની ક્રિયાસ્વરૂપ છે, તેથી આદ્ય ભૂમિકાવાળા સાધુ સમભાવના પરિણામવાળા છે અને સ્વભૂમિકા અનુસાર સંયમની ક્રિયાઓ કરે છે અને ઉપરિતન ભૂમિકાવાળા સાધુ સમભાવના પરિણામવાળા છે અને સ્વભૂમિકા અનુસાર આત્મમાત્રમાં પ્રતિબંધને ધારણ કરીને ધ્યાનમાં યત્ન કરે છે, તેથી પ્રારંભિક ભૂમિકાવાળા કે ઉપરિતન ભૂમિકાવાળા સાધુની ક્રિયાનો ભેદ હોવા છતાં સમભાવના પરિણામથી તે સર્વની દીક્ષા મોક્ષફળને સાધનારી હોવાથી તુલ્ય કક્ષાવાળી છે.

**જ્ઞાન-ક્રિયાના સમુચ્ચયથી દીક્ષા મોક્ષનું કારણ :-**

વળી આ દીક્ષા જ્ઞાન-ક્રિયાના સમુચ્ચયથી શિષ્ટ પુરુષો વડે મોક્ષનું કારણ મનાઈ છે. તેથી એ ફલિત થાય કે સાધુને મોક્ષના ઉપાયભૂત સમ્યગ્જ્ઞાન, અને તે સમ્યગ્જ્ઞાનથી નિયંત્રિત સમ્યગ્ ક્રિયા, બન્ને પ્રત્યે સમાન પક્ષપાત છે. આથી સાધુઓ માત્ર ક્રિયા કરીને સંતોષ પામતા નથી, કે માત્ર જ્ઞાન મેળવીને સંતોષ પામતા નથી, પરંતુ ભગવાનના વચનના પરમાર્થને જાણવા માટે સર્વ ઉદ્યમ કરે છે, અને જાણ્યા પછી ભગવાનના વચનાનુસાર સમ્યગ્ પ્રવૃત્તિ કરવા માટે સર્વ ઉદ્યમ કરે છે, આથી ગીતાર્થ પણ સાધુ સ્વભૂમિકા અનુસાર ઉત્તર-ઉત્તરના જ્ઞાનમાં ઉદ્યમ કરે છે, અને જ્ઞાન નિષ્પન્ન કરીને તે શ્રુતથી આત્માને વાસિત કરે છે, જેથી શ્રુતથી નિયંત્રિત ઉત્તમ ભૂમિકાના સમભાવના પરિણામની પ્રાપ્તિ થાય, તે તત્ત્વસંવેદનાત્મક જ્ઞાનસ્વરૂપ છે અને આ જ્ઞાનનો પરિણામ જ સામાયિકનો પરિણામ છે અને તે પરિણામની વૃદ્ધિ માટે સ્વભૂમિકા અનુસાર તે મહાત્મા સર્વ ક્રિયા કરે છે, તેથી તે મહાત્મા જ્ઞાન-ક્રિયામાં તુલ્ય પક્ષપાતપૂર્વક ઉદ્યમ કરીને પરમાનંદરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે.

વળી જેઓ અવિરત સમ્યગ્દૃષ્ટિ છે, તેઓ પણ મોક્ષના અર્થી છે. આમ છતાં જ્ઞાન-ક્રિયામાં તુલ્યબળપણાની પ્રવૃત્તિ કરતા નથી; કેમ કે અવિરત સમ્યગ્દૃષ્ટિને ક્રિયાના વ્યત્યયને કરાવનારું ચારિત્રમોહનીયકર્મ ઉદયમાં છે. તેથી પોતાની શક્તિનું સમાલોચન કરીને માત્ર જ્ઞાનમાં સમ્યગ્ યત્ન કરે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેનાથી ભગવાનના વચનના પરમાર્થનો બોધ થાય છે, અને પોતાની ભગવાનના વચન પ્રત્યેની શ્રદ્ધા સ્થિર-સ્થિરતર થાય છે, જેથી ભગવાનના વચનાનુસાર સંયમ પાળીને આત્મહિત સાધવાનો પરિણામ પણ ઉત્કટ થાય છે. આમ છતાં પોતે ભગવાનના વચનાનુસાર ક્રિયાઓ કરી શકે તેવો ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ નહિ હોવાથી ચારિત્રાચારની ક્રિયામાં અવિરત સમ્યગ્દષ્ટિ જીવો યત્ન કરતા નથી; ફક્ત અનંતાનુબંધી કષાયના વિગમનના કારણે પ્રગટ થયેલ ચારિત્રના લેશથી પ્રેરાઈને સુસાધુની ભક્તિ અને વીતરાગની ભક્તિ કરીને અધિક-અધિક ચારિત્રની શક્તિનો સંચય કરે છે. તેથી એ ફલિત થાય કે દીક્ષામાં જ્ઞાન-ક્રિયાનું તુલ્યબળપણું છે, અને અવિરતસમ્યગ્દષ્ટિમાં જ્ઞાન-ક્રિયાનું તુલ્યબળપણું નથી. આથી જ્ઞાન-ક્રિયાના તુલ્ય બળવાળી દીક્ષા પરમાનંદનું કારણ છે. **॥૩૨॥**

## इति दीक्षाद्वात्रिंशिका ।।२८।।

✤ ✦ ✤

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"दीक्षा हि श्रेयसो दानाद्,
अशिवक्षपणात् तथा ।
सा ज्ञानिनो नियोगेन;
ज्ञानिनिश्रावतोऽथवा ॥"

"શ્રેયના દાનથી અને અશિવના
ક્ષપણથી દીક્ષા કહેવાય છે.
તે=દીક્ષા જ્ઞાનીને નિયમથી છે
અથવા જ્ઞાનીની નિશ્રાવાળાને
છે=ગુરુપરતંત્રને છે."


: પ્રકાશક :

गीतार्थ गंगा

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

: મુદ્રક :
સૂર્યા ઓફસેટ
આંબલીગામ, સેટેલાઇટ-બોપલ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૮.
ફોન : (૦૨૭૧૭) ૨૩૦૧૧૨, ૨૩૦૩૬૬

Design by : બોધિદર્શન ગ્રાફિક્સ, અ'વાદ : ૦૯૮૨૫૦૭૪૮૮૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org